સહજાનંદ સ્વામી

અથવા

સ્વામીનારાયણ સંપ્રદાય

કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

સહજાનંદ સ્વામી

અથવા

સ્વામીનારાયણ સંપ્રદાય

કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ

દસ આના

બીજી આવૃત્તિ : ઑગસ્ટ, ૧૯૪

ઇષ્ટદેવ પ્રત્યે
તેજોયુક્તશ્રદ્ધામયી મારી
માતાનું
તથા
સૌજન્ય અને ધૈર્યયુક્ત ભક્તિનિષ્ઠ મારા
પિતાનું
આ એમને અત્યંત પ્રિય લાગત એવું ચરિત્ર
પ્રસિદ્ધ કરતાં પ્રિય અને પાવનકારી
સ્મરણ કરું છું.

અનુક્રમણિકા

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

રામ, કૃષ્ણ ઇત્યાદિનાં અને સહજાનંદ સ્વામીના ચરિત્રની નિરૂપણપદ્ધતિમાં ફરક માલૂમ પડશે. એનાં કારણો નીચે મુજબ છે :

૧. આ ચરિત્ર ત્રણેક વર્ષ પર અમદાવાદમાં ભરાયેલી સાહિત્ય પરિષદ માટે પહેલાં લખ્યું હતું. એ લેખની થોડીએક નકલો મિત્રવર્ગમાં — અને ખાસ કરીને સત્સંગીઓમાં — વંચાઈ હતી, અને તેમની તરફથી એને પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવાની માગણી થયા કરી હતી. ત્યાર પછી શ્રી. ઇન્દુલાલ યાજ્ઞિકે વળી પાછો એમાંનો ઘણોખરો ભાગ 'યુગધર્મ'માં પ્રસિદ્ધ કર્યો; અને મારી જાણ પ્રમાણે, વાચકોને એ લેખ પસંદ પડ્યો. એટલે સહજાનંદ સ્વામીનું ચરિત્ર જાણવાની વાચકોને ઇચ્છા છે એમ મને લાગ્યું. રામ, કૃષ્ણ વગેરેનાં ચરિત્રની મુખ્ય ઘટનાઓ સામાન્ય રીતે આબાલવૃદ્ધ સર્વેએ સાંભળેલી હોય છે, એટલે એ ચરિત્રોનું લંબાણપૂર્વક નિરૂપણ કરવાની જરૂર ઓછી હતી. એમાં તો એ ચરિત્રોને નિહાળવાનું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ કરવાનો પ્રધાન ઉદ્દેશ હતો. સહજાનંદ સ્વામીનું ચરિત્ર 'સત્સંગીઓ'માં પણ ઓછું જાણીતું થતું ચાલ્યું છે; વૃદ્ધ સાધુઓ અને હરિજનોની પરંપરા તૂટતી ચાલી છે. સહજાનંદ સ્વામીના સહવાસમાં આવેલા તો હવે કોઈ રહ્યા જ નથી, અને એવા સહવાસમાં આવેલા હોય તેવાનો સમાગમ કરેલા પણ જૂજ અથવા ભાગ્યે જ રહ્યા છે. સત્સંગની બહાર સહજાનંદ સ્વામી

વિષેનું જ્ઞાન એથીયે ઓછું, અને હોય તે પણ બહુધા સાંપ્રદાયિક અણગમાથી મિશ્રિત હોય છે. આ કારણથી એમનું ચરિત્ર વિશેષ વિગતોવાળું મૂળે લખ્યું હતું તે મોટે ભાગે કાયમ રાખ્યું છે, તથા તેમાં કાંઈક ઉમેરો પણ કર્યો છે.

૨. પણ, બીજી દૃષ્ટિએ એ મૂળ લેખમાં અને આ પુસ્તકમાં ફરક ઘણો છે. તે વખતે મારું ‘શ્રીજી’ પ્રત્યેની ભક્તિનું દૃષ્ટિબિન્દુ અને આજના દૃષ્ટિબિન્દુમાં બહુ ફરક પડી ગયો છે. તે ફરક રામાદિની પ્રસ્તાવનામાં માંડ્યો છે અને આ પુસ્તકમાંયે કેટલેક અંશે નજરે આવશે. આ ફેરવાયલા દૃષ્ટિબિંદુનું નિરૂપણ સત્સંગીઓને રુચિકર થશે કે કેમ એ વિષે મને શંકા તો છે જ. એમને પહેલા લેખનું પુનર્મુદ્રણ અનુકૂળ થાત, પણ એથી હું પોતાને અપ્રામાણિકપણાના આક્ષેપથી મુક્ત કરી શકત નહિ.

૩. તેથી, આ બે કારણોને લીધે આ પુસ્તકમાં જૂના લેખમાં નવા વિચારોનું આરોપણ થવાથી, નિરૂપણપદ્ધતિનો સંકર થયેલો પણ જણાશે.

આટલું જણાવી સંપ્રદાયોને લગતી બેચાર વાતો સ્પષ્ટ કરવી ઉચિત ધારું છું.

ભારતવર્ષના અને અન્ય દેશોના ધર્મોમાં એક ભેદ જાણવા જેવો છે. ભારતવર્ષના સર્વે ધર્મો અને સંપ્રદાયો ‘ગુરુમુખી’ અને ગુરુને જ પરમદેવ માનવાવાળા છે. ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મો ગુરુમુખી ખરા; પણ ગુરુ એ જ પરમદેવ એમ માનવાવાળા નહિ. આનાં કારણ દેખીતાં છે. ભારતવર્ષના ધર્મો વેદ — એટલે જ્ઞાન અથવા અનુભવ — મૂલક છે. એ ધર્મોનું જે કાંઈ તત્ત્વ કે પ્રાપ્ય પદ હોય તે કેવળ

અજ્ઞેય અથવા મરણ પછી પ્રાપ્ય નથી; પણ છતે દેહે અને આત્મપ્રતીતિથી ગમ્ય છે.* હિન્દુધર્મ એવી સ્થિતિ કે એવું વ્યક્તિત્વ નથી સ્વીકારતો કે જે બીજા કોઈ માનવ-દેહધારીને પ્રાપ્ત થઈ શકે જ નહિ.

પણ એ તત્ત્વ કે પદ પ્રાપ્ત કરવાનો માર્ગ ગુરુગમ્ય છે એમ સામાન્યતઃ સ્વીકારાયેલું છે. જેણે એ તત્ત્વ કે પદ પોતે અનુભવ્યું છે, પ્રાપ્ત કર્યું છે તે બીજાને એ પ્રાપ્ત કરાવી શકે, — કરવામાં મદદ આપી શકે. આ રીતે ગુરુ એ પરમ-પદની પ્રાપ્તિમાં અગત્યનું સ્થાન ભોગવે છે. અને તેથી જોકે હિંદુધર્મના સ્થાપક તરીકે કોઈનો નામનિર્દેશ કરી શકાય નહિ, તોપણ ગુરુભેદને લીધે, ગુરુજનોની વિચાર અને સ્થિતિની ભૂમિકાના ભેદને લીધે તથા એમણે પ્રવર્તાવેલી સાધન-પ્રણાલિકાના ભેદને લીધે હિંદુધર્મમાં સંપ્રદાયો અનેક થયા છે. એના અસલ રૂપમાં પ્રત્યેક સંપ્રદાય ગુરુસંપ્રદાય છે; અને આદિગુરુના જેટલા જ અનુભવી ગુરુની પરંપરા ચાલતી રહે, ત્યાં સુધી જ એને વાસ્તવિકપણે જીવંત કહી શકાય છે. જ્યાં એ પરંપરા તૂટે ત્યાં એ સંપ્રદાયનો ખરો અંત આવે.

એમ તો હિન્દુધર્મ પ્રમાણે આખું જગત ઈશાવાસ્ય (ઈશ્વરથી વસાયેલું) છે. અણુ અણુ પ્રભુપૂરિત છે. આખું જગત અને જગતમાંનો એકેએક અણુ ઈશ્વરનું દેવસ્થાન છે. પણ જે સ્થાનકમાં એનું સારામાં સારી રીતે દર્શન થાય — એનું સર્વોત્કૃષ્ટ મંદિર — એ ગુરુમૂર્તિ છે. જગતમાં અત્યન્ત

* આ દૃષ્ટિએ બૌદ્ધ અને જૈનધર્મ પણ વેદધર્મ ગણી શકાય. 'વેદ' નામના ગ્રન્થોને માનનાર નહિ, પણ અનુભવને આધારે રચાયેલા અને અનુભવથી સિદ્ધ કરી શકાય એવા.

વિકસિત પ્રાણી મનુષ્ય છે એ ખરું હોય કે ન હોય, પણ મનુષ્યમાં (નિદાન તે કાળમાં) વિકાસને શિખરે પહોંચેલો પુરુષ ગુરુ જ હોઈ શકે. આ રીતે ઈશ્વરભક્તિ માટે ગુરુ એ પરમ દૈવત ઠરે છે.

આ જ વાતનો વિચાર કરતાં માલૂમ પડશે કે क સદ્‌ગુરુ હોય તો એના શિષ્ય ख નું એ પરમ દૈવત ગણાય; અને ख એવી જ પૂર્ણતાને પામે તો એના શિષ્ય ग નું એ પરમ દૈવત ગણાય; પણ क ન ગણાય. આ રીતે જો અનુભવની પરંપરા ચાલ્યા કરે તો પરમ દૈવત તરીકેની ઉપાસના ઉત્તરોત્તર ઊતરતી જાય, અને એ પરંપરાને क સંપ્રદાયનું નામ આપ્યું હોય તો એ કેવળ ઇતિહાસ સાચવવા પૂરતું જ. આ પ્રકારના સંપ્રદાયોને હિંદુધર્મમાં સ્થાન હોય એ સ્વાભાવિક છે.

પણ આ રીતના સંપ્રદાયમાં કોઈ રીતનું ગૃહીતવાદ-મૂલક (dogmatic) બંધારણ હોઈ શકે નહિ. એ પદ્ધતિમાં અનુભવેચ્છુ સાધક સિવાય બીજા કોઈ શિષ્યો સમાઈ શકે નહિ; અને આ રીતે એક દૃષ્ટિએ એમ પણ કહી શકાય કે વેદ (જ્ઞાન)ધર્મમાં સંપ્રદાયને સ્થાન જ નથી. વાદરહિત, નિરાલમ્બ આત્મપ્રતીતિ અને તજ્જન્ય શાંતિ, એ જ અંતિમ પ્રમાણ. ગુરુપ્રતીતિ અને શાસ્ત્રપ્રતીતિ એ આત્મપ્રતીતિ માટે માર્ગદર્શક અને પૂર્તિકારક, એટલું જ.

પણ એવા અનુભવાર્થી સાધક વિરલ હોય છે. આખા જીવનમાં ગુરુનું સર્વ રહસ્ય પી જઈ શકે એવો એકાદ શિષ્ય મળવો પણ દુર્લભ હોય છે. आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा । आश्चर्यो ज्ञाता कुशलाऽनुशिष्टः । જે માર્ગે પોતાને જીવનનું રહસ્ય સમજાઈ શાંતિ પ્રાપ્ત થઈ, તે માર્ગે સર્વે પ્રાણીઓ વળે

એવી સદ્ગુરુની કરુણાજન્ય સ્વાભાવિક વૃત્તિ હોય છે. પૂર્ણ અધિકારી ન હોય, તોપણ કાળાન્તરે એ અધિકાર પ્રાપ્ત થાય, એવી રીતે લોકોને સન્માર્ગે લગાડી દેવા એવી એમની રુચિ હોય છે. પોતાના શુદ્ધ સત્ત્વમાં એમને પોતાના કાળમાં કઈ વસ્તુની જરૂર છે એનું સ્પષ્ટ દર્શન હોય છે. અને તે વૃત્તિ અને જ્ઞાનથી પ્રેરાઈ પ્રજાનું સામાન્ય હિત થાય, એવા ધર્મમાર્ગનો ઉપદેશ દેવા એ પ્રવૃત્તિ કરતા નજરે આવે છે. આમાંથી પૂર્ણ અધિકારી નહિ છતાં આરુરુક્ષુ શિષ્યોનું મંડળ સ્વાભાવિક રીતે જ એમની આજુબાજુ ભેગું થઈ જાય છે. કેટલેક અંશે ગુરુના જેવી જ જનકલ્યાણની વૃત્તિથી, કેટલેક અંશે સત્કાર્યોમાં લાગી પોતાની ન્યૂનતાઓ ટાળવાની વૃત્તિથી, અને કેટલેક અંશે ગુરુભક્તિથી પ્રેરાઈ ગુરુની વાણી સર્વેને પહોંચાડવા તે સર્વે હોંશભેર કામે લાગી જાય છે; અને આ રીતે એક સંપ્રદાય બની આવે છે.

પછી શિષ્ય સ્વરૂપજ્ઞાનને યોગ્ય થાય એ ઉદ્દેશથી ગુરુ કોઈક પ્રકારનો તે કાળને યોગ્ય સાધનમાર્ગ આંકી કાઢે છે. પણ કાળાન્તરે એવું બને છે કે સ્વરૂપજ્ઞાનનું સાધ્ય ભુલાઈ જાય છે, સાધનમાર્ગનું બાહ્ય સ્વરૂપ ટકી રહે છે, પ્રસંગોપાત્ત સ્વરૂપજ્ઞાન સમજાવવાને જુદી જુદી રીતે કહેલાં વચનો સ્મૃતિમાં જળવાઈ રહે છે, અને જોકે પહેલા શિષ્યોએ જે ભાવનાથી **गुरुः साक्षात् परब्रह्म** એ સ્મૃતિવાક્ય સ્વીકારેલું તે ભાવના તો રહેતી નથી, છતાં બીજી ભાવનાથી એમની ઉપાસના દૃઢ થાય છે. આ પ્રમાણે એક વાદ અને રૂઢિબદ્ધ સંપ્રદાય બંધાઈ જાય છે. અંતિમ ગુરુ ઇષ્ટદેવ બને છે, અને એમનામાં સ્વ-પ્રયત્નની અપેક્ષા વિના જ તારકપણાની શ્રદ્ધાથી જીવતાં ધ્યાન

વડે અને મરણ બાદ એમને ‘સાક્ષાત્’ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી એમની ભક્તિ થયા કરે છે.

ગુરુપરમ્પરા તૂટી જાય ત્યારે આ પ્રમાણેનો કેવળ ભક્તિમાર્ગ ચાલુ રહે એમાં દોષ જ છે એમ માનવાનું કારણ નથી. મનુષ્યને આત્મોન્નતિ સાધવાની ઇચ્છા તો રહી હોય અને સદ્‌ગુરુનો પ્રત્યક્ષ મેળાપ થયો ન હોય, ત્યાં સુધી એણે શું કરવું? સદ્‌ગુરુની પ્રાપ્તિ પછી પણ અંતઃકરણની શુદ્ધિ થયા વિના એની પાસેથી કશો લાભ લઈ શકાય એમ નથી. એનો ખરો ઉપયોગ તો દૈવી સંપત્તિઓના ઉત્કર્ષ પછી જ થઈ શકે. અને એ ઉત્કર્ષ ઇષ્ટદેવની ભક્તિ વડે સરળતાથી થઈ શકે છે.

ભક્તિ આ પ્રમાણે સાંપ્રદાયિક સ્વરૂપ ધારણ કરે તેમાં વિઘ્ન પણ રહ્યાં છે. પહેલું વિઘ્ન એ કે દૃષ્ટિ સંકુચિત થવાનો સંભવ છે. પોતાના ઇષ્ટદેવ એ જ પરમ દૈવત છે — એ શ્રદ્ધા યોગ્ય છે; એવી શ્રદ્ધા વિના ભક્તિ સિદ્ધ થતી નથી. પણ (ખ્રિસ્તી તથા મુસલમાન ધર્મોમાં, તેમ જ, ‘સત્સંગીઓ’માં થયું છે તેમ) એ શ્રદ્ધા એવું પણ સ્વરૂપ પકડે છે કે સંપ્રદાયની બહાર પરમેશ્વર છે જ નહિ; અને તથા જે સંપ્રદાયની બહારનો છે તે ભૂલમાં પડેલો છે, માટે તેની પાસેથી કશું મેળવવાનું હોઈ શકે નહિ. સંપ્રદાય બહારના ઈશ્વરપરાયણ પુરુષો પ્રત્યે એક પ્રકારની તિરસ્કારયુક્ત દયાની લાગણી થાય છે. આથી, તેમના કરતાં ઉચ્ચ કોટિના પુરુષો પોતાના સંપ્રદાયમાં ન મળી આવે તોયે, તેવા બહારના પુરુષોથી લાભ ઉઠાવી શકાતો નથી. અને એ રીતે ઉન્નતિ સાધવાનું દ્વાર પોતાની મેળે જ પોતે વાસી દે છે.

બીજું વિઘ્ન, શ્રદ્ધા અને પ્રજ્ઞા વચ્ચે વિસંગ કરવાની વૃત્તિ કેળવાય છે. અમુક વસ્તુઓને કેવળ શ્રદ્ધેયના વિભાગમાં મૂકી દેવામાં આવે છે, અને એ વસ્તુને વિચારનો વિષય બનાવવો એ ધૃષ્ટતા અને નાસ્તિકતાનું લક્ષણ મનાય છે, તથા પુરુષાર્થ કરતાં એવી શ્રદ્ધાનું બળ વધારે મનાય છે.

ત્રીજું વિઘ્ન, આ બેને પરિણામે ઇષ્ટદેવ દિવસે દિવસે મનુષ્યથી વિજાતીય સત્ત્વ (અથવા તત્ત્વ ?) છે એવી ભાવના સ્થિર થતી જાય છે, અને એમની ભક્તિ ભીતિથી અથવા પ્રજ્ઞા-વિરહિત શ્રદ્ધાથી જ થાય છે. પામર મનુષ્યને એ અપ્રાપ્ય બનતા જાય છે.

ચોથું વિઘ્ન, આ ત્રણેને પરિણામે ભક્તિ રૂઢ માર્ગથી આગળ વધી શકતી નથી. દેવદર્શન, સેવા, પૂજા, ભોગ, વસ્ત્ર-ઘરેણાં, હીંડોળા, આરતી, એમાં ભક્તિનું ક્ષેત્ર સમાપ્ત થાય છે. ભક્તિવડે ભક્ત અને ભગવાન વચ્ચેનું અંતર ઓછું કરવું, ઇષ્ટદેવના ભાવયુક્ત ચિંતન વડે એના ગુણો પોતામાં વિકસાવવા, એટલે સુધી દૃષ્ટિ ઊતરતી નથી.

આ ચારેયને પરિણામે, પાંચમું વિઘ્ન, ભોગવૃત્તિ ઓછી થતી નથી; કેવળ એ સ્વરૂપ બદલે છે. ભોગવૃત્તિની વેલી ઇષ્ટદેવની પૂજાનો મિષ લઈ મૂર્તિની ઉપર ફાલે છે.

છઠ્ઠું વિઘ્ન, દેવપૂજાથી વધી પ્રાણીપૂજા અને મનુષ્ય-પૂજામાં પ્રવેશ થતો નથી. સર્વ ભૂતોને વિષે ભગવદ્‌ભાવ ઉત્પન્ન થતો નથી. જગત પ્રત્યેનું ઋણ અદા કરવાની વૃત્તિ જ ઊઠતી નથી. અને એથી દેશકાલાનુસાર સામાજિક કર્તવ્યો કયાં એ ઠરાવવાની શક્તિ ક્ષીણ થાય છે, અને તે પ્રત્યે વિમુખ થવાય છે.

આવાં વિઘ્નો રહ્યાં છે માટે ઇષ્ટદેવની ભક્તિ ત્યાજ્ય છે એમ માનવામાં પણ ભૂલ થશે. વિવેક અને વિચારનો ત્યાગ ન કરવામાં આવે તો એ સર્વે વિઘ્નોથી પર થઈ, ઇષ્ટદેવની ભક્તિ વડે અત્યંત ચિત્તશુદ્ધિ થઈ શકે, અને એને અંતે એને સદ્‌ગુરુ પણ અવશ્ય મળી જ રહે, અથવા એને પોતાને પણ જીવન અને મરણનું તત્ત્વ સમજાઈ જાય અને શાંતિ થાય. ઇષ્ટદેવની જે પ્રકારની પોતે ભક્તિ કરતો હોય, તેને અત્યંત તીવ્રપણે વધારી એનો અંત લેવાથી, અને એથી કેટલી શાશ્વત શાંતિ પ્રાપ્ત થાય છે એ તપાસ્યા કરવાથી અને ઉદાર વૃત્તિએ સંતસમાગમ કરવાથી વિઘ્નો હઠી જાય છે.

આના અનુસંધાનમાં રામ અને કૃષ્ણ આદિની પ્રસ્તાવના વાંચવાથી એ પ્રસ્તાવના વિશેષ સ્પષ્ટ થશે એમ માનું છું.

સ્વામીનારાયણ સંપ્રદાય પણ આ રીતે મૂળે ગુરુ-સંપ્રદાય જ છે. આના સમર્થનમાં સાંપ્રદાયિક સાહિત્યમાંથી પ્રમાણો આપી શકાય તેમ છે; પણ પ્રમાણો આપી કાગળો રોકવા ઇચ્છા નથી. વિચારથી ઉપરની વસ્તુ સમજી શકાય એવી છે.

પ્રત્યેક ગુરુસંપ્રદાયમાં આદિગુરુને કે કોઈ ભૂતકાળના અવતારને અથવા બીજા દેવને ઇષ્ટ તરીકે સ્વીકારેલા જોવામાં આવે છે; તદનુસાર સ્વામીનારાયણ સંપ્રદાયમાં શ્રીકૃષ્ણ અથવા નારાયણ મૂળે ઇષ્ટદેવતા; પણ આગળ જતાં એ માર્ગ ગુરુમુખી સંપ્રદાય મટી જ્યારે ઇષ્ટદેવનો સંપ્રદાય બન્યો, ત્યારથી સહજાનંદ સ્વામીને જ સત્સંગીઓએ ઇષ્ટદેવ સ્વીકાર્યા છે.

ગુજરાતની પ્રજાના એક મોટા ભાગના ઇષ્ટદેવ હોવાથી સહજાનંદ સ્વામીના જીવનથી સર્વને પરિચિત થવાની જરૂર હોય જ. તદુપરાંત એમણે પોતે ગુજરાતને ઘડવા અને

સંસ્કારવામાં જે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, તે દૃષ્ટિએ પણ એમનું જીવન સર્વેને માલૂમ હોવું જોઈએ. લગભગ ૩૦ વર્ષ સુધી એમણે ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છમાં સતત પરિશ્રમ લઈ લોકોને શુદ્ધ માર્ગે ચઢાવ્યા; ગુજરાતમાં રહેતી ઊંચી-હલકી, હિંદુ-અહિંદુ સર્વ કોમોને પોતાનો સંદેશો પહોંચાડવા એમણે જે યોજક બુદ્ધિ ખર્ચી, જોખમો ખેડયાં અને સાધુઓ તૈયાર કર્યા તે બુદ્ધદેવની સ્મૃતિ કરાવે છે. બુદ્ધનાં પંચશીલ અને સહજાનંદ સ્વામીનાં પંચવર્તમાન, બુદ્ધનો ભિક્ષુસંઘ અને સહજાનંદ સ્વામીનું પરમહંસમંડળ, બુદ્ધની સંગીથિ અને સહજાનંદ સ્વામીના સમૈયા — સર્વેમાં વિલક્ષણ સામ્ય રહ્યું છે. બંનેનો 'દારૂ, માટી, ચોરી, અવેરી'ના ત્યાગનો ઉપદેશ, સંયમ વ્રતોનો આગ્રહ, ઇંદ્રિયોની આહારશુદ્ધિ પર ભાર, હિંસાયુક્ત યજ્ઞનો નિષેધ, વ્યસનો સામે યુદ્ધ, બ્રહ્મચર્ય-પાલન માટે વિલક્ષણ કડક નિયમોનો અંગીકાર, સ્ત્રીઓની ઉન્નતિ માટે કાળજી, દૈવી સંપત્તિના ઉત્કર્ષ માટે વિનવણી, એ બધામાં બેઉનું અતિશય સરખાપણું છે. બેમાં ભેદ નથી એમ નહિ, પણ સહજાનંદ સ્વામીના જીવનમાં અને એમના સંપ્રદાયમાં ચિત્તશુદ્ધિનો (Puritanismનો) દોરો બુદ્ધના જીવન અને સંપ્રદાયની માફક જ સોંસરો ચાલ્યો આવે છે. બંનેનો કાળ વિલાસના યુગનો હતો. એક યુગમાં યજ્ઞને માટે કે વિલાસને માટે દારૂમાંસનું સેવન થતું; બીજા યુગમાં વિલાસિતા મોગલોમાંથી મરાઠાઓમાં અને રાજાઓમાંથી પ્રજામાં ઊતરી હતી, અને એ વિલાસિતાનો સંબંધ ભગવાનની લીલા કે 'પ્રસાદ'ની સાથે કરવામાં આવી, એ ભોગ — 'કાયદેસર' થી પણ વધી — 'પુણ્યદાયી' બની ગયો હતો. બંનેનો માર્ગ

પોતાની સાધુતા દ્વારા સુધારણા કરવાનો હતો. બંનેને રાજાઓનો આશ્રય પણ મળી શકે એમ હતું; રાજાઓએ એમને પૂજા અર્પણ કરી હતી પણ બેમાંથી એકેયે રાજ્યના શાસનથી પોતાનો સંપ્રદાય ફેલાવવા કે હેતુઓ પાર પાડવા ઇચ્છા રાખી ન હતી. બુદ્ધે રાજાની સદ્‌વૃત્તિ જોઈ વિહારો માટે જમીનનાં દાન સ્વીકાર્યાં હતાં; તેમ સહજાનંદ સ્વામીએ મંદિરો માટે જમીનનાં દાન સ્વીકાર્યાં હતાં. એમને મળેલો રાજ્યાશ્રય કોઈને બીતિનું કારણ થઈ પડે એમ એમણે એનો ઉપયોગ કર્યો ન હતો.

પોતાના કાળના પ્રસિદ્ધ પુરુષોમાં સહજાનંદ સ્વામી સૌથી મહાન હતા. તે કાળના મુમુક્ષુઓને પુરુષોત્તમ તરીકે ઉપાસના કરવા યોગ્ય હતા. પૂર્વ દેશમાં પ્રગટી ગુજરાતને એમણે પોતાનું ઘર બનાવ્યું, એ ગુજરાતીઓનું મહદ્‌ભાગ્ય.

મોહાવરણ દૂર કરી મારી અશુદ્ધ કલ્પનાઓને શુદ્ધ કરી, મારા ગુરુદેવે મને એક અંધ અનુયાયી રહેવા દીધો નથી; પણ મોહ દૂર થવાથી જો મારી સહજાનંદ સ્વામી પ્રત્યેની ભક્તિ ઓછી થાય, તો હું કૃતઘ્ની અને ગુરુકૃપાનો અનધિકારી જ કહેવાઉં. સંપ્રદાયમાં કેટલીક અશુદ્ધિઓ મેં જોઈ છે, સંપ્રદાયના કેટલાક વાદોમાં અને તત્ત્વનિરૂપણની પદ્ધતિમાં હું સંપૂર્ણપણે સંમત નથી; અને આ ચરિત્રમાં જ્યાં છૂટકો ન હોય ત્યાં મારે એનો નિર્દેશ પણ કરવો પડ્યો છે.*

* છતાં વિસ્તારભયથી તથા આવા વિષયોનો પાંડિત્યવાદ ઉપકારક નથી એવી માન્યતાથી હું મારો પોતાનો વિચારભેદ સર્વત્ર દર્શાવી શક્યો નથી. એક રીતે આ પ્રમાણે પુસ્તક પ્રસિદ્ધ કરવામાં મને બહુ અસમાધાન રહે છે. જે વાદોમાં મારી માન્યતા નથી, તેના નિરૂપણથી હું મૂળ પ્રવર્તકને અન્યાય કરતો હોઉં એ ભયનું

પણ એમ તો મારા કુટુંબમાં, જ્યાં મેં શિક્ષણ લીધું તે મારી શાળાઓમાં, જેમાં હું કાર્ય કરું છું તે સંસ્થાઓમાં અને જ્યાં મારો જન્મ થયો છે તે દેશમાંયે અશુદ્ધિ અને સંમત થઈ ન શકાય એવું છે; તેથી જેમ કુટુંબસ્નેહ, શાળા પ્રત્યેનો રાગ, સંસ્થાઓ પ્રત્યે કર્તવ્યનિષ્ઠા અને જન્મભૂમિનું ઋણ ઘટવાં સંભવતાં નથી, તેમ સહજાનંદ સ્વામી પ્રત્યેની મારી ભક્તિ ઓછી થઈ શકતી નથી. મારામાં જે કાંઈ સારું હોય, તો તેનું બીજ કેટલે બધે અંશે એમણે નાખ્યું છે, તે માપી શકાય એમ નથી.

ચરિત્રનાયકના ગુણદોષની યથાર્થ સમાલોચના કરી એમનું તટસ્થપણે વર્ણન કરવું, એવો કેટલાક વિદ્વાનોનો મત છે. મેં આ ચરિત્ર એ દૃષ્ટિએ નથી લખ્યું. દોષની સમાલોચના કરવાનો મેં પ્રયત્ન જ નથી કર્યો. (ભક્તિથી અને ભક્ત માટે લખનાર માટે એ અશક્ય પણ હોય.) જ્યાં સામાન્ય દૃષ્ટિએ દોષરૂપ દેખાય એવા પ્રસંગો મારા જાણવામાં

અસમાધાન છે; અને બીજી બાજુથી, જે મને ભૂલભરેલું લાગતું હોય તેની મૌન-પ્રસિદ્ધિથી ભૂલની પરંપરા ચાલુ રાખવાના દોષનું અસમાધાન છે. ત્રીજી બાજુથી, પોતાની અમાન્યતા દર્શાવવાથી સત્સંગીઓને આ પુસ્તક સત્સંગની પુષ્ટિ કરનારું ન લાગે અને તેથી એમને રુચે નહિ, એ સંભવનું અસમાધાન છે. પણ એ બધાની સામે એક બળવાન સમાધાન છે તે એ કે એ સર્વે વાદો, કથાઓ અને તત્ત્વનિરૂપણની પાછળ પ્રવર્તકોનો શુદ્ધ આશય અને તેમાં સત્યપણાની નિષ્ઠા હતી, અને આ પણ શુદ્ધ આશય અને સત્યને વળગવાની ઇચ્છાથી જ લખાયું છે; એટલે એનું પરિણામ પ્રથમ દૃષ્ટિએ કદાચિત્ રુચિકર ન લાગે, તોપણ અન્તમાં સત્ય તરફ વળનારું થશે એમ માનું છું.

આવ્યા છે, તેનો મેં ઉલ્લેખ ટાળ્યો પણ છે. કારણ કે હું માનું છું કે કોઈ વ્યક્તિનું ચરિત્ર જો લખવા જેવું હોય તો તે એના દોષ માટે નહિ, પણ લોકોત્તર શુભ ગુણોને માટે. કોઈનાયે દોષો ચિરંજીવ કરવાની આવશ્યકતા નથી. કાળ એનો નાશ કરી નાખે એમાં લેખક અને વાચક સહુનું કલ્યાણ છે. એના શુભ ગુણો સદાને માટે માર્ગદર્શક હોવાથી, એની જ નોંધ રાખવી ઠીક છે. એ ગુણોનું અતિશયોક્ત સ્વરૂપ આપવાનોયે બુદ્ધિપૂર્વક દોષ નથી કર્યો.

આ પુસ્તક લખવામાં હું કોનું નામ માંડી આભાર માનું અને કોનું છોડું! માતપિતા, સાંપ્રદાયિક કવિઓ અને લેખકો, વૃદ્ધ સાધુઓ અને હરિજનો, શાસ્ત્રીઓ અને પુરાણીઓ, સર્વેનો, મારા અંગત વિચારો બાદ કરતાં, આ પુસ્તક લખાવવામાં અને એના મુદ્રણમાં પ્રત્યક્ષ કે પરોક્ષ હાથ છે. એ ઋણનાં ચિહ્ન તરીકે આ પુસ્તક સત્સંગને જ અર્પણ કરી ધન્ય થાઉં છું.

ગાંધીજયંતી
સં. ૧૯૭૯ **કિ. ઘ. મશરૂવાળા**

બીજી આવૃત્તિની પ્રસ્તાવના

લગભગ સત્તર વર્ષે આ બીજી આવૃત્તિ બહાર પડે છે. એને માટે જે દિશામાંથી માગણી થઈ છે, તે પરથી જણાય છે કે પહેલી આવૃત્તિમાં બતાવેલી આશા પ્રમાણે આ પુસ્તક શરૂઆતમાં સત્સંગીઓને જેટલું અરુચિકર લાગ્યું હતું, તેટલું પાછળથી લાગ્યું નથી. પુસ્તકમાં મહત્ત્વના કોઈ ફેરફાર કર્યા નથી.

સં. ૧૯૯૬ **કિ. ઘ. મ.**
ઈ. સ ૧૯૪૦

સહજાનંદ સ્વામી
અથવા
સ્વામીનારાયણ સંપ્રદાય

૧. કાલાવલોકન

વિક્રમની ઓગણીસમી સદીના શુમારે બીજા પાદથી શરૂ થઈને ત્યાર પછીનો લગભગ સાઠ વર્ષનો કાળ જુદાં જુદાં કારણોને લીધે ભારતવર્ષના ઇતિહાસમાં અદ્વિતીય છે. એ અરસામાં આર્યાવર્તમાં અનેક રાજકીય, ધાર્મિક અને સાંસારિક વિપ્લવો થયા; કેટલાં રાજ્યો અને ધર્મપન્થો ઊભાં થયાં અને નાશ પામ્યાં, તથા કેટલા પરાક્રમી રણવીરો, ધર્મસ્થાપકો અને સુધારકો એ સમયપટ પર પોતાનાં પગલાં પાડી ગયા. એ બનાવોની જુદી જુદી રીતની સારી માઠી અસર આજ સુધી હિન્દુસ્તાન ભોગવી રહ્યું છે.

શ્રીસહજાનંદ સ્વામીની જીવનચર્યા એ જ વખતમાં દેખાઈ, તેથી એમના કાર્યની યોગ્ય પિછાણ થવાને એ સમયનું સિંહાવલોકન જરૂરનું છે.

सं. १८३७ (ई.स. १७८१) मां भारतवर्षनी राजकीय स्थिति

સહજાનંદ સ્વામીના જન્મસમય (સં. ૧૮૩૭, ઈ. સ. ૧૭૮૧)ના હિન્દુસ્તાન પર દૃષ્ટિ નાખો. અંગ્રેજી સત્તાનો પાયો નંખાઈ ગયો છે; પણ હજુ એ પ્રજાને તીવ્ર રાજ્યાભિલાષા ઉત્પન્ન નથી થઈ; હજુ એમનું ધ્યાન વ્યાપાર પર જ ચોટયું છે; હજુ એમના અમલદારોની રાજ્ય વધારવાની વૃત્તિ ઉપર ઇંગ્લંડથી સખ્ત અંકુશ મુકાયે જાય છે; એમના રાજ્યનો વિસ્તાર હજુ બંગાળામાં જ થયેલો છે. મદ્રાસ તરફ હજુ માઇસોરનો પરાક્રમી

સિપાઈ હૈદર અને તેનો પુત્ર એમને હંફાવી રહ્યા છે. મરાઠી સત્તાનો અસ્ત થવા માંડયો છે. પણ હજુ તેનું તેજ અંગ્રેજોને આંજી નાખે એટલું તો છે.

પંજાબમાં શીખ સત્તાનો સ્થાપનાર પરાક્રમી રણજીતસિંહ થોડા માસનું બાળક હોઈ પારણામાં ઝૂલે છે.

ગુજરાતમાં પોપાબાઈનું રાજ્ય ચાલી રહ્યું છે. ગુજરાતનો કોઈ માલિક રહ્યો નથી. પેશ્વા અને ગાયકવાડ વારાફરતી મરજીમાં આવે તેમ ગુજરાતનું લીલું ધન લૂંટી જાય છે. કોળી, કાઠી અને ગરાસિયા દેશવાસીઓ પર જ ધાડ પાડી લૂંટફાટ કરી રહ્યા છે.

હિન્દુસ્તાનની રાજકીય સ્થિતિ આ તરેહની છે. પણ આ સમય અનેક મહાપુરુષોના જન્મ માટે પણ પ્રસિદ્ધ છે.

केटलीक महान व्यक्तिओना जन्म

રણજીતનો જન્મ ગણાવ્યો. રાજા રામમોહનરાય પણ હજુ બે ત્રણ વર્ષનું બાળક છે. ગુજરાતમાં દયારામ બાર વર્ષનો કિશોર છે, ગિરધરના જન્મને હજુ પાંચ છ વર્ષની વાર છે, પણ ધીરો યુવાવસ્થાએ પહોંચ્યો છે. નિરાંત પણ યુવાવસ્થામાં હશે, અને ભોજો પણ ચાબખા મારવાની શરૂઆતમાં છે. ગુજરાત, કાઠિયાવાડ તથા કચ્છમાં ભક્તોનો ખળભળાટ જાગી ઊઠેલો જણાય છે. ધીરો, રણછોડ, લાલો વગેરે અનેક ભક્તરાજો પ્રભુના ગુણાનુવાદ ગાતા અને ગવડાવતા આ ભૂમિમાં ફરી રહ્યા છે. એ સર્વ સંપ્રદાયોથી અલ્પ સમયમાં અતિશય વધી જનાર ઉદ્ધવ સંપ્રદાયનો પાયો સ્વામીનારાયણના ગુરુ સ્વામી રામાનંદ, તેમની શિષ્યમંડળી સહ, નાખી રહ્યા છે.

તેમના એક શિષ્ય ગોવિંદરામે આ જ વર્ષમાં (સં. ૧૮૩૭માં) કળિયુગના ધર્મનો ગરબો ગાઈ નીચે પ્રમાણે ભવિષ્ય ભાખ્યું છે :

ગીતામાં અર્જુનને કીધું, કૃષ્ણ પ્રભુ શ્રીમુખજી રે,
અધર્મ કળિના વીંટ્યા માણસ મુજથી થાશે વિમુખ રે,
કળિયુગ આવ્યોજી રે.

ત્યારે હું પૃથ્વીમાં પ્રગટીશ, ધર્મના સ્થાપન સારુજી રે,
અધર્મ કળિનો નાશ કરીને, તારીશ જીવ હજારુ રે,
કળિયુગ આવ્યોજી રે.

કરુણા કરીને કૃષ્ણ કળિમાં પ્રગટ થાશે સુખદાનજી રે,
હરિ હરિકૃષ્ણ નામે કે'વાશે, પુરુષોત્તમ ભગવાન રે,
કળિયુગ આવ્યોજી રે.

કામ, ક્રોધ, મદ, લોભના ત્યાગી, સાધુ કરશે અપારજી રે,
ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સૌની ભક્તિ કરશે વિસ્તાર રે,
કળિયુગ આવ્યોજી રે.

(કડી ૫૬થી ૫૯.)

ટૂંકામાં કહીએ તો આ સમયમાં ગુજરાતમાં ધાર્મિક જાગૃતિનાં ચિહ્નો દેખાઈ આવે છે. આમ એક જ સમયે અનેક ભગવદ્ભક્તોનો ઉદ્ભવ થવો, અનેક મત-પન્થોનો ફેલાવો થવો એ એક અસાધારણ ઘટના છે, અને સહજ પ્રશ્ન ઊઠે છે કે એનું કારણ શું હશે? આ સમયનો અને કિંચિત્ તેની પૂર્વેનો ગુજરાતી સમાજ તપાસવાથી જ એનું કારણ સમજી શકાય.

ગુજરાતની રાજ્યસત્તા નિર્બળ હતી એ આપણે જોયું. એવી સ્થિતિમાં સાધારણ જનસમાજનું રક્ષણ પોતપોતાનાં કે ગામનાં મહાજનો જ કરી શકે. એટલે આ વખતમાં ગુજરાતનાં મહાજનો સર્વોપરી સત્તા ભોગવતાં એમ લાગે છે. આનો કાંઈક પુરાવો સ્વામીનારાયણ સંપ્રદાયના ગ્રંથોમાંથી તથા એ સંપ્રદાયના અનુયાયીઓ તરફની તેમની વર્તણુક પરથી મળી આવે છે. મહાજનો પોતાના ગામના અધિકારીઓને હંફાવી શકતાં એમાં કાંઈ શક નથી.

ગુજરાતી સમાજ

પણ જેમ મહાજનો રાજા પર અધિકાર ચલાવતાં, તેમ તે પોતે ધર્માચાર્યોના સંપૂર્ણ અંકુશ તળે હતાં. જે સમાજના આગેવાનોને આત્મરક્ષણ માટે નિરંતર ડોળા ફાડી તપાસતા રહેવું પડે, તે આગેવાનો સ્વાભાવિક રીતે જ 'જૂનું એટલું સોનું'ના પક્ષમાં રહેવાના; એ કોઈ પણ જાતનો ફેરફાર અસહ્ય ગણવાના. એટલે આ સમય સુધારકોનો ન હતો; ધરરખુપણું (conservatism) એ આ સમયનું ખાસ લક્ષણ કહી શકાય. ધરરખુપણાની એક ખાસિયત એવી છે કે જેમાં મમત્વ બંધાયું તેના દોષો તરફ આંખમીંચામણાં કરવાની વૃત્તિ રહે, એટલું જ નહિ પણ એમાં ગુણ શોધી એને સંઘરી રાખવાની વૃત્તિ થાય; અથવા એ દોષોને લીધે રખેને મમત્વના વિષયની કિંમત ઘટી જાય, એ ધાસ્તીથી એનું કૃત્રિમપણે મૂલ્ય વધારવાનો પ્રયત્ન થયા કરે.

આ વખતનાં મહાજનોનું મમત્વ મુખ્યત્વે કરીને વલ્લભ-સંપ્રદાય કે જૈનમતમાં હતું, અને એ બન્ને ધર્મપન્થો બહુ અધોગતિએ પહોંચેલા હતા. ધર્મને નામે અનીતિ ચાલતી

અથવા અનીતિ જ ધર્મરૂપ થઈ ગઈ હતી. ઘણા લાંબા વખતથી એ પન્થોમાં સડો પેસતો હતો એમ, અખો વગેરે સાક્ષી પૂરે છે. એટલે એ સડાનું વિસ્તારથી વર્ણન નહિ કરીએ.

આ તો બે મુખ્ય પન્થો કહ્યા. આ સિવાય ગુજરાતમાં બીજા અનેક પન્થો ચાલી રહ્યા હતા. કબીરપન્થી, કુડાપન્થી, કૌલ, શાક્ત, વામમાર્ગી, શુષ્કવેદાંતી વગેરે નામો વિશેષ જાણીતાં છે. વૈરાગીઓનાં જુદાં જુદાં નામો પણ અનેક પંથોનો પ્રચાર બતાવે છે. બ્રહ્માનંદ સ્વામી વર્ણન કરે છે કે,

કોઉક શીશ જટા નખ દીરઘ, ડોલત અંગ બાઘંબર ધારે,
કેશ લુંચા અરુ કાનફટા કોઉ, ઘંટ બજાવત જંગમ ન્યારે;
કોઈક વીર કે વાદુ કહાવત, કોઉક દાદુ હી દાદુ પુકારે,
... ...
ન્યાસી અરુ વનવાસી કહે ગુરુ, ઔર ઉદાસી ગુરુ મુખ ગાવે.
(બ્રહ્મવિલાસ)

એ વૈરાગીઓમાં નરસિંહ, શિવ, ભૈરવ, કાલી, હનુમાન વગેરે અનેક દેવતાઓની ઉપાસના ચાલતી. તેમનું જોર પણ ઘણું હતું. તેઓ શસ્ત્ર રાખતા અને મોટાં મોટાં ટોળાંમાં ફરતા. એમની સવારીનો ઠાઠ રાજાઓને આંજે એવો રહેતો. એ લોકોના ધર્મીય બળમાં શસ્ત્રબળનો ઉમેરો થતો. એમની સવારી જે ગામમાં જાય ત્યાં શાપની ભીતિ દાખવી આધિદૈવિક ત્રાસ, શસ્ત્રથી આધિભૌતિક ત્રાસ અને ભોજન તથા ધનની ઉઘરાણીથી આધ્યાત્મિક (માનસિક) ત્રાસ આપી ત્રણે તાપનો અનુભવ કરાવી શકતા.

આ સિવાય વહેમનો ભંડાર પણ કાંઈ ઓછો ન હતો. ભાગ્યે કોઈ કુટુંબ એવું હશે કે જેના ઘરનું કોઈ મનુષ્ય—

સાધારણ રીતે સ્ત્રીજન—ભૂતયોનિને પ્રાપ્ત થયું ન હોય; ભાગ્યે કોઈ પોળ એવી હશે કે જેમાંનું એકાદ ઘર ભૂતશાળા તરીકે પ્રસિદ્ધિને ન પામ્યું હોય. ગુજરાત મૂળથી જ અહિંસા-ધર્મી ગણાય છે, પણ આ સમયમાં ગુજરાતમાં કાળી, અંબા, શીતળા, મહામારી, બળિયાકાકા, ભૈરવ, વીર વગેરેના સાન્ત્વનાર્થે એટલી જીવહિંસા થતી કે સ્વામીનારાયણને એ રૂઢિ સામે હજારો રૂપિયાને ખરચે લડત ચલાવવી પડેલી, પોતાના જીવને અને સ્વતંત્રતાને જોખમમાં નાખવાં પડેલાં અને શાસ્ત્રાર્થો કરવા પડેલા.

ગુજરાતની રાજકીય અને સામાજિક સ્થિતિનું તે સમયનું ચિત્ર મને આવું ભાસે છે. પરંતુ આવી સ્થિતિમાં જ ઉન્નતિનાં બીજ રહેલાં હોય છે. દડાની ઉપર ચઢવાની ગતિમાં જ નીચે પડવાનું જોર સમાય છે. ઘડિયાળના લોલકના એક બાજુના ઝોકમાં જ બીજી બાજુનો ઝોક રહેલો છે. ઘણી-વાર આપણે કોઈ સમાજનું ખરાબ ચિત્ર જોઈએ છીએ ત્યારે તે બહુધા સમાજના આગેવાનોને જોઈને જ આલેખાયેલું હોય છે. સમાજનો મધ્યમ વર્ગ તો ઘણીખરી વાર સમતોલ જાળવી રહેલો હોય છે. આગેવાનોના થોડા છાંટા એમને ઊડયા હોય છે ખરા, પણ એ વર્ગ ઘણુંખરું પ્રગતિવાદી, નીતિપ્રેમી, નિષ્પક્ષપાતી અને સત્યશોધક હોય છે. જ્યાં એ સત્ય અને શુદ્ધ નીતિ જુએ છે ત્યાં તેને વધાવી લેવા નિરંતર તૈયાર હોય છે. જ્યાં સુધી પોતાના હિતાહિતનું એ વર્ગને જ્ઞાન થયું નથી હોતું ત્યાં સુધી એ સમાજના આગેવાનોની પાછળ ઘસડાય છે; પણ પોતાનું હિત ક્યાં છે એની એને જ્યારે પ્રતીતિ થાય છે ત્યારે તે હિત સાધવા અને તેને માટે

જે ભોગ આપવો પડે તે ભોગ આપવા પણ એ તત્પર થઈ જાય છે. શંકરાચાર્ય અને માર્ટિન લ્યૂથરના દિગ્વિજયો એ જ નિયમથી સમજાવી શકાય. આગેવાનો તો ઘણા કહેવાય છે, પણ ઘણાખરા આગેવાનો તો કેવળ સમાજને અનુસરીને ચાલનારા, સમાજનો બોલ ઝીલનારા જ હોય છે. સમાજને દોરનાર આગેવાન વિરલ હોય છે. જ્યારે એવા આગેવાનો પાકે છે ત્યારે કહેવાતા આગેવાનો સિવાયનો બાકીનો સમાજ એને ઘણુંખરું નમી દે છે. ગુજરાતમાં પણ આ સમયમાં જ અનેક ભગવદ્ભક્તોનો ઉદ્ભવ થવો, ગુજરાતની બહારથી પણ અનેક ભક્તોએ ત્યાં આવી વસવાટ કરવો, * એ બતાવે છે કે ગુજરાતનોયે મધ્યમ વર્ગ પોતાનું સમતોલ જાળવી રહ્યો હતો; પોતાની આંખો ઉઘાડી રાખી બેઠેલો હતો.

૫૦ वर्ष पछीनी स्थिति

સહજાનંદ સ્વામીના જન્મસમયનું ચિત્ર જોઈ એમના દેહોત્સર્ગ સમયનું ચિત્ર પણ તપાસવું ઠીક પડશે. સહજાનંદ સ્વામીનો પૃથ્વી પર નિવાસ માત્ર ૪૯ વરસ એટલે સંવત ૧૮૮૬ (ઈ. સ. ૧૮૩૦) સુધી હતો. ઈ. સ. ૧૮૩૦ સુધીમાં તો ભારતવર્ષની રાજકીય સ્થિતિ પલટાઈ જ ગઈ હતી. મરાઠી સત્તાનો અંત આવી ગયો હતો. આખા હિંદુસ્તાનમાં બે જ સત્તા સ્વતંત્ર અને બળવાન રહી હતી. એક અંગ્રેજોની અને બીજી શીખોની. સિંધિયા, હોલ્કર, ગાયકવાડ, નિઝામ, માઇસોર વગેરે સર્વે રાજ્યો અંગ્રેજો જોડે

*સ્વામીનારાયણના સાધુઓમાંથી કેટલાક છેક પંજાબ, બુંદેલખંડ અને ઉત્તર હિંદુસ્તાનના હતા.

સંધિથી જોડાયાં હતાં, અને કેટલેક અંશે એમના તાબાનાં રાજ્યો જેવી સ્થિતિમાં અત્યારથી જ મુકાઈ ગયાં હતાં. રણજીતસિંહની ભવિષ્યવાણી ખરી પડવાનાં સર્વ ચિહ્નો જણાઈ ચૂક્યાં હતાં. જેમ કેટલાક રોગ શરૂઆતમાં તલમાત્ર જેટલા હોઈ જોતજોતામાં આખા શરીરમાં વ્યાપી ઊઠે છે, તેમ હિંદુસ્તાનના નકશા પર બંગાળના એક ભાગમાં પડેલો લાલ ડાઘ જોતજોતામાં આખા ભારતવર્ષમાં પ્રસરી ગયો હતો. ગુજરાત–કાઠિયાવાડમાં બાહ્ય શાન્તિ પથરાઈ ગઈ હતી, અને એમાં જરાયે શંકા નથી કે લાંબી અશાંતિથી કંટાળેલા એ પ્રાંતે એ શાંતિસ્થાપક રાજ્યકર્તાને વધાવી લીધો હતો. 'ઝેર ગયાં ને વેર ગયાં, વળી કાળા કેર ગયા કરનાર' એ વાક્યો ખુશામતનાં નથી, પણ ગુજરાતની તે વખતની ખરી લાગણી દર્શાવે છે. રાજ્યપ્રાપ્તિની અનિચ્છા દર્શાવનાર પ્રજા એક સામ્રાજ્ય સ્થાપી રહી હતી, એટલું જ નહિ પણ હિંદુ ધર્મ અને સમાજમાં પણ હાથ નાખવાની હિંમત આવે એટલું બળ એણે મેળવ્યું હતું. આપણી સમક્ષ છેલ્લાં ચાર પાંચ વર્ષમાં (ઈ. સ. ૧૯૧૪–૧૮) જે મહાન ક્રાંતિઓ થઈ ગઈ અને હજુ થતી જાય છે, તેના સાક્ષી રહેવાનું જો આપણું ભાગ્ય ન હોત, તો મનુષ્યના જીવનથીયે ઓછા અવધિમાં થયેલા ભારતવર્ષમાંના આ ફેરફારો આપણને અદ્‌ભુત લાગ્યા વિના રહેત નહિ.

આટલી પ્રસ્તાવના કર્યા બાદ હવે આપણે સ્વામીનારાયણ સંપ્રદાયનો ઇતિહાસ તપાસીએ.

૨. ગુરુપરંપરા

જેને લોકો સ્વામીનારાયણ સંપ્રદાયને નામે ઓળખે છે તેને સંપ્રદાયના અનુયાયીઓ ઉદ્ધવ સંપ્રદાયને નામે ઓળખાવે છે. સંપ્રદાય તરફથી બહાર પડતાં પુસ્તકો ઉપર "ઉદ્ધવ સંપ્રદાયના હરિજનો સારુ" એવા શબ્દો છાપેલા દેખાશે. આનું કારણ જાણવા માટે નીચેની પૌરાણિક કથાનો આશ્રય લેવામાં આવે છે.

उद्धव संप्रदाय

શ્રીમદ્‌ભાગવતમાં કથા છે કે શ્રીકૃષ્ણે સ્વધામમાં પધારવા તૈયારી કરી ત્યારે તેમણે પોતાનું સર્વ જ્ઞાન ઉદ્ધવને આપ્યું અને એને બદરિકાશ્રમમાં જવાની આજ્ઞા કરી.

बे सांप्रदायिक कथाओ

બીજી એક કથા છે કે એક સમયે સર્વ ઋષિઓ નર-નારાયણનાં દર્શન કરવાને બદરિકાશ્રમમાં ગયા હતા. તે જ વખત નરનારાયણનાં માતાપિતા — ધર્મ તથા મૂર્તિ — પણ ત્યાં આવી ચડયાં. સર્વે મુનિઓની સભા ઋષિ-પ્રભુની સમક્ષ ભરાઈ હતી અને ભારતવર્ષમાં પ્રવર્તેલા કળિયુગનું વર્ણન મુનિઓ ભગવાન નારાયણને સંભળાવી રહ્યા હતા તથા નારાયણ મુનિનાં વચનો સાંભળી રહ્યા હતા. શ્રવણભક્તિમાં સર્વે એટલા તલ્લીન થઈ ગયા હતા કે શાપપ્રવીણ દુર્વાસા ત્યાં આવી પહોંચ્યા તેનું કોઈને ભાન રહ્યું નહિ; અર્થાત્ દુર્વાસા

મુનિનો યોગ્ય સત્કાર થયો નહિ. તે ઉપરથી અતિ કોપાયમાન થઈ દુર્વાસાએ સર્વ સભાને શાપ દીધો કે પોતાના તપનું અભિમાન ધરી મારું અપમાન કરનાર તમે સર્વે ભારતવર્ષમાં જન્મ પામો અને ત્યાં કળિયુગને લીધે બળવાન થયેલા અસુરોને હાથે અપમાન તથા દુઃખને પ્રાપ્ત કરો. આવાં શાપવચનો સાંભળી મુનિઓ ભડકી ઊઠયા. ધર્મદેવે ધૈર્ય ધારી દુર્વાસા ઋષિને સમજાવી શાંત પાડયા, ત્યારે દુર્વાસાએ એટલો અનુગ્રહ કર્યો કે આ નારાયણ ઋષિ તમારા પુત્ર થઈ તમને સર્વને પોતાના આશ્રિત કરી મારા શાપથી મુકાવશે. આટલું બોલી દુર્વાસા પાછા ચાલ્યા ગયા. ભારતવર્ષમાં જન્મ લઈ સદ્ધર્મનું પાછું સ્થાપન કરવા ઇચ્છતા એવા નારાયણ મુનિની પ્રેરણાથી જ દુર્વાસાનું આગમન અને શાપ થયાં હતાં એમ નારાયણદેવે સમજાવ્યું અને સર્વેને શાંત પાડી યોગ્ય અવસરે આર્યાવર્તમાં જન્મ લેવા આજ્ઞા કરી.*

ઉદ્ધવ પણ આ શાપના ઝપાટામાં સપડાઈ ગયા હતા.

હિંદુ સમાજે માન્ય કરેલા અવતારોનાં જીવનનું પૃથક્કરણ કરતાં જોઈ શકાશે કે એમાંના કેટલાક રાજકીય પરિવર્તન કરવા માટે થયા છે અને કેટલાક કેવળ ધાર્મિક પરિવર્તન માટે છે. કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ અને કૃષ્ણ એ અવતારોની કથાઓ મુખ્યત્વે રાજકીય ક્ષેત્રની છે. રામ અને કૃષ્ણના નામે ધર્મની સ્થાપના પણ થઈ છે, પણ એ સ્થાપના એમની પછી ઘણે કાળે થઈ છે. ઋષભદેવ, બુદ્ધ, દત્તાત્રેય, કપિલ વગેરે અવતારો આથી ભિન્ન પ્રકારના

---

* પાછળ 'પૌરાણિક કથા' ઉપર નોંધ જુઓ.

છે. જોકે ઋષભદેવ અને બુદ્ધ રાજકુમારો હતા, છતાં એમાંથી એકે અવતારે રાજપ્રકરણી કાર્ય સાધ્યું નથી. બાહ્ય અસુરનો નાશ કરવા એ અવતારો ઉત્પન્ન થયા ન હતા, પણ એ અવતારો કેવળ સદ્દગુરુરૂપે હોઈ, સાધુમાર્ગે સદ્ધર્મનુ સ્થાપન એમણે કર્યું છે. સ્વામીનારાયણને પણ એમના અનુયાયીઓએ સદ્દગુરુરૂપે એકાંતિક ધર્મના સ્થાપક અને અંતઃશત્રુઓના હણનારા અવતાર માન્યા છે.

અસ્તુ. કથાનક પ્રમાણે આ સમયની સ્થિતિ ધાર્મિક ક્રાંતિ માટે તૈયાર થઈ રહી હતી, તેથી યોગ્ય અવસર જાણી ઉદ્ધવે ધાર્મિક ક્રાંતિનો પાયો નાખવા પ્રથમ જન્મ ધર્યો.

स्वामी रामानंद

અયોધ્યામાં અજપ્રસાદ અને સુમતિ નામે સરવરિયા બ્રાહ્મણ દંપતીને ઘેર સંવત ૧૭૯૫ની જન્માષ્ટમીને દિવસે એક પુત્રનો જન્મ થયો. આ પુત્રનું નામ રામશર્મા પાડ્યું. રામશર્મા બાળપણથી જ ભક્તિનિષ્ઠ હતા. બારેક વર્ષના થયા ત્યાં સુધી તેમણે ઘેર અભ્યાસ કર્યો અને પછી વિશેષ અભ્યાસ કરવાની રુચિ જણાવી ઘેરથી નીકળી પડ્યા. નીકળ્યા તે નીકળ્યા જ; પાછા ઘર ભેગા કદી થયા નહિ. તીર્થાટન એમનો ધંધો થઈ પડ્યો. શરૂઆતમાં તો તે મુમુક્ષુ થઈ ગુરુની શોધમાં નીકળ્યા. ફરતાં ફરતાં કાઠિયાવાડમાં આવ્યા. ત્યાં તળાજા ગામમાં કોઈ કાશીરામ શાસ્ત્રીને ત્યાં સંસ્કૃત ગ્રંથોનો મોટો સંગ્રહ હતો. સ્વામી રામાનંદે એને ત્યાં રહી એ ગ્રંથોનું અવલોકન કર્યું. ત્યાંથી દ્વારિકાની યાત્રા કરી. ત્યાં એમણે સાંભળ્યું કે ગિરનાર પાસે ત્રંબા ગામમાં એક સ્વામી આત્માનંદ કરીને સંન્યાસી રહે છે તે ખરા સદ્દગુરુ

છે. રામશર્મા ત્ર્યંબા ગામ આવ્યા અને સ્વામી આત્માનંદના શિષ્ય થઈ રહ્યા. સ્વામી આત્માનંદને યોગ્ય ગુરુ જાણી રામશર્માએ એમની પાસે દીક્ષા લીધી અને રામાનંદ નામ ધાર્યું.

સ્વામી આત્માનંદ અદ્વૈતવાદી હતા અને નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરતા. એમના અનુગ્રહથી રામાનંદ સ્વામીને આત્માનાત્મવિવેક થયો, પણ શાંતિ થઈ નહિ. રામાનંદ સ્વામીને શ્રીકૃષ્ણમાં દૃઢ નિષ્ઠા હતી અને એમને પોતાના આત્મામાં સાક્ષાત્ શ્રીકૃષ્ણનું દર્શન કરવું હતું. એ કાર્ય સ્વામી આત્માનંદથી સરી શકે એમ નથી એમ એમને લાગ્યું, અને તેથી તેમણે આત્માનંદજીનો ત્યાગ કર્યો અને વળી ગુરુની શોધમાં ચાલ્યા.

ચાલતાં ચાલતાં તે દક્ષિણમાં રામાનુજની જન્મભૂમિમાં આવ્યા. તોતાદ્રિમાં જઈ એમણે રામાનુજની ભક્તિ આરંભી. રામાનુજાચાર્યે અનુગ્રહ કરી એમને સ્વપ્નમાં દર્શન દીધું અને વૈષ્ણવી દીક્ષા આપી તથા શ્રીકૃષ્ણનું દર્શન થાય એવું સાધન બતાવ્યું. એ રીત પ્રમાણે આરાધના કરવાથી સ્વામીને કૃષ્ણદર્શનનો લાભ થયો. જે સત્ય પોતાને મળ્યું હતું તે બીજાને આપવાની રામાનુજાચાર્યે એમને આજ્ઞા કરી. તે પ્રમાણે હવેથી સ્વામી રામાનંદે ઉપદેશ દેવાનું આરંભ્યું. દક્ષિણથી ઊપડી છેક ઉત્તરમાં ગોકુળ મથુરા સુધીની યાત્રા કરી ત્યાં તેમણે પોતાના ઇષ્ટદેવની આરાધના કરી. શ્રીકૃષ્ણે એમને દર્શન દઈ, પોતે જલદીથી પ્રકટ થઈ એમને મળશે એવું વચન કહ્યું. પોતાના ઇષ્ટદેવનો થનારો પ્રાદુર્ભાવ સાંભળી, હર્ષિત થઈ ગયેલા રામાનંદ સ્વામી ફરતા ફરતા પાછા કાઠિયાવાડમાં આવ્યા અને

પોતાના આગલા ગુરુ આત્માનંદ સ્વામીને મળ્યા. આત્માનંદજી સાથે ખૂબ ચર્ચા થઈ, અને પરિણામે એ પણ પોતાના શિષ્યના મતના થયા*. થોડોક કાળ ગયા પછી સ્વામી આત્માનંદનું અવસાન થયું, અને એમના સર્વ શિષ્યોએ સ્વામી રામાનંદનું ગુરુત્વ સ્વીકાર્યું. એ શિષ્યોમાં હરબાઈ અને વાલબાઈ નામે બે સ્ત્રીઓ, જેનો ઉલ્લેખ આગળ ઉપર આવશે, તે પણ હતી.

હવે પછી સ્વામી રામાનંદ કચ્છ તથા કાઠિયાવાડમાં ઈશ્વરાવતાર થવાનો સંદેશો સંભળાવતા ફરવા લાગ્યા. અનેક જનો એમના અનુયાયી થવા લાગ્યા. રણછોડ, લાલો, ભોજો,

---

* આ પ્રમાણે અત્યાર સુધીનાં સાંપ્રદાયિક પુસ્તકો તથા એક વચનામૃતમાં વિધાન છે. પણ શ્રી. માધવલાલ દલસુખરામ કોઠારીએ થોડાં વર્ષ પર બહાર પાડેલા 'શ્રીજીની પ્રસાદીના પત્રો'માં આત્માનંદજીનો સ્વામી રામાનંદે ત્યાગ કર્યો એ વાતને આધાર નથી મળતો. એમાં ગુરુપરંપરા આ પ્રમાણે આપી છે: ગોપાળાનંદ બ્રહ્મચારી — આત્માનંદ — રામાનંદ — સહજાનંદ સ્વામી. સહજાનંદ સ્વામીએ સ્વામી રામાનંદની દીક્ષા લીધી તે પહેલાં દ્રાવિડ દેશમાં તોતાદ્રિના જિયર સ્વામી ત્રિદંડીને ગુરુ કર્યા હતા (પત્ર ૫૧મો). પણ એમની પાસે પૂર્ણ સમાધાન પ્રાપ્ત ન થવાથી રામાનંદ સ્વામીને આવી મળ્યા. સ્વામી રામાનંદજી ભક્તિમાર્ગી અદ્વૈતવાદી હોય એમ મને લાગે છે. સહજાનંદ સ્વામીએ તોતાદ્રિમાં કરેલા પહેલા ગુરુને પાછળથી સ્વામી રામાનંદના બીજા ગુરુ ઠરાવી દેવામાં આવ્યા છે એમ ભાસે છે. એનું કારણ એમ જણાય છે કે સહજાનંદ સ્વામીએ વિશિષ્ટાદ્વૈત મત છેવટે સ્વીકાર્યો છે, અને તે મત જિયર સ્વામીનો હશે. (પત્ર ૫૧મા માટે પાછળ નોંધ જુઓ.)

ેરાંત વગેરે ભક્તોનાં મંડળોમાં તો એ એકલા જ પોતપોતાના
ૂથમાં અસાધારણ વ્યક્તિ લેખાતા. પણ રામાનંદ સ્વામીનું
ંડળ તો ભક્તોની શાળા જ થઈ રહ્યું. એમાંના બે—સ્વામી
ુકુંદદાસ અને લાલજી સુતાર (પાછળથી અનુક્રમે સ્વામી
ુક્તાનંદ અને નિષ્કુળાનંદ) તો આખા ગુજરાતમાં પ્રસિદ્ધ
યા છે. જે નટનું આગમન સૂચવવા માટે પોતે ડુગડુગી
જાવે છે એમ તે કહેતા હતા, તેના આવવાની વાટ જોતા,
ે અને એમના સર્વે શિષ્યો શ્રીકૃષ્ણભજનમાં તલ્લીન થઈ
ાનંદમાં દિવસ ગાળતા હતા.

હવે આપણે એ મહાન ખેલાડીનું જીવન હાથ ધરીએ.

૩. ઘનશ્યામ

લખનૌથી ગોરખપુર તરફ જતી ગાડી પર 'છપૈયા સ્વામીનારાયણ' નામે એક નાનકડું સ્ટેશન આવે છે. અયોધ્યાથી એ સાતેક ગાઉ થાય છે.

मातापिता

એ ગામમાં હરિપ્રસાદ પાંડે નામે એક સરવરિયા બ્રાહ્મણ તેમની પત્ની પ્રેમવતીની સાથે રહેતા હતા. બન્ને પતિપત્ની શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિ કરતાં હતાં અને સદાચરણથી રહેતાં હતાં. સંપ્રદાયમાં તેમને ધર્મ અને ભક્તિના સાક્ષાત્ અવતાર માન્યાં છે. સ્વામીનારાયણના જન્મ પહેલાં તેમની આર્થિક સ્થિતિ બહુ જ દુર્બળ હતી. આથી પોતાના જ્યેષ્ઠ પુત્ર રામપ્રતાપને એના મામાને સોંપી, એ બન્ને જણાં તીર્થયાત્રાએ નીકળ્યાં. ગોકુળ-વૃંદાવન જઈ ત્યાં એમણે શ્રીકૃષ્ણની આરાધના કરી. શ્રીકૃષ્ણે એમને ઘેર અવતરવાનું વરદાન આપ્યું. ત્યાંથી આગળ જતાં જે વાત બની તે અતિશય અદ્ભુત છે. સંપ્રદાયના સર્વે ગ્રંથોમાં એ વાત લખાયેલી છે, અને એ

अश्वत्थामानो शाप

સર્વે ગ્રંથો સ્વામીનારાયણના સમયમાં જ અથવા ત્યાર પછી દશ વર્ષની અંદર લખાયેલા હોવાથી વિશેષ ચમત્કારિક છે. વાર્તા આ પ્રમાણે છે: આગળ જતાં ધર્મ-ભક્તિ એક અરણ્યમાં ભૂલાં પડ્યાં. ત્યાં તેમને દ્રોણપુત્ર ચિરંજીવી

અશ્વત્થામા મળ્યો. શ્રીકૃષ્ણ પ્રગટ થશે એમ ધર્મદેવ પાસેથી સાંભળી તેણે કહ્યું કે :

માટે હું પણ છઉં અશ્વત્થામા રે, દઉં છું શાપ સુણો નર વામા રે;
જેહ પુત્ર થાય તમારો રે, કહું શસ્ત્રને કેદી મ ધારો રે.
શસ્ત્ર વિના શત્રુ કેમ મરશે રે, મારા શાપે શસ્ત્ર ન ધરશે રે;
એમ કરતાં શસ્ત્ર લેશે હાથ રે, તો જીતશે નહિ વેરી સાથ રે.
(ભક્તચિંતામણિ, અ. ૧૫, ૫૧-૫૨.)

આ શાપ સાંભળી ધર્મ ઉદાસ થઈ ગયા અને એમણે પોતાના કુળદેવ હનુમાનની સ્તુતિ કરી. તે ઉપરથી હનુમાને પ્રગટ થઈ નીચે પ્રમાણે આશ્વાસન આપ્યું :

કૃષ્ણ થશે બહુ બુદ્ધિવંત રે, કરશે બુદ્ધિએ દૈત્યનો અંત રે;
એને નહિ પડે શસ્ત્રનું કામ રે, કળે ટાળશે દૈત્યનું ઠામ રે.
(ભ. ચિં., અ. ૧૬, ૭.)

હથિયાર સંબંધી કાયદાથી આખા હિંદુસ્તાન પર પાછળથી પડેલા શાપની આમાં કેવી વિસ્મયકારક આગાહી છે !

તીર્થોમાં ફરી આવી ધર્મદેવ પાછા છપૈયામાં આવી વસ્યા. ત્યાં સંવત ૧૮૩૭ની રામનવમીને દિને રાત્રે દસ

જન્મ

વાગ્યે ઉદ્ધવ સંપ્રદાયીઓના ઇષ્ટદેવનો જન્મ થયો. જે જગ્યાએ એમનો જન્મ થયો ત્યાં એક સુંદર મંદિર બંધાવી બાલઘનશ્યામની શ્વેત આરસપહાણની મૂર્તિ સ્થાપવામાં આવી છે. સહજાનંદ સ્વામીનું કૌટુંબિક નામ ઘનશ્યામ હતું, એટલે આપણે એમને હાલ ઘનશ્યામ નામે જ ઓળખીશું.

ઘનશ્યામનો બાલ્યકાળ નિર્વિઘ્ને પાર પડ્યો નહોતો. સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે ઉત્તમ ગણાતાં સર્વે ચિહ્નો ઘનશ્યામમાં

દૃષ્ટિગોચર થતાં હતાં. એમના બેઉ ચરણમાં સળંગ ઊર્ધ્વરેખા હતી. મંદિરોમાં એમનાં ચરણની છાપોનો જે સંગ્રહ છે તેમાંથી સ્પષ્ટ ઊઠેલી છાપોમાં એ સારી રીતે જોઈ શકાય છે. ઊર્ધ્વ-રેખા એ મહાભાગ્યની નિશાની ગણાય છે. એ ચિહ્નધારી હજારો મનુષ્યોનો નિયંતા થાય એમ મનાય છે. છપૈયાની સમીપમાં કોઈ કાલીદત્ત નામે શક્તિનો ઉપાસક રહેતો હતો. એમ લખાયું છે કે કાલીદત્તે ઘનસ્યામની ષષ્ઠીને દિવસે જ એમનો ભોગ આપવા એમનું હરણ કરાવ્યું હતું, પણ છેવટે પકડાઈ ગયો હતો. ત્યાર પછી ઘનશ્યામ અઢી વર્ષના થયા ત્યારે એમના ચૌલ સંસ્કારને દિવસે પણ એ કાલીદત્તે કાંઈક અભિચાર કર્યો હતો, પણ એમાંથી એનું પોતાનું જ મૃત્યુ નીપજ્યું હતું.*

આ બનાવ પછી ધર્મ-ભક્તિ છપૈયા છોડી અયોધ્યા રહેવા ગયાં. અયોધ્યામાં એમની આર્થિક સ્થિતિ પણ સુધરી.

बाल्यावस्था

યોગ્ય કાળે ઘનસ્યામનો ઉપવીતસંસ્કાર થયો અને એમણે સંસ્કૃતનો અભ્યાસ પોતાના પિતા પાસે કરવા માંડ્યો. બાળ-પણથી ઘનસ્યામને તપનો 'ઇશ્ક' હતો. વ્રત-નિયમો કરવાં, દેવદર્શને જવું, કથા સાંભળવી એ ઉપર અત્યંત શ્રદ્ધા હતી. તે સાથે એમના વડીલબંધુએ લખાવેલી વાતોમાંથી એમ પણ જણાય છે કે ઘનસ્યામ નાનપણમાં અખાડામાં જતા, ખૂબ કસરત કરતા અને એમનાથી મોટી વયના છોકરાઓને

---

* જો કાલીદત્ત એક કાલ્પનિક વ્યક્તિ હોય તો આ કથાનો સાર એટલો જ સમજવો કે ઘનસ્યામની તબિયત છઠ્ઠીને દિવસે બગડી હતી, અને મુંડનને દિવસે તે અકસ્માતમાંથી બચી ગયા હતા.

પણ કુસ્તીમાં હરાવતા. ઘનશ્યામને તપ અને વૈરાગ્ય જ પ્રિય છે એવી છાપ એમના પિતા ઉપર ચોક્કસ પડી હશે એમાં કોઈ સંશય નથી. ઘનશ્યામથી નાના એક ઇચ્છારામ નામના ભાઈ હતા. ધર્મદેવે પોતાના જીવતાં જ રામપ્રતાપનું લગ્ન અને ઇચ્છારામનું વેશવાળ કરી રાખ્યાં હતાં, પણ ઘનશ્યામ વિષે એમણે પોતાના અંત સમયે પોતાના બીજા બે પુત્રોને ભલામણ કરતાં કહ્યું હતું કે એની સંભાળ રાખજો. એ ઘર માંડશે નહિ, ભૂખ્યો હશે તોયે ખાવાનું માગશે નહિ.

ભક્તિ અને ધર્મ બન્નેનો ઘનશ્યામની અગિયાર વર્ષની વયે છ મહિનામાં અક્ષરવાસ થયો. ત્યાર પછી ઘનશ્યામની સંભાળ તેની ભાભી સુવાસિની રાખતાં.

निष्क्रमण

સુવાસિનીનો દિયર ઉપર અત્યંત પ્રેમ હતો. ઘનશ્યામ પણ એમનું હેત જીવન પર્યંત યાદ કરતા. જોખન પાંડે એટલે મોટાભાઈનો સ્વભાવ બહુ તીખો હતો. ધર્મદેવના અવસાન પછી ત્રણેક માસે એક વાર ઘનશ્યામ વિષે કોઈ છોકરાઓએ મોટાભાઈને ફરિયાદ કરી, તેથી ભાઈએ ઘનશ્યામને બહુ ઠપકો આપ્યો. ઘનશ્યામે તે વખતે એટલું જ કહ્યું કે હવે મારે વિષે તમને ફરિયાદ નહિ આવે.* રામપ્રતાપ ભાગ્યે જ તે વખતે એ વાક્યનો અર્થ સમજ્યા હશે. પણ બીજે દિવસે સવારે જુએ તો ઘનશ્યામ અદૃશ્ય! સરયૂમાં, એમને રોજ જવાનાં મંદિરોમાં, અખાડાઓમાં અને એમના મિત્રોમાં શોધખોળ કરી, પણ ઘનશ્યામનો પત્તો લાગ્યો નહિ. સંવત ૧૮૪૯ની અષાડ સુદિ દશમ, એ ઘનશ્યામ મહારાજનો નિષ્ક્રમણ દિવસ છે.

---

* ‘હરિલીલામૃત’ને આધારે આ બીના લખી છે.

૪. નીલકંઠ

વિચરણ

તપઃપ્રિય ઘનસ્યામને તો ઘેરથી છૂટવાનું નિમિત્ત જ જોઈતું હતું. આ પછીનાં સાત વર્ષ સુધી ઘનસ્યામ નીલકંઠને નામે ઓળખાયા હતા, એટલે હવે આપણે એમને એ જ નામે બોલાવીશું. નીલકંઠનો વર્ણીવેષ આ પ્રમાણે વર્ણવ્યો છે :

મુંજની મેખલાને આધારે બહિર્વાસે સહિત કૌપીન પહેર્યું છે, શરીરે મૃગચર્મ ઓઢયું છે, એક હાથમાં પલાશનો દંડ પકડયો છે, બીજા હાથમાં માળા, કમંડળુ, ભિક્ષાપાત્ર ને જળગળણું એટલાં રાખ્યાં છે; ખભે યજ્ઞોપવીત શોભે છે અને તે ઉપર નિત્યપાઠ કરવાનો ગુટકો કપડામાં બાંધી લટકાવ્યો છે, કંઠમાં તુલસીની બેવડી માળા વિરાજે છે અને શાલિગ્રામ તથા બાલમુકુંદનો બટવો બાંધ્યો છે, લલાટમાં ચાંલ્લા સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કર્યું છે અને મસ્તક ઉપર જટા વધવા માંડી છે.

વર્ણીવેષ નીલકંઠ સરયૂ નદી ઊતરીને ઉત્તર દિશા તરફ ચાલ્યા અને કેટલેક દિવસે હિમાલયમાં મુક્તનાથ ક્ષેત્રમાં પહોંચ્યા. ત્યાં એમણે સૂર્યનું તપ કર્યું. ત્યાંથી પાછા દક્ષિણ તરફ ઊતર્યા. ત્યાં એક વનમાં એમણે એક વડ તળે ગોપાળ નામના એક યોગીને બેઠેલા જોયા. ગોપાળ યોગીએ અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો હતો. નીલકંઠ એમની પાસે એક વર્ષ સુધી રહ્યા અને હઠયોગની સર્વ કળાઓ શીખ્યા. ગોપાળ પણ

જાણે પોતાની વિદ્યા નીલકંઠને શીખવવા માટે જ જીવતા રહ્યા હોય એમ થયું. નીલકંઠનો અભ્યાસ પૂરો થયો અને ગોપાળ યોગીનું આયુષ્ય પણ પૂરું થયું. નીલકંઠે ગોપાળ યોગીની ઉત્તરક્રિયા કરી અને આગળ પાછું ઉત્તરમાં આદિવરાહ નામે તીર્થ તરફ પ્રયાણ કર્યું. ત્યાંથી નીલકંઠે બંગાળનો રસ્તો લીધો. રસ્તામાં એક સીરપુર (?) કરીને ગામ આવ્યું. ત્યાંના અધિકારી સિદ્ધવલ્લભે નીલકંઠને ચાતુર્માસ રાખી તેમનો આદર-સત્કાર કર્યો. બંગાળમાં નીલકંઠને જે કાર્ય કરવું પડ્યું તે જંત્રમંત્ર પરથી શ્રદ્ધા ઉઠાડવાનું. આ વખતે બંગાળમાં જ્યાં જુઓ ત્યાં મંત્રવાદીનું જોર જણાતું. કોઈએ કાલી વશ કરેલી, કોઈએ ભૈરવ, કોઈએ હનુમાન; કોઈ મૂઠ મારી શકે અને કોઈ સિદ્ધિ દેખાડી શકે. સીરપુરમાં અને આગળ ચાલતાં કામાક્ષી દેવીનું મંદિર છે તેની પાસેના એક ગામડામાં નીલકંઠને મંત્રવાદીઓ સાથે સારી પેઠે ટક્કર ઝીલવી પડી. બન્ને ઠેકાણે મંત્રવાદીઓએ નીલકંઠનો પરાભવ કરવા માટે પોતાના સર્વ અભિચાર કર્યા પણ એમાં તેઓ નિષ્ફળ ગયા. સીરપુરમાં નીલકંઠનું સન્માન થવાને આ એક કારણ થયું. પણ આથી એ અન્ય વૈરાગીઓને ઈર્ષાનું કારણ થઈ પડ્યા.

ત્યાંથી નીલકંઠે જગન્નાથપુરીનો રસ્તો લીધો. રસ્તામાં નવલખા પર્વત (?), બાલવા કુંડ, કપિલાશ્રમ વગેરે તીર્થો પણ જોયાં.

સહજાનંદ સ્વામીની કોમળ વૃત્તિઓ* આ વખતે અત્યંત જોરથી વિકસી રહી હતી. લીલી ભાજીને પણ તોડતાં એમને

---

* 'કોમળ વૃત્તિ' પર પાછળ નોંધ જુઓ.

કંપારી છૂટતી. જગન્નાથમાં કેટલાક વેરાગીઓએ એમને તરવારની ધમકીની સાથે ભાજી તોડી લાવવા કહ્યું. પણ જે—

અલ્પ જીવની ઉપરે પણ, રાખે દયા અતિ દિલ માંઈ;
પેખી પેખી ભરે પગલાં, રખે થાય અપરાધ કાંઈ.
સ્થાવર જંગમ જીવ જેહ, તેહ સર્વના સુખ દેણ;
પશુ પંખી પ્રાણધારી પર, કરે નહિ કરડાં નેણ. ૨૫. ૫–૬

... ...

સ્વામી મારા રહ્યા સઘળે, સર્વે સાક્ષી રૂપે સદાય,
એમ જાણી દલે ડરતા રહે, રખે કોયે મુજથી દુઃખાય. ૨૬. ૨
(ભક્તિનિધિ)

—તેનાથી એ કામ કેમ થાય? આથી એમને વેરાગીઓનો ઘણો ત્રાસ સહન કરવો પડ્યો.

ત્યાં કેટલાક માસ રહી દક્ષિણનો રસ્તો લીધો. શિવકાંચી, વિષ્ણુકાંચી, શ્રીરંગપુર, સેતુબંધ રામેશ્વર વગેરે સર્વ તીર્થો ફર્યા. સેતુબંધ રામેશ્વર જતાં રસ્તામાં તેમને એક સેવકરામ નામે સાધુ મળ્યો. સેવકરામને અતિસાર થયો હતો અને ઉઠવા બેસવાની પણ શક્તિ રહી ન હતી. સેવા કરનાર કોઈ નહિ તેથી તે રડવા લાગ્યો. નીલકંઠને એની દુર્દશા જોઈ દયા આવી. એક વડના વૃક્ષ તળે કેળની પથારી કરી, ત્યાં સેવકરામને રાખ્યો અને બે મહિના સુધી એની ચાકરી કરી. સેવકરામ પાસે એક હજાર રૂપિયાની સોનામહોર હતી. તેમાંથી તે ખાંડ, સાકર, ઘી અને અન્ન મંગાવી ખાતો, અને એક શેર ઘી જમીને પચાવે એવો બળવાન થયો. નીલકંઠ પોતાને માટે વસ્તીમાંથી અન્ન માગી લાવતા અને જમતા. ભિક્ષા ન મળે તે દિવસ ઉપવાસ કરવો પડતો. આટલી સેવા કર્યા છતાં

કોઈ દિવસ સેવકરામે એક પૈસાભાર અન્ન નીલકંઠને આપ્યું નહિ. સારા થયા પછી સેવકરામ પોતાનો મણુ એકનો ભાર નીલકંઠ પાસે ઉપડાવતો. નીલકંઠની વૃત્તિ તો ભાર નામે એક રૂમાલ પણ રાખવાની નહિ, પણ સાધુ જાણી સેવકરામનો બોજો ઉઠાવતા. છેવટે એને કૃતઘ્ન જાણી નીલકંઠે તેનો ત્યાગ કર્યો. રામેશ્વરની યાત્રા કર્યા પછી નીલકંઠે પાછું પશ્ચિમ કિનારેથી ઉત્તર તરફ ચાલવા માંડ્યું. રસ્તામાં એમને પાંચ પાંચ દિવસના ઉપવાસ પડતા. સુંદરરાજ, ભૂતપુરી, પદ્મનાભ, સાક્ષીગોપાલ વગેરે દક્ષિણનાં સર્વ ક્ષેત્રો ફરી નીલકંઠ પંઢરપુર ગયા અને ત્યાં બે મહિના રહ્યા. ત્યાંથી નાસીક જઈ ગુજરાતનો માર્ગ લીધો, અને છેવટે કાઠિયાવાડમાં પ્રવેશ કર્યો. સંવત ૧૮૫૬ના શ્રાવણ વદિ છઠને દિવસે નીલકંઠ માંગરોળ અંદરથી બેત્રણ ગાઉ દૂર લોજ નામે ગામમાં આવી લાગ્યા, અને ગામ બહાર એક વાવમાં સ્નાન કરી પૂજા કરવા બેઠા. આ

मंगल दिवस

તિથિ સત્સંગીઓનો મંગલ દિવસ છે, કારણ કે આ દિવસથી સ્વામીનારાયણના જીવનનો ત્રીજો કાળ શરૂ થાય છે. આ પછીનાં ત્રીસ વર્ષ સ્વામીનારાયણે ગુજરાત અને કાઠિયાવાડમાં જ ગાળ્યાં અને ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા વહી.

૫. દીક્ષા

લોજ એ સ્વામી રામાનંદનું એક મુખ્ય સ્થાન હતું. અહીં સ્વામી મુક્તાનંદ એમના કેટલાક શિષ્યો સહિત રહેતા હતા. જે વખતે નીલકંઠ બ્રહ્મચારી વાવ ઉપર બેઠા હતા તે વખતે મુક્તાનંદના હાથ તળેના એક સાધુ સુખાનંદ એ જ વાવ ઉપર સ્નાન કરવા આવ્યા. એમણે નીલકંઠને જોયા, અને જોતાં વાર કાંઈક અવર્ણ્ય સ્નેહની લાગણી અનુભવી. એમણે નીલકંઠને ક્યાંથી આવ્યા, ક્યાં જવું છે, માતાપિતા કોણ છે વગેરે પ્રશ્નો પૂછ્યા. નીલકંઠે બ્રહ્મપુરથી આવ્યો, બ્રહ્મપુર જવું છે, અને જે ત્યાં લઈ જાય તે જ ખરાં માબાપ છે એવો ઉત્તર આપ્યો. આવા ઉત્તરથી સુખાનંદને આનંદ થયો. એણે પ્રત્યુત્તર કર્યો કે મોક્ષની ઇચ્છા હોય તો સ્વામી રામાનંદને ગુરુ કરો; એમના એક શિષ્ય મુક્તાનંદ અહીં રહે છે તેની પાસે ચાલો; તમારા દર્શનથી એમને પણ આનંદ થશે. નીલકંઠને સાત વર્ષની તીર્થયાત્રામાં આવા વિનયી સંત મળ્યા ન હતા. એમનું ચિત્ત પ્રસન્ન થયું અને સાત વર્ષે એમણે ગ્રામવાસ પાછો સ્વીકાર્યો.

આ સાત વર્ષની તપશ્ચર્યાથી નીલકંઠનો દેહ તદ્દન સુકાઈ ગયો હતો. પોતાના બાળપણની વાત કરતાં એમણે એક વાર કહ્યું છે કે, "મુને સ્વામી કાર્તિકની પેઠે એવો જ વિચાર ઉપનો જે મારે મારા શરીરમાં માતાનો ભાગ જે રુધિર અને માંસ તે રહેવા દેવું નથી; માટે ઘણેક પ્રયત્ને કરીને

શરીરને એવું સૂકવી નાખ્યું જે શરીરમાં કાંઈક વાગે તો પાણીનું ટીપું નીસરે પણ રુધિર તો નીસરે જ નહિ." (વચનામૃત કારિયાણી ૩) તે ઉપરાંત પરસેવા વાટે પણ ધાતુઓનો નાશ થઈ શકે છે એવું એમણે સાંભળેલું, ત્યારથી શરીરે પરસેવો જ ન વળે, એવા પ્રકારનાં આસનો સાધ્યાં હતાં, તેથી સ્વામી રામાનંદને આવળના પાટા બંધાવી પરસેવો છૂટવાનો ઉપાય યોજવો પડ્યો હતો.

અલ્પ કાળમાં મુકતાનંદ સ્વામી અને નીલકંઠ વચ્ચે અતિશય સ્નેહ બંધાયો. સ્વામી રામાનંદને મળવાને નીલકંઠ અધીરા થઈ ગયા હતા. એ સદ્‌ગુરુ તે વખતે કચ્છમાં હતા, તેથી નીલકંઠ ત્યાં જવાને તૈયાર થયા; પણ સ્વામી મુકતાનંદે સ્વામી રામાનંદની આજ્ઞા મંગાવવા એક પત્ર લખી તેનો જવાબ આવે ત્યાં સુધી પોતાની પાસે જ રહેવા તાણ કરી. મુક્તાનંદ સ્વામી તથા નીલકંઠ બન્નેએ સ્વામી રામાનંદ ઉપર પત્ર લખ્યો.* એ પત્ર વાંચતાં જ એમાં નીલકંઠની ઈશ્વરપ્રાપ્તિ માટે વ્યાકુલતા, એમણે કરેલી સાધના અને એમનો ઉત્સાહ જોઈ સ્વામી રામાનંદે સભા વચ્ચે કહ્યું કે જેની હું વાટ જોતો હતો તે આવી પહોંચ્યા. તે વખતે લાલજી સુતાર (નિષ્કુળાનંદ સ્વામી) પાસે બેઠા હતા. તેમણે સ્વામીને પૂછ્યું, 'એ નવા આવનાર સ્વામી રામદાસ (સંપ્રદાયના એક સાધુ) જેવા છે?' સ્વામીએ કહ્યું, 'રામદાસ તે શું? એથી બહુ મોટા.' લાલજીએ પૂછ્યું, 'ત્યારે મુક્તાનંદ સ્વામી જેવા?' સ્વામી કહે, 'એથીયે બહુ મોટા.' લાલજીએ પૂછ્યું, 'આપ જેવા?'

---

* જુઓ નોંધ; નીલકંઠનો સ્વામી રામાનંદજીને પત્ર.

સ્વામીએ કહ્યું, 'અમે પણ શું એમની આગળ? અમારાથી પણ બહુ મોટા.' સ્વામી નિર્ગુણદાસ લખે છે કે ઘણાં વર્ષ પછી નિષ્કુળાનંદ સ્વામીને જ્યારે આ વાતની ખાતરી થઈ ત્યારે એમણે આ વાત કહી બતાવી હતી અને બોલ્યા કે 'આજે એ વાત સમજાઈ.' *

સ્વામી રામાનંદે નીલકંઠને લોજમાં જ સ્વામી મુક્તાનંદની આજ્ઞામાં રહી, પોતે ત્યાં આવે ત્યાં સુધી સાધુઓને હઠયોગ શીખવવા લખ્યું અને કહેવડાવ્યું કે જો મોક્ષનો ખપ હોય તો થાંભલે બાથ ભીડીને પણ રહેવું પડે. સાથે સાથે લોકહિતાર્થે શરીરની સંભાળ લેવા પણ ભલામણ કરી.

બ્રાહ્મણે આવી સ્વામીનો કાગળ આપી સંદેશો કહ્યો. નીલકંઠ તુર્ત જ ઊઠ્યા અને થાંભલે બાથ ભીડી ઊભા રહ્યા, તે મુક્તાનંદ સ્વામીની આજ્ઞાથી બાથ છોડી.

હવે મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવું એ નીલકંઠ વર્ણીનો નિયમ થઈ રહ્યો. છાણ ભેગું કરવાથી લઈને સર્વે કામો એ સ્વામીની આજ્ઞા પ્રમાણે બજાવતા.

કિન્તુ આ અરસામાં પણ એમણે પોતાનું શ્રેષ્ઠત્વ સિદ્ધ કર્યું. અત્યાર સુધી રામાનંદ સ્વામીએ સ્ત્રી-પુરુષોની સભાઓ જુદી કરવાની પ્રથા પાડી ન હતી. રામાનંદ સ્વામીના આશ્રમમાં મુક્તાનંદ સ્વામી રોજ કથા કરતા અને સ્ત્રી-પુરુષો અને સાધુઓ સર્વે ભેળા બેસી સાંભળતા. ત્યાગીઓએ અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળવું જોઈએ એવો નીલકંઠનો આગ્રહ

एमणे करेलो पहेलो फेरफार

* પાછળ રામાનંદ સ્વામીના ઉદ્ગાર ઉપર નોંધ જુઓ.

હતો. અષ્ટાંગ બ્રહ્મચર્ય એટલે સામાન્ય બ્રહ્મચર્ય ઉપરાંત સ્ત્રી સાથે કે સ્ત્રીઓને સંભળાવવાના ઉદ્દેશથી વાત ન કરવી, સ્ત્રીને સંદેશો ન મોકલવો, એને અડકવું નહિ, એની સામે દૃષ્ટિ માંડી જોવું નહિ, દેવતા વિનાની અન્ય સ્ત્રીનાં ગુણકીર્તન ન કરવાં કે સાંભળવાં નહિ, તેવી સ્ત્રીની મૂર્તિ કે ચિત્રને પણ ન જોવાં કે ન અડકવું, અને સ્ત્રીને નાહવા ધોવાની જગ્યાએ નાહવા ધોવા જવું નહિ. નીલકંઠને સ્ત્રી-પુરુષોની ભેળી સભા પસંદ પડી નહિ. એમણે સ્ત્રી-પુરુષોને જુદાં બેસાડયાં; અને સ્ત્રીઓને એવી રીતે બેસાડી કે સંન્યાસીઓની દૃષ્ટિ સ્ત્રીઓ પર પડે નહિ અને કથાકાર પુરુષોમાં જ બેઠો હોય. પાછળથી દેવમંદિરો થતાં સ્ત્રીઓને દર્શન વગેરે કરવા માટે જુદો દરવાજો રાખવાની વ્યવસ્થા કરી અને મંદિરોમાં હોય ત્યાં સુધી સ્ત્રી-પુરુષોએ એકબીજાને અડકવું નહિ એવી આજ્ઞા કરી.

સ્વામીનારાયણના આ નિયમ વિરુદ્ધ બહુ ટીકા થઈ છે. કહેવાય છે કે એમ વાડામાં રહી બ્રહ્મચર્ય પાળવું એમાં તે શું? સ્વામીનારાયણના વખતમાં પણ એક વેરાગીએ આવી એમને કહ્યું, 'સ્વામીનારાયણ, તમે બધું તો ઠીક કર્યું, પણ એક વાત બહુ ભૂંડી કરી.' સ્વામીનારાયણે પૂછ્યું, 'કઈ વાત, બાવાજી?' વેરાગીએ કહ્યું, 'સ્ત્રી-પુરુષોની સભા જુદી કરીને બ્રહ્મમાં ભેદ પાડયો એ.' સ્વામીનારાયણે કહ્યું, 'ભાઈ, એ તો વસ્તુ જ એવી છે કે ભેળાં થઈ જાય; એ તો અમે એક સૂગાળા આવ્યા છીએ, તે અમારી સૂગથી એમને જુદાં રાખી શકયા છીએ; તે અમારી સૂગ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી જુદાં રહેશે, પછી એક તો છે જ.'

આ ઉત્તરમાં આ પ્રથાનું કારણ સમાયું છે. યદ્યપિ વાડામાં રહી બ્રહ્મચર્ય પાળવામાં કૃત્રિમતા રહી છે, અને અંતે જતાં સદ્વિવેકની મદદ વિના કોઈ પણ કૃત્રિમ નિયમો બળવાન ચિત્તને વશ કરી શકતા નથી, છતાં મનની સાથે ઝઘડનારને કૃત્રિમપણે રક્ષાના ઉપાયો યોજવા જ પડે છે. વાડામાં રોકાવું એ પણ કાંઈ સહેલું નથી. જે દિવસે સ્વામીનારાયણે બે સભા જુદી કરવા વિષે વાત કાઢી તે દિવસે મુકતાનંદ સ્વામીને પણ એ રુચી નહિ. એમણે નીલકંઠની વાતને અતિ વૈરાગ્ય-વાળી કહી ઉડાવી દીધી. મુક્તાનંદ સ્વામી અતિશય ઉત્તમ વકતા હતા. એમની કથા સાંભળવા સ્ત્રી-પુરુષો અતિ ઉત્સાહથી આવતાં. કવિ દલપતરામ કહે છે કે હિમગિરિમાંથી જેમ ગંગાનો પ્રવાહ નીકળે તેમ એમના મુખમાંથી કથા નીકળતી. જેવું એમનું વકતૃત્વ હતું તેવું જ તેમનું રૂપ પણ હતું. કહે છે કે એમનું રૂપ એટલું બધું સુંદર હતું કે એને લીધે એ ચિત્તાકર્ષક ન થાય તે માટે એ પોતાનું આખું શરીર એવી રીતે ઢાંકતા કે માત્ર મોઢાનો થોડોક ભાગ જ દેખાય. આટલું છતાં નીલકંઠે એક યુક્તિ રચી. મુક્તાનંદ સ્વામીની કથા ચાલતી હતી તેમાં એમણે કહ્યું કે, ‘ હું બીજી કથા કરવા ઇચ્છું છું. જે પુરુષોને સાંભળવી હોય તે આવે.’ નીલકંઠ દૂર જઈ બેઠા અને કથા કરવા માંડી. મુકતાનંદ સ્વામીનો ગંગાપ્રવાહ છોડીને પણ એક પછી એક બધા પુરુષો નીલકંઠની સભામાં જઈ બેસી ગયા. મુક્તાનંદ સ્વામીના શિષ્યો પણ ત્યાં ગયા અને છેવટે મુક્તાનંદ સ્વામી સ્ત્રીઓ વચ્ચે એકલા રહ્યા. મુક્તાનંદ સ્વામી નીલકંઠનો પ્રભાવ ઓળખી ગયા અને પુસ્તક વીંટાળી દઈ બોલ્યા, ‘હવે અમારી કથા પૂર્ણ થઈ. અમે

પણ હવેથી નીલકંઠની કથા સાંભળવા જ બેસીશું.' ત્યારથી એ સભાની પ્રથા પડી ગઈ.

આ પ્રથાનું એક પરિણામ એ આવ્યું કે જ્યાં જ્યાં સ્વામીનારાયણનાં મંદિરો હોય ત્યાં ત્યાં સ્ત્રીઓ માટે પણ એક જુદું મંદિર કરવાનો રિવાજ પડ્યો. એ મંદિરમાં કોઈ ત્યાગી* સ્ત્રીઓ હોય તો તે રહે, નહિ તો સર્વે સત્સંગી સ્ત્રીઓને ભેગાં મળી કથા, કીર્તન અને જ્ઞાનવાર્તા કરવાના સ્થાનક તરીકે એ જગ્યા સચવાય. આવી રીતે સ્ત્રીઓ માટે જેમ દર્શનાદિકની જુદી સગવડ કરનાર તેમ જ્ઞાન મેળવવા સ્વતંત્ર વ્યવસ્થા કરનાર પણ સ્વામીનારાયણ પહેલા જ છે. આમ કરવાથી સ્ત્રીઓને વાંચતાં લખતાં શીખવાનું આવશ્યક થયું. સ્વામીનારાયણ સંપ્રદાયની ઉચ્ચ જ્ઞાતિની સ્ત્રીઓ અને ખાસ કરીને વિધવા સ્ત્રીઓ બહુધા લખી વાંચી શકે છે જ. ત્યાગી સ્ત્રીઓના નિયમ ત્યાગી પુરુષોના જેટલા આકરા નથી હોતા; એટલે ત્યાગી સ્ત્રીઓ ત્યાગી પુરુષો સિવાયના અન્ય પુરુષો જોડે જરૂર પડ્યે સંભાષણ કરી શકે છે, પણ તેમનો સ્પર્શ કરી શકતી નથી. વળી સ્ત્રીઓ પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરી શકે એ હેતુથી સંપ્રદાયમાં જ્યારે મહાકથાઓ કરવાના

---

* ત્યાગી સ્ત્રીનો અર્થ ચતુર્થાશ્રમવાસિની સ્ત્રી જેવો કરવાનો નથી, પણ સાંસારિક જંજાળોને છોડીને ભગવત્પરાયણ જીવન ગાળવા ઇચ્છતી, વિધવાના ધર્મ પૂર્ણપણે પાળતી, બ્રહ્મચર્યને રાખતી સ્ત્રી એવો કરવાનો છે. શિક્ષાપત્રી પ્રમાણે વિધવાને પુરુષોને અડવાનો પણ નિષેધ છે. એમાં પોતાનાં સમીપ સંબંધી તથા ધાવણાં બાળકોને બાતલ રાખ્યાં છે, પણ ત્યાગી સ્ત્રીઓ નરમાત્રનો સ્પર્શ વર્જિત ગણે છે.

પ્રસંગો આવે છે ત્યારે તેમને બેસવાની અલગ સગવડ પણ રાખવામાં આવે છે.

સંન્યાસીધર્મના આ વિષેના આગ્રહને લીધે જ નીલકંઠે લોજમાં એક બીજું કામ પણ કર્યું. જે ઘરમાં સ્વામી રામાનંદના સાધુઓ રહેતા હતા, તેની પડોશના મકાનમાં કોઈક સ્ત્રીઓ રહેતી હતી. બે ઘરની વચ્ચે દેવતાની આપલે કરવા માટે એક છિદ્ર હતું. સાધુઓએ દેવતા લેવા આપવાના નિમિત્તે પણ આવી રીતે સ્ત્રીઓના સંબંધમાં આવવું એ નીલકંઠને રુચ્યું નહિ, તેથી એમણે સ્વહસ્તે તે પૂરી દીધું. એ પૂરેલું બાકું હજુ સુધી દેખાય છે.

આ અરસામાં જ એક બીજો અદ્‌ભુત પ્રસંગ બન્યો. મુક્તાનંદ સ્વામી સ્નાનાદિ કરી કૃષ્ણનું ચિંતવન કરતા બેઠા હતા. ભૂલમાં એમણે પોતાની તુંબડી બહાર ઓસરીમાં મૂકી હતી. ધ્યાન ધરતાં એ વાત એમને યાદ આવી. ધ્યાન કરતાં ઊઠીને તુંબડી ઊંચી મૂકવી એ એમને ગમ્યું નહિ, અને કૂતરું આવી તુંબડીમાં મોં ઘાલી અભડાવે એ દહેશતથી એમનું ચિત્ત પણ સ્થિર થયું નહિ. નીલકંઠે પોતાના ઐશ્વર્યથી આ વાત જાણી. મુક્તાનંદ સ્વામીનું ધ્યાન પૂરું થયા પછી નીલકંઠે સ્વામીને પૂછ્યું,

> "દૈવત તુંબીપાત્રમેં કિંવા દૈવત ધ્યાન ?
> દૈવત તુંબીમેં અધિક કિંવા દોઉ સમાન ?"

મુક્તાનંદ સ્વામી બિચારા ભોંઠા પડી ગયા. પણ એ નિર્માનીપણાની મૂર્તિએ એમાંથી જરાયે ખોટું ન લગાડતાં ચિત્તની સ્થિરતા યાચી.

આ છેલ્લી બંને વાતો છે તો નજીવી, પણ થોડા માસમાં નીલકંઠે પોતાનો કેટલો પ્રભાવ રામાનંદ સ્વામીના શિષ્યો પર પાડ્યો હતો તે આમાંથી સારી રીતે જણાઈ આવે છે. નીલકંઠને તો હજુ મૂછે ફૂટવા માંડી ન હતી. અઢાર ઓગણીસ વર્ષની વય. સ્વામી રામાનંદના શિષ્યો કેટલાક વૃદ્ધ થવા આવ્યા હતા. એમનાથી તો બધા જ ઘણા મોટા હતા. નીલકંઠની બારી પૂરવાની ક્રિયાથી એ વડીલોએ અપમાન માની લીધું હોત તો નવાઈ જેવું ન હતું. પોતાને હાથે બાકોરું પૂરી, નીલકંઠ એ વડીલોના ચરિત્ર પર શંકા આણવા ઇચ્છતા હતા કે શું? આવો પ્રશ્ન ઊઠી શકત; પણ એમને એમ જ પ્રતીતિ થઈ ગઈ કે તેઓ હવે એક મહાન વિભૂતિની સમીપમાં આવ્યા છે, અને એ વિભૂતિને અનુસરવામાં જ તેમનું હિત છે.

આમ કેટલોક વખત ગયા પછી રામાનંદ સ્વામી ગિરનાર પાસે આવેલા પીપલાણા ગામમાં આવી પહોંચ્યા અને મુક્તાનંદ સ્વામી તથા નીલકંઠ બ્રહ્મચારીને ત્યાં તેડાવી લીધા. જેવી ભારે અસર મુક્તાનંદાદિક સાધુઓ ઉપર નીલકંઠના દર્શનથી થઈ હતી તેવી જ અસર સ્વામી રામાનંદ ઉપર પણ થઈ.

નીલકંઠને સત્સંગ રુચ્યો અને એમણે ઉદ્ધવ સંપ્રદાયની દીક્ષા લેવાનો નિશ્ચય કર્યો. તે ઉપરથી સ્વામી રામાનંદે સંવત ૧૮૫૭ની પ્રબોધિની એકાદશીને દિવસે એમને ભાગવતી દીક્ષા આપી અને સ્વામી સહજાનંદ નામ પાડ્યું.

૬. સદ્‌ગુરુપદે

સ્વામી રામાનંદ હવે વૃદ્ધ થયા હતા. પોતે સ્થાપેલ સંપ્રદાયની જવાબદારી કોઈ બીજાને સોંપવાની જરૂરિયાત એમને લાગી. સહજાનંદ સ્વામી એમના સર્વે શિષ્યોમાં સૌથી નાના હતા, પણ સૌથી વિશેષ પ્રતાપી હતા એમાં જરાયે શક ન હતો. એમણે સહજાનંદ સ્વામીને જ પોતાની ધર્મધુરા સોંપવાનો નિશ્ચય કર્યો, અને દીક્ષાથી બરોબર એક વર્ષે એમણે સહજાનંદ સ્વામીને જેતપુરમાં પોતાની ગાદીના આચાર્ય સ્થાપ્યા. આચાર્યપદ આપ્યા પછી રામાનંદ સ્વામીએ એમને વર માગવા કહ્યું. સહજાનંદ સ્વામીએ બે વર માગ્યા: (૧) તમારા ભક્તોને એક વીંછીનું દુઃખ થવાનું હોય તેને બદલે એ દુઃખ મને રૂંવાડે રૂંવાડે ભલે થાઓ પણ તમારા ભક્તને તે ન થાઓ, અને (૨) તમારા ભક્તના કર્મમાં રામપાત્ર આવવાનું લખ્યું હોય તે રામપાત્ર મને આવો, પણ તમારો ભક્ત અન્નવસ્ત્રે દુઃખી ન થાઓ. પ્રેમાનંદ સ્વામીએ એમનું વર્ણન કરતાં વારંવાર એમને 'કરુણાલોચન' કહ્યા છે અને ગાયું છે કે એમનો સ્વભાવ એવો હતો કે:

"કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય,
દયા આણી રે, અતિ આકળા થાય.
અન્ન, ધન, વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે,
કરુણા દૃષ્ટિ રે, દેખી વાન જ વાળે."

ઉપલા વરોની પસંદગી આ વચનની સાક્ષી પૂરે છે. એમના દયાળુ સ્વભાવનાં અનેક ઉદાહરણો લખાયાં છે.

સહજાનંદ સ્વામીને ગુરુપદ આપ્યા પછી લગભગ એક મહિનામાં જ (સંવત ૧૮૫૮ના માગશર સુદ ૧૩) સ્વામી રામાનંદ પરલોકવાસી થયા.

સહજાનંદ સ્વામીની નિમણૂક રામાનંદ સ્વામીના કેટલાક શિષ્યોને પસંદ ન પડી. એ શિષ્યોમાં એક રઘુનાથદાસ નામે સાધુ હતા. એમને રામાનંદ સ્વામીએ અમદાવાદમાં ઉપદેશ કરવા મોકલ્યા હતા. ત્યાં એમણે બહુ તોફાન જગાડયું. છેવટે સહજાનંદ સ્વામીને એમને વિમુખ કરી સત્સંગ બહાર કરવા પડયા. એમણે અમદાવાદમાં એક જુદો મઠ બાંધ્યો. રાયખડ દરવાજા પાસે એક નાનકડા મંદિરમાં એમના કેટલાક શિષ્યો હજુ રહે છે એમ કહેવાય છે.*

આગળ જણાવ્યું છે કે હરબાઈ અને વાલબાઈ કરીને મૂળ આત્માનંદ સ્વામીની અને પાછળથી રામાનંદ સ્વામીની બે શિષ્યાઓ હતી. એ બન્ને સ્ત્રીઓને વેદાંત જ્ઞાનનું અભિમાન હતું; બન્ને બ્રહ્મચારિણીઓ હતી અને સંન્યાસિનીનો વેષ રાખતી; સ્વામી આત્માનંદના વખતથી જ ઉપદેશક થઈ ફરતી. એમના ઉપદેશથી આખું ત્રંબા ગામ સ્વામી આત્માનંદનું શિષ્ય થયું હતું. અનેક પુરુષો એમને પૂજતા અને એમની પાસે જ્ઞાન સાંભળવા આવતા. સભામાં એમને ગાદી તકિયાનું માન મળતું. સહજાનંદ સ્વામીએ હવેથી એમને સ્ત્રીઓમાં જ ઉપદેશ કરવાની આજ્ઞા કરી. આથી એમને બહુ અપમાન લાગ્યું. એમને થયું કે, 'અમે સિત્તેર સિત્તેર વર્ષની ડોસીઓ શું પુરુષોના સંસર્ગમાં રહી બગડી જશું, કે અમને વળી એવી

---

* પાછળ 'રઘુનાથદાસ' ઉપર નોંધ જુઓ.

રીતનો સંયમ ! અમારી ઉપદેશ કરવાની રીતમાં આત્માનંદે દોષ ન જોયો, રામાનંદે ન જોયો અને હવે આ આજકાલનો આવેલો સહજાનંદ કહે છે કે તમે પુરુષોને ઉપદેશ ન કરશો; અમે એ વચન નહિ માનીએ.' સહજાનંદ સ્વામીને એમની શુદ્ધતા વિષે શંકા ન હતી, પણ એમને એક નવી પ્રથા પાડવી હતી, એટલે એમણે આગ્રહપૂર્વક પોતાની આજ્ઞા માનવા એ બંને બાઈઓને સમજાવી. હરબાઈ–વાલબાઈ રિસાયાં અને જુદાં પડ્યાં. કહે છે કે ત્રંબા ગામમાં એમની સમાધિઓ છે અને હજુ કેટલાક લોક એમને માને છે.

રામાનંદ સ્વામીના અક્ષરવાસ પછી સ્વામીનારાયણે પોતાના સાધુઓનાં જુદાં જુદાં મંડળ બાંધ્યાં, અને એક એક મંડળને ભિન્ન ભિન્ન દિશામાં ઉપદેશ કરવા મોકલ્યું. પોતે પણ એક મંડળ લઈ કચ્છ તરફ ગયા. શરૂઆતમાં સહજાનંદ સ્વામીની દિનચર્યા નીચે મુજબ વર્ણવી છે :

“ લોજપુરમાં મહારાજ સદાવ્રત આપતા તે સદાવ્રતમાં જે કોઈ ભિક્ષુજન આવે તેને જમાડવા સારુ પોતે તંગીયો પેરીને ને ખંભે કાવડ મેલિને એક દિવસ મહારાજ ભિક્ષા માગવા જાતા, ને એક દિવસ મુક્તાનંદ સ્વામી ભિક્ષા માગવા જાતા. એમ મહારાજ ને મુક્તાનંદ સ્વામી વારાફરતી ભિક્ષા માગતા અને વારાફરતી રોટલા કરીને તીર્થવાસીને જમાડતા ॥ ને કોઈક હરિજન પાકું સીધું લાવે તેના રોટલા કરીને તેને મોધરીયે ભાગિને તેમાં ઘિ ગોલ મેલવીને તીર્થવાસીને જમાડિ દેતા, ને પછે પોતાના સાધુ સર્વેને જમાડીને પોતે જમિને ચોકોપાણી કરિને કથા કરવા બેશે. તે દિવસના બે વાગ્યા સુધી કરે પછે વલિ પોતાની સ્નાનાદિક દૈહિક ક્રિયા કરીને

સાંઝ સમે કોઈ સદાવ્રત લેવા સારું આવ્યા હોય તેને જમાડીને કથા વાર્તા કરવા મંડે તે રાત્રે બાર વાગ્યા સુધી કરે ને પછે સુઈ જાય ને રાત્રિના વળી બે વાગ્યે ઉઠે ને સર્વેને ઉઠાડિને ધ્યાનમાં બેસારે; ને પોતે સોટિ લઈને ફરે, તે જે નિદ્રાયે કરીને ડોલાં મારે તેને તડાક લૈને સોટિ મારે ને ધ્યાન કરાવે ને ચાર વાગે એટલે નાઈ ધોઈને પુજા કરીને ત્યાર થૈને ભિક્ષા માગિને રોટલા કરિને તીર્થવાસીને જમાડિને પછે પૂર્વે કર્યું એવી રિત્યે ભજનમાં બેસારે એમ નિત્યે કરતા હવા ॥ ને જે ભેલા રહે તેને થાક તો ઉતરે નહિ ને નિદ્રા તો પૂરી થાય જ નહિ ને મુક્તાનંદ સ્વામીના મનમાં પણ એમ થાય જે આમણા ભેલું કેમ નભાશે, એવો પોતાનો તીવ્ર સ્વભાવ હતો, તોપણ તે સર્વેને મેલીને સર્વે ભેલા હલીમલીને રહ્યા." *

આ મંડળોની રીત એવી હતી કે જ્યાં જાય ત્યાં ભિક્ષાવૃત્તિ કરવી, ભિક્ષામાં જે મળે તેમાંથી ઉપયોગ જેટલું વાપરી, બાકીનું સદાવ્રત ખોલી દાન કરી દેવું. એ કામ ઘણુંખરું સવારના વખતમાં ચાલતું. બાકીના સમયમાં ભજન, કીર્તન અને ઉપદેશ થતાં. ઉપદેશનું મુખ્ય લક્ષ્ય લોકોને નીતિ અને સદાચારને માર્ગે ચડાવવાનું રહેતું. દારૂ ન પીવો, માંસ ન ખાવું, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો અને વટલવું–વટલાવવું નહિ—એ પંચવ્રત દરેક નવા શિષ્યને આપવામાં આવતાં. એ પાંચે ક્રિયા કોઈ દેવ-દેવીની ઉપાસનાના ભાગ તરીકે પણ નિંદ્ય લેખાતી. સ્વામીનારાયણના સાધુઓને

* સ૦ નિર્ગુણદાસ સ્વામીની વાતો : અંક ૧૪૧

ધન અને સ્ત્રીનો સંપૂર્ણપણે ત્યાગ રાખવો પડતો. સ્ત્રીના ત્યાગની રીત ગણાવી છે. ધનના ત્યાગમાં ધાતુમાત્રનો ત્યાગ આવી જતો. અપવાદમાં વસ્ત્ર સીવવા માટે સોય અને લેખક હોય તેને ચપ્પુ અને કાતર રાખવા દેવામાં આવતાં.

सर्वेन्द्रियाणि जेयानि रसना तु विशेषतः ।

એ નિયમ પ્રમાણે આહાર માટે ઘણા આકરા નિયમો હતા. એ સખ્તાઈમાં વારંવાર ફેરફાર કરવામાં આવતો અને જુદી જુદી રીતે સાધુઓની કસોટી લેવામાં આવતી. એવા કેટલાક ફેરફારો હું આગળ ઉપર ગણાવીશ. સાધુઓએ ક્ષમા ગુણ રાખવો ફરજિયાત હતો.

गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः ।
क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः ॥

(શિક્ષાપત્રી ૨૦૧)

એટલે માર ખાઈને પણ આશીર્વાદ દેવો પડતો.

આ વખતમાં આજની જેમ આ સંપ્રદાય સ્વામીનારાયણ સંપ્રદાયને નામે નહિ, પણ જીવનમુક્તના પંથને નામે ઓળખાતો હતો. સહજાનંદ સ્વામીની ખ્યાતિ વેરાગીઓમાં જીવનમુક્ત તરીકે થઈ હતી.

समाधिप्रकरण

આ સાથે સમાધિપ્રકરણ પણ ચાલ્યું. જે તે સ્વામીનારાયણને જોઈને આકર્ષાતા, અને એમનાં નાડી પ્રાણ ખેંચાવાથી ધબ દઈને પડતા. સમાધિમાં પોતાના ઇષ્ટદેવનું દર્શન કરતા અને જાગીને જોયેલી વાત કરતા. જ્યાં ત્યાં સ્વામીનારાયણના ચમત્કારોની વાત ફેલાઈ ગઈ. હજારો મનુષ્યો સ્વામીનારાયણનાં દર્શન કરવા આવવા લાગ્યાં. જેણે જેણે

સ્વામીનારાયણને જોયેલા તેમનો એક અભિપ્રાય તો ચોક્કસ હતો કે એમની આંખોમાં કાંઈ અજબ જાદૂ હતું.* "કમળનયન કટાક્ષમાં, મારા તાણી લ્યો છો પ્રાણ" એ પ્રેમાનંદ સ્વામીનો અભિપ્રાય હતો. ભુમાનંદ સ્વામીનું ચિત્ત પણ એમનાં 'ચપળ નેણાં'એ જ ચોરી લીધું હતું. પણ જેવું જાદુ એમની આંખોમાં હતું, તેવું જ એમની વાણીમાં અને એમની ચાલમાં હતું. એક વાર સ્વામીનારાયણ એક ગામમાં ઓચિંતા રાતની વખતે ગયા હતા. સાથે એક સેવક હતો. સ્વામીનારાયણ એ ગામમાં આવી શકે એટલા નજદીક હોવાનું કોઈને ભાન ન હતું. ગામમાં થઈને જતા હતા, ત્યાં એક દુકાનમાં બે વાણિયાઓ હિસાબ મેળવી રહ્યા હતા. સ્વામીનારાયણ અને એમના સેવકને જોઈને એક વાણિયો બોલ્યો, "આ આટલી મોડી રાત્રે સ્વામીનારાયણ જેવું કોણ જતું હશે?" બીજો વાણિયો કહે, "સ્વામીનારાયણ તો દૂર દેશાવર છે, એ ક્યાંથી આવે?" પહેલાએ કહ્યું, "કહો ન કહો, એ સ્વામીનારાયણ જ છે; એ વિના આવી ચાલ હોય નહિ." સ્વામીનારાયણે આ સંવાદ સાંભળ્યો, અને સેવકને કહ્યું, "વાણિયો અતિશય ડાહ્યો દીસે છે. અમને આટલા અંધારામાં પણ ઓળખ્યા." અમદાવાદ તથા

---

* આ જાદુ નેત્રોની સ્થૂળ સુંદરતાનું હશે એમ માનવું ભૂલભરેલું થશે. જે નેણાંમાંથી પ્રેમળ અંતઃકરણનું અદૃશ્ય અમૃત વરસ્યા જ કરતું હોય, તે નયનો એ અંતઃકરણને ન પિછાણનારને પણ મુગ્ધ કરી નાખે એમાં નવાઈ જેવું કશું નથી. ગાંધીજીના નયનોનું સ્થૂળ સૌંદર્ય ભાગ્યે આકર્ષક લાગે; છતાં એમની દૂરથી આવતી દૃષ્ટિ પણ અંતઃકરણને કેવું જીતી લે છે એ અજાણ્યું નથી.

વડતાલનાં મંદિરોમાં સ્વામીનારાયણની જે જીવનસદૃશ કાષ્ઠની મૂર્તિઓ છે તે યદ્યપિ એમના દેહાન્ત પછીથી થયેલી છે, તોપણ તેમાં એમની ચિત્તાકર્ષકતા જણાઈ આવે છે.

સ્વામીનારાયણના સમાધિપ્રકરણની વાત મુક્તાનંદ સ્વામીએ પણ સાંભળી. એમની આ વાતમાં શ્રદ્ધા ન બેઠી. એમને એ સાંભળી અતિશય ખેદ થયો. એમણે ધાર્યું કે આણે કાંઈક યોગ સાધ્યો છે અને તેને બળે લોકોને ભમાવે છે. રામાનંદ સ્વામીએ આવા જુવાનિયાને ક્યાં સત્સંગનો ભાર સોંપ્યો એમ પણ એમને લાગ્યું. કેટલોક વખત પછી સ્વામી-નારાયણ અને મુક્તાનંદ સ્વામી મેઘપુરમાં ભેળા થયા. મુક્તાનંદ સ્વામીએ સમાધિનું 'પાખંડ' ચલાવવા માટે સહજાનંદ સ્વામીને ખૂબ ઠપકો દીધો. સહજાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામીને ગુરુ સમાન ગણતા. એ આવે ત્યારે પોતે સામા જઈ એમને ભેટતા અને એમને બેસાડી પછી પોતે બેસતા. એમણે મુક્તાનંદ સ્વામીનો ઠપકો ધીરજથી સાંભળ્યો. એમની કૃતિમાં કોઈ જાતનું પાખંડ નથી એમ સમજાવ્યું. તોપણ મુક્તાનંદ સ્વામીને સંતોષ ન થયો. એટલામાં મુક્તાનંદ સ્વામીનો એક શિષ્ય ત્યાં આવ્યો. એને સ્વામીના દેખતાં જ સમાધિ થઈ. સ્વામીએ એનાં નાડી પ્રાણ તપાસ્યાં, અને ચેતનારહિત જોઈ આશ્ચર્ય પામ્યા. થોડી વાર પછી એ શિષ્ય જાગ્યો, અને સ્વામીને કહ્યું કે એણે રામાનંદ સ્વામી તથા સ્વામીનારાયણ બન્નેને સમાધિમાં જોયા. રામાનંદ સ્વામીને સ્વામીનારાયણની સેવામાં ઊભેલા જોયા. રામાનંદ સ્વામીએ એ શિષ્યને કહ્યું કે મુક્તાનંદને કહેજો કે હું કહેતો હતો કે હું તો ડુગડુગી વગાડવાવાળો છું, અને ખેલાડી તો બીજા આવશે; એ વાત

કેમ ભૂલી ગયા ? આટલું સાંભળીને પણ મુક્તાનંદ સ્વામીને શાંતિ ન થઈ. એ ત્યાંથી ઉદાસ ચહેરે ઊઠ્યા અને પોતાને આસને ગયા. સાંજે દિશાએ જઈ આવી ગામ બહાર નાહીને આવતા હતા, તેવામાં એમને એક ઝાડ નીચે રામાનંદ સ્વામી દેખાયા. મુક્તાનંદ સ્વામી એમની પાસે ગયા અને દંડવત્ પ્રણામ કરી ખૂબ રડયા. એમનું ચિત્ત ચગડોળે ચડયું હતું. સહજાનંદ સ્વામી પાખંડી છે કે ઈશ્વરાવતાર છે, એનો એ નિશ્ચય કરી શકતા ન હતા. રામાનંદ સ્વામીએ સ્વામીને ધીરજ આપી; પોતે કૃષ્ણાવતાર થવાની જે જે ભવિષ્યવાણીઓ કહી હતી તેનું સ્મરણ કરાવ્યું અને સ્વામીનારાયણને પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિ અર્પણ કરવા ઉપદેશ કર્યો. મુક્તાનંદ સ્વામીના હૃદયમાં શાંતિ થઈ અને મુખ ઉપર આનંદ છાયો. જંગલમાંથી એમણે ફૂલ વીણ્યાં અને પોતાને હાથે એક હાર ગૂંથી સ્વામીનારાયણ પાસે ગયા. એમને દંડવત્ પ્રણામ કરી હાર પહેરાવ્યો અને પોતે એમને વિષે પરહેલી દોષબુદ્ધિ માટે ક્ષમા માગી.

વેરાગીઓનો દ્વેષ

સ્વામીનારાયણના સાધુઓ અન્ય વેરાગીઓના દ્વેષનું કારણ થઈ પડયા. ધન, સ્ત્રી અને વ્યસનનો ત્યાગ રાખનારા લોકોમાં પૂજાવા લાગવાથી બીજા વેરાગીઓને પોતાનું માનભંગ થતું લાગ્યું. કવિ દલપતરામના ગુરુ શ્રીપાત દેવાનંદ સ્વામી, રામગઢ્ઢોલા આનંદાનંદ સ્વામી, દેવીવાળા મગનીરામ વગેરે વેરાગી મઠોના કેટલાક મહંતો તથા શક્તિના ઉપાસકો પોતાની મહંતાઈ છોડી સ્વામીનારાયણના સાધુઓ થઈ ગયા, તેથી એમને પોતાના ચેલાઓ તણાઈ જવાની પણ બીક લાગી. તેથી

એ વર્ગ સ્વામીનારાયણનો કટ્ટો શત્રુ થઈ રહ્યો. એણે સ્વામીનારાયણના સાધુઓને મારવા–પીટવાનું આરંભ્યું. જ્યાં સ્વામીનારાયણના સાધુઓ દેખાય ત્યાં વેરાગીઓ એમના ઉપર તૂટી પડવા લાગ્યા. એમની કંઠી અને જનોઈ તોડે, મૂર્તિઓ ખેંચી જાય કે ખંડિત કરે, એમણે આણેલી ભિક્ષા લૂંટી લે અથવા ભિક્ષામાં મુએલા ઉંદર વગેરે નાખી ગોઝારી કરે, કોઈ વાર ઝેર પણ નાખે. જ્યાં સ્વામીનારાયણનું સદાવ્રત ચાલતું હોય ત્યાં લૂંટ પડે. એક મૂળજી લુહાણો વેરાગીઓને હાથે કપાઈ ગયો. સ્વામી મુક્તાનંદ અને બ્રહ્માનંદને એક વાર વેરાગીઓએ બાંધી એમનાં નાક કાન કાપવા તૈયારી કરી; એટલામાં એક પરદેશીએ જતાં જોયા અને દયા આવવાથી છોડાવ્યા. એક વાર એ જ મુક્તાનંદ સ્વામીને ચંદનથી પૂજા કરવાને મિષે ચંદનમાં ઝેર ઘોળીને લાવ્યા અને કપાળે તે ચોપડ્યું. બ્રહ્માનંદ સ્વામીને વળી એક વાર સખ્ત માર મારી સોળ ઉઠાડ્યા. મારતાં મારતાં વેરાગીની લાકડી ભાંગી ગઈ. એક ગૃહસ્થે આવી સ્વામીને છોડાવ્યા અને ‘બહુ વાગ્યું?’ કરી પૂછ્યું. સ્વામી વિનોદી એટલા હતા કે આટલા મારમાં પણ એમણે કહ્યું કે “ભાઈ, મને વાગ્યું તેની તો ફિકર નથી, પણ આ મારા ગુરુભાઈની લાકડી ભાંગી ગઈ એ ખોટું થયું!” સ્વામીનારાયણને પણ મારવાને વેરાગીઓનાં લશ્કર ઊલટવા લાગ્યાં. મોટી મોટી ડાંગો ઠોકતા વેરાગીઓ સ્વામીનારાયણની સભામાં પેસતા અને કેટલીક વાર સ્વામીનારાયણના દેહને જોખમમાં નાખતા. રાજ્યાધિકારીઓ દાદ ન આપતા. એવો પણ જવાબ મળેલો કે ‘ગાય ગાય લડી મરે તેમાં રાજા શું કરે?’ સ્વામીનારાયણને

ગામેગામ ફરવાનો નિયમ જ થઈ પડ્યો. કેટલાક કાઠી અને ગરાસિયા તાલુકદારોએ એમને સારો આશ્રય આપ્યો. એ લોકો પોતાનાં ઘરબાર છોડી સ્વામીનારાયણના રક્ષણ માટે એમના પાર્ષદ અને અંગરક્ષક થઈ રહ્યા. સ્વામીનારાયણને જરા એકલા ન મૂકતા અને હમેશાં એમને વીંટળાઈને રહેતા. ગઢડાના એભલ ખાચર અને એમના પુત્ર ઉન્નડ-ઉત્તમ-(દાદા) ખાચરે તો સ્વામીનારાયણને પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું; પોતાનાં ધન માલ સહિત આખું કુટુંબ સ્વામીનારાયણની સેવાપરાયણ થઈ રહ્યું. જ્યારથી એ કુટુંબે સ્વામીનારાયણનો આશ્રય લીધો ત્યારથી તે સ્વામીનારાયણના દેહાવધિ પર્યંત એ કુટુંબે પોતાનું ઘર સ્વામીનારાયણનું કર્યું અને પોતે સ્વામીનારાયણના આજ્ઞાંકિત થઈ રહ્યા. ગઢડામાં અર્ધો હિસ્સો દાદા ખાચરનો હતો અને અર્ધો એમના એક પિત્રાઈ જીવા ખાચરનો હતો. જીવા ખાચર પણ સ્વામીનારાયણના શિષ્ય હતા, પણ સહજાનંદ સ્વામીનો દાદા ઉપર વધારે પ્રેમ જોઈ અને ભાગ સંબંધી ખટપટને લીધે એ સ્વામીનારાયણને કોઈક વાર મરાવી નખાવવા પણ તૈયાર થતા. એ નિરંતર સ્વામીનારાયણને કહેતા કે તમે ભગવાન થઈને દાદા ઉપર પક્ષપાત રાખો છો. એક વાર સ્વામીનારાયણે બન્નેની વચ્ચે કેટલો ફરક છે તે બતાવ્યું. ચોમાસાનો દિવસ હતો; સહજાનંદ સ્વામી નદીએ નાહવા જતા હતા; જીવા ખાચર સાથે હતા. નદી ઉપર એક વેરાગી ચૂલો સળગાવી રાંધતો હતો. ઉપરથી વરસાદના છાંટા પડી પડી એનો ચૂલો હોલવી નાખતા હતા. ફૂંકી ફૂંકી વેરાગીની આંખો લાલ થઈ ગઈ હતી. સહજાનંદ સ્વામીએ જીવા ખાચરને કહ્યું, 'સાધુઓને બહુ ત્રાસ થાય છે માટે એક

ધર્મશાળા ગામમાં બંધાવી હોય તો ઠીક.' જીવા ખાચરે કહ્યું, 'એવા તો ઘણાયે વેરાગડા ભટકે છે.' સહજાનંદ સ્વામી નાહી, દાદા ખાચરના દરબારમાં પધાર્યા અને દાદા ખાચરને પાછી એ જ વાત કરી. દાદા ખાચરે કહ્યું, 'ભલે મહારાજ, આજથી મારું ઘર વેરાગીઓને ઊતરવા માટે આપી દો.' સ્વામીનારાયણે કહ્યું, 'તમારું ઘર જ આપી દેશો તો તમે ક્યાં રહેશો?' દાદાએ કહ્યું, 'હું સાધુઓ ભેળો રહીશ અને સ્ત્રીઓ ત્યાગી બાઈઓમાં રહેશે.' સ્વામીનારાયણે જીવા ખાચર તરફ જોઈ કહ્યું, 'જોયું, તમે કેવો ઉત્તર આપ્યો અને દાદા ખાચરે કેવો આપ્યો તે? આ હેતને લીધે જ અમે એમને ત્યાં ટક્યા છીએ.' સ્વામીનારાયણ વર્ષના લગભગ આઠ મહિના પર્યટન કરતા અને બાકીનો સમય ગઢડામાં આવી રહેતા.

સાધુઓનું મારનું દુઃખ તો ટાળી શકાય એમ ન હતું, પણ પૂજારહિત થવાથી પડતા ઉપવાસનું દુઃખ ટાળી શકાય એમ લાગ્યું. અત્યાર સુધી સર્વે સાધુઓને ભાગવતી દીક્ષા આપવામાં આવતી. એક રાત્રે સ્વામીનારાયણે એ સર્વેને પરમહંસ દીક્ષા આપી દીધી. કંઠી, જનોઈ અને શિખાનો ત્યાગ કરાવ્યો. મૂર્તિની પ્રત્યક્ષ પૂજાને બદલે માનસી પૂજાનો વિધિ શીખવ્યો. સર્વે સાધુઓ એક જ રાત્રિમાં પરમહંસ દીક્ષાને પામ્યા. આ ભાગવતી દીક્ષાધારીઓને કંઠી, જનોઈ અને પૂજાનો ત્યાગ કરી સંન્યાસી થતાં વિલંબ ન લાગ્યો, એ સ્વામીનારાયણે એમના ઉપર કેટલું પ્રભુત્વ મેળવ્યું હતું તે બતાવે છે. એ વૈષ્ણવ સાધુઓ પણ હવે 'સ્વામીનારાયણના મૂંડિયા' ને નામે ઓળખાવા લાગ્યા. સ્વામીનારાયણ આટલા સાધુઓને જ મૂંડિયા કરીને અટક્યા નહિ. એમણે પોતાના

ગૃહસ્થ શિષ્યોની પણ કસોટી કરવા ધારી. અઢાર કાઠી, ગરાસિયા અને સંભાવિત પાટીદારોને એમણે કાગળ લખ્યા કે, 'આ કાગળ વાંચતાં જ જેતલપુર જઈ, ત્યાંના સાધુ પાસે ભગવાં ધારણ કરી, કાશીએ ભણવા જજો.' એ અઢારે જણા, અને એ કાગળની વાત જાણમાં આવતાં બીજા અનેક ગૃહસ્થો, કાગળ પહોંચતાં જ પાણી પીવાની પણ વાટ ન જોતાં ચાલી નીકળ્યા. સ્વામીનારાયણને એમની પરીક્ષા જ લેવી હતી. એમણે એમને પાછા ઘેર વિદાય કર્યા. એમાંના એક પટેલ — અદ્‌ભુતાનંદ સ્વામી — કાગળ મળ્યો તે વખતે મીંઢળ બાંધી વરઘોડે ચડયા હતા. એમણે મીંઢળ તોડી ઘોડાને જેતલપુર તરફ દોડાવી મૂકયો. એ તો પાછા ઘેર ન જ ગયા.

સહજાનંદ સ્વામી પોતાના શિષ્યોને કસવામાં અતિશય કડક હતા એમ ઉપર કહ્યું જ છે. જેણે એમને પોતાના કરી માન્યા તેનામાં અણુમાત્ર કસર ન રહેવા દેવી એવું એમનું પણ હતું. તે પ્રમાણે સખ્તમાં સખ્ત નિયમો કાઢી એ પોતાના શિષ્યોની પરીક્ષા લેતા. એમણે જુદે જુદે સમયે કાઢેલા નિયમોને સાંપ્રદાયિક પરિભાષામાં પ્રકરણો કહે છે. સ્વામીનારાયણે ત્રીસ વર્ષમાં સોથી વધુ પ્રકરણો ફેરવ્યાં હતાં. તેમાંનાં કેટલાંક નીચે પ્રમાણે હતાં :

૧. રાત્રે ગામ બહાર વગડામાં એકબીજાનો સાદ સંભળાય નહિ એટલે દૂર, પલાંઠી વાળી, ધ્યાન ધરવા બેસવું.

૨. શરીરે સર્પ વીંછી ચડે તોયે બેસી રહેવું.

૩. સૂતા પછી જાગી જવાય ત્યાર પછી પાછું સૂવું નહિ કે પગ લાંબો કરવો નહિ.

૪. સન્માન થાય એટલે તરત ગામ બદલવું.

૫. રાત્રે જાગરણ કરી ભજન કરવા બેસવું, અને ઊંઘ આવે તો દળવા બેસવું.

૬. પાથર્યા વિના પૃથ્વી ઉપર જ સૂવું.

૭. રાતું લૂગડું દેખાય તો ઉપવાસ કરવો.

૮. ઘૂમટો કાઢીને સાધુઓએ ચાલવું.

૯. જોડા ન પહેરવા.

૧૦. વાહન પર ન બેસવું.

૧૧. માઘ માસમાં રાત્રે પાણીનાં માટલાં ભરી રાખી, તે પાણીથી સૂર્યોદય પહેલાં સ્નાન કરવું.

૧૨. તાપવું નહિ.

૧૩. અગ્નિને અડકવું નહિ.

૧૪. રાંધેલું અન્ન ખાવું નહિ.

૧૫. કાચા અન્નની ભિક્ષા લેવી નહિ.

૧૬. ભિક્ષાની ઝોળીમાં જે પડે તે ભેગું કરી ઝોળીને પાણીમાં બોળવી, અને પછી તેનો ગોળો વાળી ખાઈ જવો.

૧૭. એક માસ સુધી ખોરી જુવારના રોટલા ખાવા.

૧૮. દૂધમાંથી નીપજતા પદાર્થો ન ખાવા.

૧૯. શેરડીમાંથી નીપજતા પદાર્થો ન ખાવા.

૨૦. રોજ દૂધપાક જ ખાવો.

૨૧. રોજ શીરો જ ખાવો.

૨૨. સત્સંગીની ભિક્ષા ન લેવી; બીજા કોઈની ભિક્ષા મળે તો જ જમવું.

૨૩. જમતાં જે વસ્તુ પર પહેલો હાથ પડે તે જ ખાવી.

૨૪. કોઈ પણ વસ્તુ પંક્તિમાં માત્ર એક વાર લેવી.

૨૫. રસોઈ બધી ભેગી કરી, તેમાં ખોબો પાણી રેડી જમવું.

૨૬. ક્રોધ કરે તેને બધાએ 'હાડહાડ' કરવો.

૨૭. કાઠી કે ગરાસિયો મૂછને આમળો ચઢાવે તો તેને વિમુખ ગણવો.

આ સર્વે નિયમો શરીર અને ઇંદ્રિયદમન તથા સ્વભાવ-દમન પર છે. સ્વાદ જીતવા, શરીરને ટાઢ-તડકો સહન કરવા માટે કસવું, હાથપગની ચંચળતા ટાળવી તથા અજાણે પડેલી ટેવોને છોડાવવી, એવો તેમાં ઇરાદો જણાય છે. કેટલાંક પ્રકરણો કરવાનાં નિમિત્ત કારણ સાંપ્રદાયિક ગ્રંથોમાંથી મળી આવે છે, પણ એ અત્રે જણાવતાં લખાણ વધી જાય.

આવું કડક નિયમન * ન પાળી શકાવાથી કેટલા સાધુઓ નીકળી ગયા. એ પૈકી ઘણાકે સ્વામીનારાયણ સંપ્રદાયનો તો ત્યાગ ન કર્યો, પણ 'એકડમલ' થઈ, એટલે મર્યાદા બહાર જઈ રહ્યા.

જો સહજાનંદ સ્વામી માત્ર કઠણ પ્રકરણો જ ચલાવતા રહ્યા હોત તો ઘણા થોડા એમની જોડે રહેવા ખુશી થાત. પણ સ્વામીનારાયણ એક અપ્રતિમ સંસ્થાપક અને યોજક (organizer) હોવા ઉપરાંત તેમનાં નેણાંમાં અખંડિત 'પ્રેમ તણો પ્રવાહ' વહેતો હતો. તેથી એક બાજુથી એ કઠણ નિયમોથી કસતા અને બીજી બાજુથી એમના ભક્તોને લાડ લડાવવામાં પણ કચાશ ન રાખતા. 'ભક્તાધીન' શબ્દ સહજાનંદ સ્વામીમાં યથાર્થ થયો હતો. સુરતના રસિક ભક્તો એમને ઉત્તમમાં ઉત્તમ કારીગરીનાં વસ્ત્રાલંકારો ભેટ કરે, એમના ઉપર છત્ર ચમ્મર ધરે, વડોદરાના ગાયકવાડ એમની

---

* 'કડક નિયમન' ઉપર પાછળ નોંધ જુઓ.

હાથી ઉપર સવારી કાઢે, દીવ બંદરના શેઠ એમને માટે મોંઘામાં મોંઘો પોશાક લાવે, કાઠીઓ અમૂલ્ય ઘોડાઓ એમની સેવામાં હાજર કરે, સુરત અને ખંભાતથી એમને માટે ખાસ કેરી, બરફી, સૂતરફેણી વગેરે મોકલવામાં આવે તે સઘળું જેમ એ સ્વીકારતા, તેમ જ એક ડોસીએ ખેતરમાં ઊડી ગયેલું રૂ ભેગું કરી, કાંતી, હાથ પનાનો અને દોઢ હાથ લાંબો કકડો વણી આપ્યો તેને છ મહિના સુધી પહેરી રાખ્યો; આણંદના સત્સંગીઓની અતિશય તાણ જોઈ, ત્યાં માર પડવાની ખાતરી છતાં પધારી ધૂળ, છાણ અને પથરાનો વરસાદ સહન કર્યો; કાઠી, કણબી અને કોળીના જાડા રોટલા અને છાશ પ્રેમથી આરોગ્યાં.* એમને પોતાને તો શ્વેત વસ્ત્રો અને સાદું ભોજન જ પ્રિય હતાં; એટલે મૂલ્યવાન વસ્ત્રાલંકારોનો સ્વીકાર કરી, થોડી વાર પહેરી કે પકવાનમાંથી પ્રસાદી કરવા જેટલું જ લઈ કોઈને આપી દેતા. જે ચીજનાં અતિશય વખાણ થાય તેનો ત્યાગ કરવો એવો એમનો સહજ સ્વભાવ હતો. કોઈક કાઠીઓએ એક સરસ ઘોડો ભેટ કર્યો. કેટલાક દિવસ સ્વામીનારાયણે એ વાપર્યો. એક દિવસ કેટલાક શિષ્યોએ કહ્યું કે આખા કાઠિયાવાડમાં રોઝા ઘોડાની જોડ મળે એમ નથી. સ્વામીનારાયણે એ વાત ધ્યાનમાં રાખી. સાંજે ઘોડા ઉપર બેસી નદીએ સ્નાન કરવા ગયા. નદીએ ઘોડા ઉપરથી ઊતરી,

---

* આવી ભક્તવત્સલ વૃત્તિથી ગીતામાં કહ્યું છે કે:

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥

गीता ९–२६

પાસે એક બ્રાહ્મણ ઊભો હતો તેના હાથમાં લગામ સોંપી, 'શ્રીકૃષ્ણાર્પણ' બોલી દીધું. કાઠીઓથી હં, હં, હં, હં, થઈ ગયું. 'બહુ સારું હોય તે આપણને ન જોઈએ' કહી સ્વામીનારાયણ નદીમાં નાહવા લાગ્યા. અશ્વપ્રિય કાઠીઓએ તો આવો ઉત્તમ ઘોડો ચાલ્યો ગયો તેથી બે દિવસ શોક પાળ્યો, પણ સહજાનંદ સ્વામીને એ વાતનો લેશમાત્ર પણ ખટકો ન હતો.

અમદાવાદથી થોડે દૂર આવેલા લાંઘણોજ ગામમાં બે સત્સંગી બાઈઓ રહેતી હતી. એક ભાવસાર સોનબાઈ ગરીબ હતી અને બીજી ગંગામા શ્રીમંત નાગર બ્રાહ્મણ હતી. સોનબાઈએ સ્વામીનારાયણને એમના શિષ્યો સહિત જમવાને નોતર્યા. ગંગામાએ બાઈને કહ્યું, "તારાં દાળ ચોખા હલકાં છે માટે તું સાધુઓ માટે રસોઈ કર અને મહરાજ માટે હું મારા સીધામાંથી રસોઈ કરીને મોકલીશ." બીચારી ગરીબ બાઈના મનમાં ઓછું આવ્યું કે એનું અનાજ મહારાજના ઉપયોગમાં ન આવ્યું. સ્વામીનારાયણને આ વિષેની કાંઈ ખબર ન હતી. એ તો જમવા વખત થયો ત્યારે એ બાઈને ઘેર ગયા. બાઈનું મોઢું ઊતરેલું જોઈ કારણ પૂછ્યું. બાઈ રડી પડી અને બનેલી હકીકત કહી. સ્વામીનારાયણે કહ્યું, "તમારી રસોઈ તૈયાર થઈ હોય તે લાવો, અમે તમારું જ અન્ન જમીશું." બાઈએ તુર્ત પાટલો નાખ્યો અને જમવા બેસાડ્યા. એટલામાં ગંગામા થાળ પીરસી એક માણસ પાસે ઊંચકાવીને લાવ્યાં. સ્વામીનારાયણે માણસને કહ્યું, 'હું તો જમ્યો, એ થાળ તમે અને ગંગામા જમી લો.'

સ્વામીનારાયણ ભક્તના પ્રેમને વશ થઈ ઘણી વાર લોક-રૂઢિને પણ ન ગણકારતા, તેથી કેટલાક એમને 'રીતભાત વિનાના છે' એમ પણ કહેતા. જુનાગઢમાં સ્વામીનારાયણની ભારે દબદબાથી સવારી કાઢવામાં આવી. સવારી નવાબની કચેરી આગળથી જતી હતી તેટલામાં એક પગીના છોકરાએ એમના હાથમાં ચીભડું મૂક્યું. એ એટલા પ્રેમથી અપાયું હતું કે સ્વામીનારાયણે એ ત્યાં જ ખાવા માંડ્યું. એ જોઈ નવાબના દીવાને કહ્યું, "જુઓને, ભગવાન કહેવાય છે અને ચીભડું જાણે જોયું જ ન હોય તેમ રસ્તામાં જ ભચડે છે." નવાબ વિશેષ વિવેકી હતો. એણે કહ્યું કે, 'સ્વામીનારાયણ નિઃસંશય ઓલિયા પુરુષ છે, નહિ તો આટલી સવારીની વચ્ચે એમનામાં ચીભડું ખાવાની હિંમત હોય જ નહિ.'

આવી રીતે ભક્તોની સેવા અંગીકાર કરી તેમને પ્રેમથી નવડાવતા, તેમ સાધુ અને પાર્ષદોને પણ પ્રેમરસમાં ડુબાડતા. પોતાના હાથે સાધુને માટે રસોઈ કરે; પોતાને હાથે પીરસે; અતિ પ્રેમથી સાધુના મોંમાં કોળિયો મૂકે.

'કંઈ જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં,
પાસે હરિજન રે, બેઠા હોય મનગમતા,
તેને આપી રે, પછી પોતે જમે.'

મંદવાડમાં સતત બરદાસ્ત કરાવે; વિદેશથી આવે ત્યારે સામા ઊઠી દંડવત્ પ્રણામ કરી, કોઈ વાર પ્રદક્ષિણા પણ ફરી, બે હાથે ખૂબ સ્નેહથી દાબી ભેટે; હોળીમાં રંગે રમાડી, શરદમાં રાસ લેવડાવી આનંદમાં તરબોળ કરી મૂકે; સાધુઓને માર પડેલો જોઈ આંખમાં પાણી ભરાઈ આવે: એ બધાં ચરિત્રથી પ્રેમસખી કહે છે તેમ,

"ત્રિભુવનમાં એવી કોણ છે,
જે વશ નવ થાયે નાર ?' *

સ્વામીનારાયણને ત્યાગ અને તપનો જ પક્ષ હોવા છતાં એમની લાલિત્યવૃત્તિ ઓછી થઈ ન હતી. રામાનંદ સ્વામીને પોતાના આશ્રમમાં બે વસ્તુની ખોટ જણાઈ હતી: વિદ્વાનની અને સારા ગવૈયાની. મુક્તાનંદ સ્વામી રામાનંદ સ્વામીના સમયથી જ કવિતા અને ભજન કરતા, પણ એમનો અભ્યાસ તે વખતે માત્ર તુલસીદાસ, સુરદાસ વગેરે ભાષાના કવિઓનો જ હતો; સંસ્કૃત શીખેલા નહિ અને ભજન પણ શાસ્ત્રીય પદ્ધતિએ કરી શકતા નહિ.

સ્વામીનારાયણે એ બન્ને ન્યૂનતા પૂરવાનો નિશ્ચય કર્યો.

શિક્ષણની ખોટ કાઢવાનો પ્રસંગ નીચે પ્રમાણે થયો. મોટા આત્માનંદ સ્વામી નામે એક જૂના સાધુને સહજાનંદ સ્વામીએ ઉપદેશ કરવા મોકલ્યા હતા. એ સાધુ બહુ થોડું ભણેલા હતા. એમનું સર્વ વેદાંત 'સ્વામીનારાયણની આજ્ઞા' એ જ હતું. એક ગામમાં કોઈક શાસ્ત્રીઓએ આવી એમને પ્રશ્ન પૂછ્યો કે, 'તમારું સ્વરૂપ શું?' સ્વામીએ કહ્યું કે, 'ગુરુનું વચન એ અમારું સ્વરૂપ.' શાસ્ત્રીઓએ કહ્યું, 'વચન તો શબ્દને કહેવાય; એ કાંઈ સ્વરૂપ થઈ શકે? માટે તમારું સ્વરૂપ કહો.' સ્વામીએ હઠપૂર્વક પાછું કહ્યું, 'ભાઈ, અમારું સ્વરૂપ તો વચન, વચન ને વચન.' સ્વામીનું વેદાંત એમના મોક્ષધર્મ માટે તો સંપૂર્ણ હતું. પણ શાસ્ત્રીઓને એવો આભાસ થયો કે આ સાધુ તો કોઈ મૂર્ખ છે, તેથી તેમણે

* 'નાર'નો અર્થ અહીં ભક્ત કરવાનો છે. ઘણાખરા ભક્તો પોતાને પ્રભુની ગોપીરૂપ માને છે.

એમની મશ્કરી કરી અપમાન કર્યું. વેદાંતના વિવાદીઓને સ્વામીનું જ્ઞાન અધૂરું લાગે એમાં નવાઈ નહોતી. સ્વામીનારાયણને એ વાતની જાણ થઈ. કોઈ પંડિતો વાદ કરવા આવે ત્યારે તેમને યોગ્ય ઉત્તર ન આપી શકાય એ સ્થિતિ એમને શોચનીય લાગી, અને તેથી એમણે મોટા નાના સર્વ સાધુઓને ભણવાની આજ્ઞા કરી. મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને ભણવા માટે ખાસ સુરત મોકલ્યા. એ સંસ્કૃત ભણીને આવ્યા ત્યારે એમનો સભા વિષે અતિશય સત્કાર કર્યો. બીજા ભણનારાઓને પ્રસાદી આપી ઉત્તેજન દેવા લાગ્યા. ન ભણે તેને પ્રાયશ્ચિત્ત આપ્યાં. નાના સાધુઓને ભણવા માટે ખાસ વ્યવસ્થા કરી. નાના સાધુઓમાં પણ જે વિદ્વાન કે ચારિત્ર્યવાન દેખાય તેને મોટા સાધુઓના જેટલું જ માન મળે એવો પ્રબંધ કર્યો. આને પરિણામે થોડાં વર્ષમાં મુક્તાનંદ સ્વામીનો સંસ્કૃતનો અભ્યાસ એવો સરસ થયો કે એ એકલા વડોદરામાં પંડિતો જોડે શાસ્ત્રાર્થ કરવા જઈ શક્યા અને ત્યાં જીતીને આવ્યા. સ્વામીઓ ગોપાળાનંદ, નિત્યાનંદ, શુકાનંદ, વાસુદેવાનંદ બ્રહ્મચારી જેવા સંસ્કૃત કવિઓ, વેદાંત તથા ન્યાયના શાસ્ત્રીઓ અને ભાષ્યકારો ઉત્પન્ન થયા. ગુજરાતમાં તે સમયમાં સંસ્કૃત શાસ્ત્રીઓમાં દીનાનાથ ભટ્ટનો નંબર ઊંચો હતો. એ કવિને સંસ્કૃત પુસ્તકો લખવા માટે ખાસ રોક્યા; ગોપાળાનંદ સ્વામીએ સ્વામીનારાયણના સિદ્ધાંતાનુસાર ગીતાભાષ્ય, સૂત્રભાષ્ય અને બીજાં કેટલાંક પુસ્તકો રચ્યાં; નિત્યાનંદ સ્વામીએ શ્રીહરિદિગ્વિજય નામે ગ્રંથ કરી સ્વામીનારાયણના વેદાંત સિદ્ધાંતોને સમજાવ્યા તથા કેટલાંક પુસ્તકોની સંસ્કૃતમાં અને કેટલાંકની ગુજરાતીમાં ટીકા લખી;

શુકમુનિએ સાંપ્રદાયિક ગ્રંથોની ટીકા, સ્વામીનારાયણનાં વચનામૃતોનો સંસ્કૃત અનુવાદ તથા તે ઉપર ટીકા લખ્યાં; દીનાનાથ ભટ્ટ અને વાસુદેવાનંદ બ્રહ્મચારીએ 'સત્સંગીજીવન' અને 'સત્સંગીભૂષણ' નામે બે મોટા સંસ્કૃત ગ્રંથો રચ્યા. *

જતે દહાડે સંપ્રદાયનાં પુસ્તકો જ સંપ્રદાયની પુષ્ટિ કરે છે એવો સહજાનંદ સ્વામીનો દૃઢ મત હતો. સંપ્રદાયનો પ્રવેશ વિદ્વદ્વર્ગમાં સંસ્કૃત દ્વારા જ તે વખતમાં થઈ શકતો, એટલે સાંપ્રદાયિક સાહિત્ય એ ભાષામાં લખવું આવશ્યક હતું; પણ જનસમૂહમાં તો પ્રાકૃત ભાષાને જ પ્રધાન સ્થાન આપવું જોઈએ એ તે સારી પેઠે જાણતા હતા. તેથી એમણે મુક્તાનંદ સ્વામીને મરણ પર્યંત પ્રાકૃત ભાષામાં જ લખવાની આજ્ઞા કરી હતી. મુક્તાનંદ સ્વામીએ પણ એ આજ્ઞા અક્ષરશઃ પાળી હતી. એ સદ્‌ગુરુ કેટલાંક વર્ષથી ક્ષયથી પીડાતા હતા, છતાં માત્ર મરણને આગલે દિવસે જ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી એમણે પોતાની કલમ નીચે મૂકી હતી. તે જ પ્રમાણે બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી વગેરે કેટલાક સાધુઓને રોજ અમુક પદો લખ્યા સિવાય જમવું નહિ એવો નિયમ હતો. નિષ્કુળાનંદ સ્વામીએ તો પોતાનો સર્વ આત્મા વૈરાગ્યમાં અને વૈરાગ્યપ્રધાન પુસ્તકોમાં જ રેડવાનો ધંધો માંડ્યો હતો.

કેવળ પંડિતાઈ માટે સહજાનંદ સ્વામીને જરાયે મોહ ન હતો. વિદ્વત્તા કરતાં ચારિત્ર માટે જ એમને વિશેષ આદર હતો. ચારિત્ર માટે સંપ્રદાયમાં 'વૃત્તાન્ત' શબ્દ વપરાતો. એક વાર એક સાધુને સહજાનંદ સ્વામીએ બુરાનપુર જવા

* 'સત્સંગી જીવન' એ શતાનંદ મુનિના નામથી લખાયેલો છે, પણ એ નામના કોઈ સાધુ વિષે કાંઈ જણાયું નથી.

આજ્ઞા કરી. બુરાનપુર તો તે વખતમાં દૂર દેશાવર ગણાય. કોઈકે કહ્યું, 'મહારાજ, એ સાધુ ભણેલા નથી અને એટલે દૂર કોઈક સવાલ જવાબ કરશે તો એ મૂંઝાઈ જશે.' સ્વામીનારાયણે કહ્યું, 'એ ભણેલા નથી તેની ફિકર નથી, કારણ કે એમનું વૃત્તાન્ત શુદ્ધ છે; ધન અને સ્ત્રીથી એ લેવાય એવા નથી. એમનું વૃત્તાન્ત એમને પ્રશ્નોત્તરમાં સાહાય્ય કરશે.' એક નૃસિંહાનંદ સાધુ સવારના પહોરમાં ઊઠી સ્વામીનારાયણ પાસે દીવો બળે તેને અજવાળે વાંચવા માટે બેસતા. શિયાળાના દિવસ હતા; સહજાનંદ સ્વામી પાસે બેસી સગડીએ તાપતા. નૃસિંહાનંદજી વાંચતા જાય, પણ એમનું ચિત્ત સ્વામીનારાયણની મૂર્તિનું ધ્યાન ધરવામાં ખેંચાયા કરે એટલે ભણવાનાં પાનાં હાથમાં રહી જાય અને એ સ્વામીનારાયણને એકટશે જોતા બેસી રહે. સ્વામીનારાયણ એમને ટોકે એટલે વળી પાછું વાંચવા માંડે. કેટલાક સાધુઓને ભણવાની આજ્ઞા ગમતી ન હતી; તે પ્રમાણે સહજાનંદ સ્વામીએ ધાર્યું કે નૃસિંહાનંદને પણ ભણવું ગમતું નથી માટે જાણીને ભણવામાં ચિત્ત રાખતા નથી. એક દિવસે એ પ્રમાણે નૃસિંહાનંદની વૃત્તિ સ્વામીનારાયણમાં ચોંટી હતી એટલામાં હાથમાંનાં પાનને સગડીની ઝાળ લાગી અને સળગી ઊઠ્યું. સહજાનંદ સ્વામીએ એમને ફેલી કહી ખૂબ ઠપકો દીધો. એટલે નૃસિંહાનંદ રોઈ પડ્યા, અને કહ્યું કે, 'હું ફેલ કરતો નથી; પણ આપનામાં મારું ચિત્ત ખેંચાઈ જાય છે અને હું સ્થિર થઈ જાઉં છું.' સ્વામીનારાયણ આ ઉત્તરથી બહુ પ્રસન્ન થયા અને કહ્યું કે, 'તમે હવે બધું ભણી ચૂક્યા. ભણાવી ભણાવીને પરમેશ્વરમાં સ્થિર વૃત્તિ કરવી એ જ હેતુ છે.' મોક્ષને સાહાય્યકારી જે વિદ્યા ન હોય

એને માટે સ્વામીનારાયણુને બહુ ઓછો મોહ હતો. દીનાનાથ ભટ્ટને એક વાર સહજાનંદ સ્વામીએ પૂછ્યું, 'તમને કેટલાક શ્લોક આવડે છે?' ભટ્ટે કહ્યું કે, 'મને ૧૮,૦૦૦ શ્લોક કંઠે છે.' સહજાનંદ સ્વામીએ પૂછ્યું, 'એમાંથી તમે તમારા મોક્ષના કેટલા માન્યા છે?' ભટ્ટે કહ્યું, 'એનો તો મેં હિસાબ નથી કર્યો, મહારાજ.' સહજાનંદ સ્વામીએ કહ્યું, 'ત્યારે તમે શ્લોક કંઠે કરીને શું દિવસ ઉજાળ્યો?'

સ્વામીનારાયણે જેમ એક લેખકમંડળ તૈયાર કર્યું તેમ એક ભજનમંડળ પણ ઊભું કર્યું. સ્વામી પ્રેમાનંદ અને દેવાનંદ એ બે ઉત્તમ ગવૈયાઓ હતા. પ્રેમાનંદ સ્વામીએ તો પૂર્વાશ્રમમાં સંગીતનો ઉત્તમ અભ્યાસ કર્યો હતો; એમના સંગીતથી તો આખી સભા રોમાંચિત થઈ જતી. એમના સંગીતમાં એટલો પ્રેમ ભરેલો રહેતો કે સ્વામીનારાયણે એમની પ્રશંસા કરતાં એક વાર કહ્યું કે, 'એ સાધુને ઊઠીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીયે એવું મન થઈ જાય છે.' બૃહત્ કાવ્ય-દોહનમાં એમના નામ તળે ટીપ છે કે સહજાનંદ સ્વામીના વિરહની ગરબીઓ જ્યારે એમણે સુરતમાં ગાઈ હતી ત્યારે એકેએક શ્રોતાની આંખમાંથી આંસુ ચાલ્યાં હતાં.

૭. પ્રવૃત્તિઓ

જેમ જેમ સત્સંગ વધતો ગયો તેમ તેમ સ્વામીનારાયણના મહત્ત્વના સિદ્ધાન્તો પણ ફેલાવા લાગ્યા. સત્સંગ બહાર પણ એમની ચળવળ શરૂ થઈ. એ ચળવળોમાંની મુખ્ય હિંસાયુક્ત યજ્ઞ બંધ કરવાની હતી. પહેલો પ્રસંગ એમને ભુજમાં મળ્યો. ભુજના કારભારી જગજીવન મહેતાએ યજ્ઞ આરંભ્યો હતો. સ્વામીનારાયણે જઈ અહિંસામય યજ્ઞ કરવા એમને સમજાવ્યા. જગજીવને પંડિતોની સભા કરી તેમાં સહજાનંદ સ્વામીની જીત થઈ. જગજીવન મહેતાને પોતાનો યજ્ઞ બંધ કરવો પડ્યો એ એને રુચ્યું નહિ. એ સ્વામીનારાયણનો દ્વેષી થઈ રહ્યો, પણ એની સ્ત્રી સ્વામીનારાયણની સત્સંગી થઈ. ત્યાર પછી અહિંસામય યજ્ઞ કરવાની પ્રથા પાડવાને સ્વામીનારાયણે પોતે એવા યજ્ઞો કરવાનું આરંભ્યું. પહેલો યજ્ઞ એમણે જેતલપુરમાં કર્યો. અમદાવાદમાં તે વખતે પેશ્વાઈમાં વામમાર્ગનું બહુ જોર હતું. પેશ્વાના સૂબાનું વલણ પણ એ જ માર્ગ તરફ હતું. વામમાર્ગીઓએ એ યજ્ઞમાં વિઘ્ન કરવા બહુ પ્રયત્ન કર્યો છતાં એ યજ્ઞ તો પાર પડ્યો. પણ એ યજ્ઞ સ્વામીનારાયણને કષ્ટનું કારણ થઈ પડ્યો. એ યજ્ઞ થયા પછી સૂબાનો બાપ મરી ગયો. કોઈકે કહ્યું કે એના પ્રાંતમાં દેવને મળતો પશુભાગ બંધ થવાથી એના પિતાનું મરણ થયું. બીજા કોઈકે વળી કહ્યું કે એના પિતાને મારી નખાવવા માટે જ સ્વામીનારાયણે

હિંસારહિત યજ્ઞ

એ યજ્ઞ કર્યો હતો. ત્રીજી વળી એવી ગપ ઊડી કે સ્વામી-નારાયણ તો જાતે શૂદ્ર છે અને બ્રાહ્મણોને ઉપદેશ દઈ અધર્મ કરે છે; સૂબો એવો અધર્મ એના પ્રાંતમાં ચાલવા દેશે તો પેશ્વાઈ નાશ પામશે. મૂર્ખ સૂબાએ બધી વાતો ખરી માની. એ સહજાનંદ સ્વામીને પોતાના શત્રુ માનવા લાગ્યો.

સહજાનંદ સ્વામી જેતલપુરમાં યજ્ઞ પૂરો કરી અમદાવાદ પધાર્યા હતા. સૂબાએ એમને મારી નાખવાનું કપટ કર્યું. એક તેલનું ટાંકું તૈયાર કરી તે ઉપર ગાદી નખાવી રાખી. પછી સ્વામીનારાયણને પોતાના દરબારમાં પધારવા નિમંત્રણ મોકલ્યું. સ્વામીનારાયણને કપટની શંકા તો હતી જ, પણ પોતે સાધુ ઠર્યા એટલે નિમંત્રણને માન આપી પધાર્યા. સૂબાએ પેલી ગાદી ઉપર બેસવા સ્વામીનારાયણને આગ્રહ કર્યો. રાજ્યગાદી કરતાં ઉચ્ચ આસને બેસવા સ્વામીનારાયણે ના પાડી અને નીચે જ બેઠા. સૂબાએ પછી એક નાચનારીને બોલાવી. જેવી તે આવીને પોતાનું નૃત્ય શરૂ કરવા ગઈ, કે સ્વામીનારાયણે એની ચિત્તવૃત્તિ ખેંચી લીધી. તેથી સમાધિ થતાં એ જમીન ઉપર પડી. સ્વામીનારાયણ જોડે કેટલાક ત્યાગીઓ પણ હતા. એમના અને એમના ત્યાગીઓના વ્રતનો ભંગ કરાવવા માટે સહજાનંદ સ્વામીએ સૂબાને ઠપકો દીધો. એટલે સૂબાએ પોતાનું રૂપ પ્રકાશ્યું. એણે સહજાનંદ સ્વામીને ખડકિયે દરવાજેથી શ્રીપુર તુર્ત છોડી જવા અને ફરીથી શહેરમાં ન આવવા આજ્ઞા કરી. સ્વામીનારાયણે, 'ક્યાં સુધી ન આવવું' કહી મુદત પૂછી. વિનાશકાળ સમીપ આવવાથી વિવેકભ્રષ્ટ થયેલા સૂબાએ કહ્યું, 'જ્યાં સુધી અમદાવાદમાં પેશ્વાનું રાજ્ય હોય ત્યાં સુધી.' એટલામાં પેલી નાચનારી સમાધિમાંથી જાગી

અને સ્વામીનારાયણને પગે પડી માફી માગવા લાગી. સમાધિમાં એણે નરકયાતના ભોગવી હતી. સ્વામીનારાયણે એને માફી આપી નાચવાનો ધંધો છોડી દેવા કહ્યું. આટલો બનાવ બન્યા પછી સ્વામીનારાયણ ત્યાંથી ઊઠી નીકળ્યા, અને ઊઠતાં ઊઠતાં ટાંકા પરની પેલી ગાદી પર લાકડી ટેકવી. તેવી જ તે ગાદી નીચે સરી પડી. સહજાનંદ સ્વામી સૂબા ઉપર એક દૃષ્ટિ ફેંકી બહાર નીકળી પડ્યા.

બીજે વર્ષે સ્વામીનારાયણે પાછો જેતલપુરમાં યજ્ઞ કરવા ધાર્યો. સૂબાએ સ્વામીનારાયણને પકડવા જેતલપુરમાં માણસો મોકલ્યા. સ્વામીનારાયણ તે દિવસે એક નજદીકના ગામમાં ગયા હતા એટલે માણસો પાછા અમદાવાદ ગયા. સૂબાની અતિશય ઇતરાજી જોઈ સ્વામીનારાયણે યજ્ઞનો સામાન રતોવાઈ નડિયાદ પાસેના ડભાણ ગામમાં મોકલી દીધો. ત્યાં અંગ્રેજી રાજ્ય સ્થપાઈ ગયું હતું. ત્યાંના અધિકારીઓએ સહજાનંદ સ્વામીનો સારો સત્કાર કર્યો અને યજ્ઞ કરવામાં સારી મદદ પણ આપી થોડા સમય પછી અમદાવાદ અંગ્રેજના હાથમાં આવ્યું ત્યારે અમદાવાદના અધિકારીઓએ સ્વામીનારાયણને નિમંત્રણ મોકલ્યું, અને અતિશય માનસહ પધરામણી કરાવી તથા મંદિર બાંધવાને જગ્યા આપી.

હિંસામાં થતો પશુવધ અટકાવવા જેમ સ્વામીનારાયણે પ્રવૃત્તિ કરી તેમ જ બાળહત્યા અટકાવવા પણ કરી.

बाळहत्या-निषेध

ગરાસિયાઓમાં કન્યાને જન્મતાં જ દૂધ-પીતી કરવાનો દુષ્ટ રિવાજ હતો. સ્વામી-નારાયણે પોતાના શિષ્યોને તેમ ન કરવા ફરમાવ્યું. એક ગરાસિયા શિષ્યે કહ્યું કે, ‘બધું કરું પણ એ

એક ન કરું.' સ્વામીનારાયણે કહ્યું, 'મારે એટલી એક જ આજ્ઞા તમારી પાસે પળાવવી છે', અને સાથે ઉમેર્યું કે, 'અમારું કહ્યું નહિ માનો તો બીજી એક સત્તા આવશે તે જબરદસ્તીથી એ આજ્ઞા પળાવશે.'

સતી વિષે

સતી થવાના ચાલ વિષે સ્વામીનારાયણની વૃત્તિ કેવા પ્રકારની હતી તે મુક્તાનંદ સ્વામીના સતી-ગીતામાંના નીચેના પદ પરથી સમજાશે:

ત્રણ્ય પ્રકારની પતિવ્રતા જેહ જી,
ભિન્ન ભિન્ન કરી વર્ણવી સર્વ તેહ જી;
જેને બળવાનો ન અધિકાર જી,
તે સતિયુંનો કરું નિરધાર જી. ૧
નિરધાર કરી કહું પતિવ્રતા, જેને પતિસંગે ન બળાય;
જ્ઞાન, વૈરાગ્ય કે ભક્તિવંતી, તે બળી ભસ્મ ન થાય. ૨
બ્રહ્મચર્યાદિક નિયમ જે, વિધવાના ધર્મ ઉદાર;
તે પાળ્યાની શક્તિ હોય તે, ન બળે કરીને વિચાર. ૩
મોક્ષ ઇચ્છાવાન જે, વળી પુત્રવંતી જે હોય;
નાનાં બાળક કે ગર્ભવંતી, સતી બળે નહિ સોય. ૪
જે સતીયું એવી રીત્યની, તેને બળ્યાનો ન અધિકાર;
મન, કર્મ, વચને તેહને, હરિ સેવવા કરી પ્યાર. ૫
પતિ મુવા પછી પતિવ્રતા, પતિ સંગ જે બળી જાય;
તે અરુંધતી તુલ્ય નારી, સ્વર્ગમાં પૂજાય. ૬
એ આદિ પતિ સંગ બળ્યાનાં, વચન ગ્રંથમાં જેહ;
સૌ વિનતાને નથી કહ્યાં, હવે વિગતે વર્ણવું તેહ. ૭
મોક્ષ ઇચ્છા રહિત જે, નિજ ધર્મે રહે ન લેશ;
મુક્તાનંદ તે માનનિયું, કરે તે અનળ પ્રવેશ. ૮
(સતીગીતા, કડવું ૧૮મું.)

આવી રીતે સતી થવાનું ફળ મોક્ષને વિરોધી દર્શાવી બળી મરવાનો આદર્શ જ સ્વામીનારાયણે સત્સંગી સ્ત્રીઓમાંથી કાઢી નાખ્યો અને તેને બદલે विधवाभिस्तु योषाभिः सेव्यः पतिधिया हरिः એ આદર્શ બેસાડ્યો.

લગ્નમાં ગવાતાં બીભત્સ ગીતો તરફ એક વાર સ્વામીનારાયણનું લક્ષ ખેંચાયું. સત્સંગી સ્ત્રીઓ પણ એવાં ગીતો ગાવામાં ભાગ લેતી હતી. તે જોઈ સ્વામીનારાયણ ઉદાસ થઈ ગયા અને જે ગામમાં એ ગીત ગવાતાં હતાં ત્યાંથી તુર્ત ચાલી નીકળ્યા. સ્વામીનારાયણની ઉદાસીનું કારણ જ્યારે હરિજનોએ જાણ્યું ત્યારે એ એમની પાછળ ગયા અને ગીતો બંધ કરવાનું વચન આપી પાછા તેડી ગયા. સ્વામીનારાયણે ત્યાંથી જ ગામેગામ પોતાના શિષ્યોને પત્રો મોકલ્યા કે એમના શિષ્યોએ લગ્નમાં બીભત્સ ગીત ગાવાં નહિ, અને લગ્ન પ્રસંગે રાધા કે રુક્મિણી વિવાહનાં ધોળ ગાવાં. સારાં પદો ગાઈ શકાય તેટલા માટે મુક્તાનંદ સ્વામી તથા પ્રેમાનંદ સ્વામીને રાધાવિવાહ તથા રુક્મિણીવિવાહનાં ધોળો રચવા આજ્ઞા કરી.

લગ્નનાં બીભત્સ ગીતો

હોળીનો બીભત્સ પ્રકાર પણ સ્વામીનારાયણના કોઈ પણ મંદિરમાં થતો જોવામાં આવશે નહિ. એ વિષે એક રમૂજી પ્રસંગ બન્યો. મુક્તાનંદ સ્વામી અતિશય વિનયી સાધુ હતા. નાના બાળકને પણ કદી તુંકારે બોલાવતા નહિ. એમનાં પદોમાં કોઈ ઠેકાણે ગ્રામ્ય શબ્દો દેખાશે નહિ. સહજાનંદ સ્વામીએ

હોળીનાં ગીતો

એમને અસભ્ય ફટાણાંને બદલે એ રાગનાં, અંતઃશત્રુઓ ઉપર પ્રહાર કરનારાં, પદો રચવા કહ્યું. તે ઉપરથી સ્વામીએ ચાર પદો રચ્યાં. તેની પહેલી લીટી નીચે પ્રમાણે છેઃ

'અવિદ્યા છે નકટી નાર, પ્રભુથી પાછી ભાગે જો.'

એ પદની છેલ્લી લીટીમાં સ્વામી કહે છે,

'મુક્તાનંદ કહે મુરખ લોક, પાધરા દીસે પાજી જો.'

સહજાનંદ સ્વામીને એ પદમાં 'પાજી' જેવો શબ્દ જોઈ આશ્ચર્ય થયું અને બોલ્યા કે સ્વામીના પદમાં પણ એવો શબ્દ આવી ગયો, માટે ફટાણાંની ભાવના જ ખરાબ છે. એટલું કહી ફટાણાંના પ્રકારનાં વિશેષ પદો ન રચવાની અને હરિજનોને પણ ફટાણાં ન ગાવાની આજ્ઞા કરી.

वहेमोनुं खंडन अने एकेश्वर भक्ति

સ્વામીનારાયણે વહેમોનું ખંડન પણ અતિ સફળતાપૂર્વક કર્યું. મંત્ર, જંત્ર અને મલિન દેવ-દેવીઓની ભીતિ ન રાખવા વિષેનો એમનો પત્ર સત્સંગમાં પ્રસિદ્ધ છે. એ પત્ર ટૂંકો છે અને એમાંનું એકેએક વાક્ય અવતરણ કરવા યોગ્ય હોવાથી એ નીચે ઉતારું છું:

"અનિર્દેશથી* લિખાવિતંગ સ્વામીશ્રી ૭ સહજાનંદજી મહારાજના સર્વે સત્સંગી બાઈ ભાઈ નારાયણ વાંચજો.

---

* સહજાનંદ સ્વામી પોતાના સર્વે પત્રોમાં પોતાનું સ્થાન 'અનિર્દેશ' જણાવતા. એ શબ્દનો ધાત્વર્થ 'અચોક્કસ' એવો થઈ શકે. એમણે એનો અર્થ ધર્મપુરનાં રાજમાતા કુશળકુંવરબાઈને નીચે પ્રમાણે સમજાવ્યો હતો.

આ આપણે જે ઓરડામાં બેઠાં છીએ તે નિર્દેશ કહેવાય અને

"બીજું લખવા કારણ એ છે જે જે મનુષ્યને જેવું પોતાનું પ્રારબ્ધ હોય તેને અનુસારે તેના દેહને સુખદુઃખ થાય છે, તથા જન્મમરણ થાય છે. પણ જીવના પ્રારબ્ધકર્મને ઉલ્લંઘન કરીને તો રુદ્ર, ભૈરવ, ભવાની આદિક જે દેવ ને દેવીયું છે તે કોઈએ પણ એ જીવને સુખદુઃખ દેવાને અર્થે અને મારવા જીવાડવાને અર્થે સમર્થ થતા નથી.

"ને પ્રારબ્ધકર્મ ને કાળ તેને ખોટાં કરી નાખવાં તથા મુવાંને જીવતાં કરવાં, તેમ જીવતાંને મારી નાખવાં તેને વિષે તો એક પરમેશ્વર નારાયણ માત્ર સમર્થ છે; પણ બીજા કોઈ દેવદેવી સમર્થ નથી, માટે એક પરમેશ્વરનો દૃઢ આશ્રય રાખીને નિત્યે ભજન સ્મરણ કર્યા કરવું અને કોઈ દેવદેવીનો ભય રાખવો નહિ. આપણે તો સર્વ ભગવાનના ભક્ત છઈએ ને શૂરવીર છઈએ, માટે હરિભક્તને તો કોઈ રીતનો મનમાં ભય રાખવો ઘટે નહિં.

"અને જંત્ર, મંત્ર, ઔષધિએ કરીને કોઈ માણસ જીવતો રહેતો હોય તો પૃથ્વીમાં કોઈક તો દેખવામાં આવત પણ એવો કોઈ દીઠામાં આવતો નથી.

તમારો મહેલ એ અનિર્દેશ કહેવાય; તેમ જ તમારો મહેલ એ નિર્દેશ કહેવાય અને ધર્મપુર અનિર્દેશ કહેવાય; તથા ધર્મપુર એ નિર્દેશ કહેવાય અને ભરતખંડ એ અનિર્દેશ કહેવાય; પછી ભરતખંડ એ નિર્દેશ કહેવાય અને પૃથ્વી એ અનિર્દેશ કહેવાય; ત્યાંથી પૃથ્વી એ નિર્દેશ કહેવાય અને અક્ષર બ્રહ્મ એ અનિર્દેશ કહેવાય. અમે ત્યાં બેઠા લખીએ છીએ માટે અમારું સ્થાન અનિર્દેશ છે.

"અને જો બહુ મંત્ર જંત્ર કોઈ ઉપર કોઈના ચાલતા હોય તો ઘણાક શત્રુ જેની ઉપર હોય એવા મોટા મોટા જે રાજાઓ તે જીવતા શી રીતે રહે? અને જો જંત્રે મંત્રે જ કરીને સિદ્ધિ થતી હોય તો લાખો રૂપીઆ ખર્ચીને રાજાઓ લશ્કર રાખે છે તથા આયુદ્ધ સામગ્રી રાખે છે એવડું શા માટે કરે? એક ભારે મંત્રશાસ્ત્રી રાખે ને મંત્રજંત્રની સિદ્ધિએ કરીને સર્વ પ્રતિપક્ષીને મારી નંખાવે.

"પણ તેમ તો કોઈ ઠેકાણે દેખાતું નથી. માટે નિર્ભય થકા નારાયણનું ભજન કરજ્યો, અને કેવળ ભગવાનનો જ દૃઢ વિશ્વાસ રાખજ્યો. જેમ ભગવાને ધાર્યું હશે તે સત્ય થાશે. આપણું ધાર્યું કે બીજા કોઈનું ધાર્યું નહિ થાય, કેમકે કોઈ જીવનું ધાર્યું થાતું હોય તો કોઈ ગરીબ રહે નહિ. સર્વેને રાજા થવાનો ઉમેદ છે પણ તેમ થાતું નથી. માટે પરબ્રહ્મ પુરુષોત્તમ એવા સમર્થ ભગવાનના આશ્રય તળે રહીને નિર્ભય થકા નારાયણનું ભજન કરજ્યો.

"આ પત્ર લખવાનો મૂળ ઉદ્દેશ તે તમે એકાગ્ર મન કરીને ધારજો તથા વિચારજો."

સ્વામીનારાયણીઓ ઉપર ઘણી વાર એવો આક્ષેપ મુકાય છે કે એ લોકો બીજાં દેવદેવીઓનો ભાર નથી રાખતા. એ ખુમારીનું કારણ ઉપલા પત્ર પરથી સમજાશે અને સ્વામી-નારાયણના ઉપદેશના સાફલ્યનો પણ એમાંથી ખ્યાલ આવશે. દેવદેવીઓ કે ભૂતપ્રેતના અસ્તિત્વનો સ્વામીનારાયણીઓ અસ્વીકાર નથી કરતા, પણ ખુમારીવાળા સ્વામીનારાયણીની ભાષામાં કહું તો એ લોકો એ સર્વેને પરમેશ્વર અને પરમેશ્વરના ભક્ત આગળ 'સડતાળાનાં રાંક' જેવાં ગણે છે. સંપ્રદાયમાં વિષ્ણુ,

શિવ, પાર્વતી, ગણપતિ અને સૂર્ય એ પંચાયતન દેવની તથા હનુમાનની પૂજા થાય છે, પણ તે પણ તેમને પરમેશ્વરનાં જ સ્વરૂપ સમજીને અથવા પરમેશ્વરના મહાન ભક્ત સમજીને કરવામાં આવે છે. દાખલા તરીકે, હનુમાનને જે નૈવેદ્ય ધરવામાં આવે છે તે પહેલાં કૃષ્ણને ધરાવી પ્રસાદી કરેલું હોય છે.

अ-हिंदुजातिओनो हिंदुधर्ममां प्रवेश

વળી હિંદુધર્મમાં અહિંદુ જાતિઓને શામિલ કરવામાં પણ સ્વામીનારાયણ પ્રથમ હતા. એક પારસી (સુરતનો પ્રસિદ્ધ કોટવાલ અરદેશર) તથા કેટલાક ખોજા મુસલમાનોએ સ્વામીનારાયણ સંપ્રદાય સ્વીકાર્યો હતો. હજુયે કેટલાક મુસલમાનો એ ધર્મ પાળે છે.

शूद्र जातिओनी उन्नति

ગુજરાત–કાઠિયાવાડની શૂદ્ર જાતિઓની ધાર્મિક ઉન્નતિ કરનાર પણ સ્વામીનારાયણ પહેલા હતા. એમણે કહેવાતી નીચ જાતિઓમાં એટલું બધું કાર્ય કર્યું હતું કે જૂના સંપ્રદાયીઓને, સ્વામીનારાયણના ઘણાખરા શિષ્યો કડિયા, દરજી, સુથાર, ખારવા, મોચી અને ઢેડ હતા, એ જ તે ધર્મનો વિરોધ કરવાને સબળ કારણ લાગતું હતું. અંગ્રેજ લેખકોએ સ્વામીનારાયણને બહુધા મહાન હિંદુ સુધારક (a great Hindu reformer) કહીને જ ઓળખાવ્યા છે. પણ નીચ જાતિઓને સંસ્કૃત કરવાની સ્વામીનારાયણની પદ્ધતિ જુદા પ્રકારની હતી. એમનો સુધારો ઉચ્ચ જાતિઓને હલકી જાતિઓ સાથે ભેળવી દઈ ઉચ્ચ જાતિમાં હલકા સંસ્કાર પાડવાનો ન હતો, પણ નીચ જાતિઓને ચડાવી એમનામાં ઉચ્ચ

જાતિના સંસ્કાર પાડવામાં સમાયો હતો. એટલે એમણે ઢેડ, મોચી, સુથાર, દરજી, કણબી અને મુસલમાન સુધ્ધાંને શુદ્ધ બ્રાહ્મણના જેવી રહેણી રહેતાં શીખવી દીધું. મદ્ય, માંસ અને માદક વસ્તુઓનો ત્યાગ કરવો, રોજ નાહી, પૂજા કર્યા વિના ખાવું નહિ, ગાળ્યા વિનાનાં દૂધ કે જળ પીવાં નહિ,— અરે, ડુંગળી, લસણ અને હિંગ જેવી વસ્તુઓનો પણ ત્યાગ રાખવો,— એ સ્વામીનારાયણીય સંસ્કારો હતા.

વર્ણાશ્રમના ધર્મો વર્ણાશ્રમ-ધર્મો વિષે સહજાનંદ સ્વામીની વૃત્તિ આ પ્રકારની કહી શકાય:

૧. પરમેશ્વરના અવતારો કેવળ વર્ણાશ્રમના ધર્મો સ્થાપવાને નથી થતા, એ ધર્મનું સ્થાપન તો મનુ આદિક ઋષિઓ પણ કરી શકે છે, પરમેશ્વરના અવતાર એકાંતિક ધર્મની સ્થાપના માટે થાય છે.

૨. વર્ણાશ્રમના ધર્મો હમેશને માટે એકસરખા નથી. કેટલાક દેશકાળ પ્રમાણે બદલાય છે; પણ અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, ક્ષમા, દયા વગેરે ધર્મો સનાતન છે.

૩. કેવળ વર્ણાશ્રમના ધર્મથી મોક્ષ થતો નથી. વર્ણાશ્રમના ધર્મ પાળવાથી કેવળ આ લોકમાં સુખી રહેવાય છે અને કીર્તિ પ્રાપ્ત થાય છે.

૪. પણ વર્ણાશ્રમના ધર્મોનું પાલન આવશ્યક છે. પરમેશ્વરની ઇચ્છાથી અને લોકકલ્યાણાર્થે મનુ આદિક ઋષિઓએ એનું સ્થાપન કર્યું છે, માટે મોક્ષની ઇચ્છાવાળો એનો ત્યાગ ન કરે; કારણ કે એના પાલનમાં પરમેશ્વરની પ્રસન્નતા રહેલી છે તથા તે દ્વારા અંતઃકરણની નિર્મળતા થાય છે. એટલે

પરમેશ્વરને પ્રસન્ન કરવા માટે એ ધર્મોનું પાલન બ્રહ્મનિષ્ઠ હોય તે પણ કરે. જે બ્રહ્મનિષ્ઠ પુરુષ તદ્દન દેહાભિમાન રહિત હોય તે જ વર્ણાશ્રમના ધર્મનું બંધન તોડી શકે છે. પણ જે સંસાર-વ્યવહારની સર્વ ક્રિયામાં સાવધાન થઈ વર્તતો હોય અને કેવળ ધર્મભક્તિના વિષયમાં अहं ब्रह्मास्मि થઈ બેસે છે તે અધર્મી છે.

૫. પણ જે મનુષ્ય વર્ણ અને આશ્રમનું અભિમાન લઈને ફરે છે અને પોતાને શ્રેષ્ઠ ગણી બીજા વર્ણના મનુષ્યનો તિરસ્કાર કરે છે તેનામાં સાધુતા આવતી જ નથી.

૮. સંપ્રદાયનું બંધારણ

આ રીતે સ્વામીનારાયણ સંપ્રદાયનો ફેલાવો ઝપાટાબંધ ચાલી રહ્યો હતો. એ સર્વે શિષ્યોની જોડે સંબંધમાં આવવું અને એ સર્વે એકબીજાની જોડે સંબંધમાં આવે એવી યોજના કરવી એ આવશ્યક હતું. હાલમાં એવી યોજનાઓને પરિષદ કે સંમેલન કહે છે. સ્વામીનારાયણીય પરિભાષામાં પરિષદને 'સમૈયો' કહે છે. સહજાનંદ સ્વામી પોતે વારંવાર ફરતા રહી પોતાના શિષ્યોના સંબંધમાં નિરંતર આવ્યા કરતા. ઠરીને એક જગ્યાએ બેસી રહેવું એવો તો એમનો સ્વભાવ જ ન હતો. હોળીનો સમૈયો અમુક જગ્યાએ કરવો છે, રામનવમીનો અમુક સ્થાને, જન્માષ્ટમીનો અમુક સ્થળે, એમ એમનો કાર્યક્રમ પહેલેથી ગોઠવાઈ જતો. એ કાર્યક્રમ પ્રમાણે એ મુસાફરી કરતા. તેમાં ન જોતા મધ્યરાત કે ન જોતા મધ્યાહ્ન. ધારેલે સ્થળે પહોંચવું હોય ત્યારે તો ખાવાને પણ રોકાતા નહિ. સમૈયાના સ્થળની પત્ર દ્વારા આગળથી ગામેગામ ખબર પહોંચાડવામાં આવતી; અને ગામેગામથી સંઘ આવતા. એ રીતે ગુજરાતના હરિજનો કચ્છ સુધી પહોંચતા અને કાઠિયાવાડના ધર્મપુર સુધી જતા. સમૈયામાં સંપ્રદાય સંબંધી વિચાર ચાલતા, પ્રકરણો ફેરવાતાં, મંડળોને ફરવાની જગ્યા મુકરર કરવામાં આવતી, જુદે જુદે સ્થળે સત્સંગીઓને પડતાં સુખદુઃખની ખબર લેવાતી, જરૂર

પડતી મદદ મોકલાતી, જ્ઞાનવાર્તા થતી અને જે તહેવારને પ્રસંગે સમૈયો મળ્યો હોય તેને યોગ્ય ઉત્સવ પણ ઊજવાતા.

પાછળથી સમૈયા માટે વડતાલ મુકરર કરવામાં આવ્યું; અને પ્રબોધિની એકાદશી અને રામનવમી એ બે પ્રસંગો મોટા સમૈયા માટે ઠરાવવામાં આવ્યા. એ બે સમૈયા પર જેનાથી બની શકે તેમને સર્વેને વગર નિમંત્રણે આવવાની આજ્ઞા થઈ. પાછળથી જ્યારે વડતાલ અને અમદાવાદના બે જુદા આચાર્યો નિમાયા ત્યારે એ બે સ્થળે એ બન્ને સમૈયા પર તે તે દેશના હરિજનોને ભેગા થવાનું રાખ્યું. જેને બન્ને જગ્યાએ જવું હોય તેને અનુકૂળ પડે તેટલા માટે સમૈયા અનુક્રમે કાર્તિકી અને ચૈત્રી પૂર્ણિમા સુધી ચાલતા. તેમાં અમદાવાદમાં કાર્તિકી એકાદશી અને રામનવમીનો દિવસ મુખ્ય ગણાય અને વડતાલમાં પૂર્ણિમાના દિવસો મુખ્ય ગણાય.

પ્રેમાનંદ સ્વામીના શબ્દોમાં સહજાનંદ સ્વામી 'સર્વે લલિતકળાની ખાણ' હોવાથી આ સમૈયાઓમાં એમના શિષ્યો એમને અતિશય કારીગરીવાળી વસ્તુઓની ભેટ કરતા. નિષ્કુળાનંદ સ્વામી જેવા પ્રવીણ સુથાર એમને માટે બાર દરવાજાનો હિંડોળો બનાવતા, કાઠિયાવાડની સ્ત્રીઓ વિવિધ બુટ્ટાદાર આસનો તૈયાર કરતી, ગુજરાતની સ્ત્રીઓ પકવાનો મોકલતી, ગવૈયાઓ ચતુરંગી આલાપોથી રીઝવતા, ભુજના મલ્લો કુસ્તીબાજી કરી દેખાડતા, કાઠીઓ ઘોડાની રમત રમી બતાવતા. આ સર્વે કેવળ પ્રેમને વશ થઈને જ થતું. સુરતનો એક આત્મારામ દરજી એવી સુંદર ડગલી કરી લાવ્યો કે ભાવનગરના રાજા વજેસિંહે તેવી ડગલી માટે સો રૂપિયા સિલાઈ આપવા કહ્યું. આત્મારામે કહ્યું કે, 'હવે મને બીજી એવી

ડગલી કરતાં નહિ આવડે; પૈસાના ટેભાથી એ ડગલી નથી સિવાઈ, પણ એમાં તો હેતના ટેભા પડ્યા છે; બીજી ડગલી સીવવા એવું હેત ક્યાંથી લાવું?' સદ્‌ભાગ્યે એમની પ્રસાદીની વસ્તુઓ સંઘરી રાખવાની વૃત્તિ પહેલેથી જ સંપ્રદાયના શિષ્યોમાં ઉત્પન્ન થઈ હતી. એટલે એકાદ વાર પણ સ્વામીનારાયણના વપરાશમાં આવેલી વસ્તુનો સંગ્રહ જેની પાસે તે રહી તેણે કર્યો છે. એ સર્વે વસ્તુઓને સુરક્ષિત રાખવાને ઘણાંખરાં મંદિરોએ સારી વ્યવસ્થા કરી છે. વડતાલનું અક્ષરભુવન એ એમની પ્રસાદીની વસ્તુઓનું મોટામાં મોટું સંગ્રહસ્થાન છે. એમણે વાપરેલાં વસ્ત્રો, ઘરેણાં, ચાખડીઓ, માળાઓ, એમના કેશ, નખ, દાંત, એમના ખાસ વપરાશમાં આવેલાં વાસણો, બાજઠો, આસનો, ખાટલાઓ, ગાડીઓ અને પથરાઓ પણ સાચવી રાખ્યાં છે. વિદેશી માલે હિન્દુસ્તાનમાં પ્રવેશ કર્યો તેની તુર્ત જ પહેલાં દેશી કારીગરીની ગુજરાતમાં કેવી સ્થિતિ હતી તેનો ખ્યાલ આવવાને આ સંગ્રહસ્થાનો જેમ જેમ વખત જશે તેમ તેમ અતિશય ઉપયોગી લેખાશે.

આટલી રસિક વૃત્તિને પોષી તેના ઉપર અંકુશ રાખતાં જો સ્વામીનારાયણને આવડતું ન હોત તો એમના શિષ્યો ઉચ્છૃંખલ થઈ ગયા હોત અને એમના ત્યાગીઓ છકી ગયા હોત. પણ મનુષ્યોની નાડી પારખવાની સ્વામીનારાયણની શક્તિ અદ્વિતીય હતી. પોતાના લાડની અસર શિષ્યોના હૃદય ઉપર કેવી થાય છે તે એ હર ઘડી તપાસ્યા કરતા. ઉદાહરણાર્થ, સાધુઓમાં એક વાર એવી વૃત્તિ કેળવાવા લાગી કે દરેક જણ પોતાને સ્વામીનારાયણનો જ શિષ્ય ગણી શિષ્યોમાં પરસ્પર નાના-મોટાપણું હોય જ નહિ એમ માનવા લાગ્યો. નાના નાના

સાધુઓ મુક્તાનંદ સ્વામી જેવાની ઈર્ષા કરી એમનું અપમાન કરવા લાગ્યા. આવું છકેલપણું જોઈ સ્વામીનારાયણને બહુ શોક થયો. એમણે મુક્તાનંદ સ્વામી જોડે પાછા વનમાં જવાનો પણ વિચાર કર્યો; પણ હરિજનોનો પ્રેમ અને તેમનું કલ્યાણ જોઈ ટકી રહ્યા. આ છકેલવૃત્તિને ટાળવાને એમણે સાધુ અને બ્રહ્મચારીઓમાંથી મળીને બાર સદ્‌ગુરુઓ નીમ્યા, અને બધા ત્યાગીઓને એ સદ્‌ગુરુઓમાં વહેંચી દીધા. દરેક સદ્‌ગુરુ અને એમના હાથ તળેના ત્યાગીઓ વચ્ચે ગુરુ-શિષ્યભાવ બાંધ્યો, અને પોતાની આજ્ઞાઓ સદ્‌ગુરુઓ મારફત એમને સંભળાવવાની પદ્ધતિ બાંધી. આ રીતે ત્યાગીઓનું સંગઠન કર્યું.

થોડો કાળ ગયા પછી આ વ્યવસ્થામાં પણ ફેરફાર કરવો પડ્યો. દરેક સદ્‌ગુરુના શિષ્યો પોતપોતાને બીજાં મંડળોથી જુદા જ માનવા લાગ્યા. મુક્તાનંદી, બ્રહ્માનંદી એવા પક્ષો બંધાવા લાગ્યા. સ્વામીનારાયણે આનો પણ તુર્ત જ ઉપાય કર્યો. એક દિવસ બધા ત્યાગીઓને એક પછી એક પૂછવા માંડ્યું, 'તમે કોના શિષ્ય?' ત્યાગીઓ પોતપોતાના સદ્‌ગુરુઓનાં નામ દેવા લાગ્યા. પછી સભામાં સ્વામીનારાયણે કહ્યું કે 'હું તો હવે શિષ્ય વિનાનો જ થઈ રહ્યો છું, કારણ કે બધા શિષ્યો પોતાને જુદા જુદા સદ્‌ગુરુઓના જ શિષ્ય માને છે.' ત્યાગીઓ આશ્ચર્યચકિત થયા અને બોલી ઊઠ્યા, 'ના, ના, મહારાજ! અમે તો સર્વે તમારા જ શિષ્યો છીએ અને આપની આજ્ઞાએ સદ્‌ગુરુઓના શિષ્યો છીએ.' સહજાનંદ સ્વામીએ કહ્યું, 'મારા શિષ્યો હો તો હું રાખું તે મંડળમાં રહેવું પડશે.' ત્યાગીઓએ તે કબૂલ કર્યું. પછી સહજાનંદ

સ્વામીએ પાછાં નવાં મંડળો રચ્યાં અને સદ્‌ગુરુઓના પક્ષ બાંધી તેમાં ન તણાતાં માત્ર પ્રભુનો જ પક્ષ બાંધી તેમાં તણાવાનો ઉપદેશ કર્યો. ત્યારથી મુક્તાનંદી, બ્રહ્માનંદી એવો પક્ષભેદ પડતો બંધ થયો.

પણ એક નવી જાતનો પક્ષભેદ જાગ્યો. સ્વામીનારાયણે ગઢડામાં વાસુદેવની મૂર્તિ સ્થાપી હતી, અમદાવાદમાં નરનારાયણની અને વડતાલમાં લક્ષ્મીનારાયણની. કેટલાંક મંડળો ગઢડાની આજુબાજુ જ ઘણો વખત ફરતાં, કેટલાંક અમદાવાદની ચોતરફ અને કેટલાંક વડતાલની સમીપમાં. સ્વામીનારાયણે પ્રભુનો જ પક્ષ રાખવાનું કહ્યું હતું એટલે હવે ત્યાગીઓ પોતાને વાસુદેવિયા, નરનારાયણિયા અને લક્ષ્મીનારાયણિયા કહેવડાવવા લાગ્યા અને પોતપોતાના પ્રાંતના દેવના પક્ષ તાણવા લાગ્યા. આ વાતની સહજાનંદ સ્વામીને ખબર પડી કે તુર્ત એમણે એક સમૈયામાં વાસુદેવિયા, નરનારાયણિયા અને લક્ષ્મીનારાયણિયાને જુદા જુદા બેસવાનું કહ્યું. બધા ત્યાગીઓ એ પ્રમાણે બેઠા. એટલે સહજાનંદ સ્વામીએ કહ્યું, 'હવે સ્વામીનારાયણિયા રહ્યા હોય તે મારી પાસે બેસો.' ત્યાગીઓ બધા શરમાઈ ગયા અને દેવને નામે ખોટું પક્ષાભિમાન રાખવું છોડી દીધું. અત્રે એટલું કહેવું ઉચિત છે કે એવા ખોટા પક્ષો કરવામાં મુખ્ય સદ્‌ગુરુઓનો દોષ ન હતો, પરંતુ મનુષ્યમાં પક્ષાભિમાનની ભાવના એટલી તો તીવ્ર રહેલી છે કે હજુ 'નરનારાયણના દેશના,' 'લક્ષ્મીનારાયણના દેશના' એ નામે ખોટી ઈર્ષા અને તાણાતાણ થાય છે, અને તે એટલે સુધી કે કેટલાંક સ્થાનો અને પ્રસંગોનું માહાત્મ્ય વધારવા માટે પુસ્તકોમાં ખોટાં વિધાનો પણ કરવામાં

આવે છે. મોક્ષમાર્ગને પણ મનુષ્ય અશુદ્ધ કરી શકે છે એટલી મનુષ્યમાં પામરતા રહેલી છે, એટલો જ એ વસ્તુ ઉપરથી પાઠ લેવાનો છે.

સંગઠનના કાર્યમાં મંદિરો બાંધવાનું કાર્ય બીજું હતું. ત્યાગીઓની ઉપર પ્રમાણે યોજના થઈ, પણ ગૃહસ્થોને પરસ્પર તથા ત્યાગીઓ સાથે સંબદ્ધ કરવાની આવસ્યકતા હતી. એક જગ્યાએ રહેનારા એક ધર્મના અનુયાયીઓ નિયમિત રીતે મળી સંતસમાગમ રાખે, ભક્તિ કરે અને જ્ઞાન વધારે એને માટે મંદિરો અનિવાર્ય છે. હિંદુઓમાં દેવમંદિર સિવાય બીજું કયું એવું પવિત્ર સ્થળ હોઈ શકે ? આ રીતે અમદાવાદ, વડતાલ, ગઢડા, ભુજ, ધોલેરા વગેરે સ્થળે મંદિરો બાંધવાની યોજના થઈ. આ સર્વે શિખરબંધ મંદિરો થયાં અને તેમાં ધાતુ કે પાષાણની મોટી મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ. પણ આ સિવાય બીજાં જે જે સ્થળોમાં સત્સંગીઓ રહેતા હોય ત્યાં ત્યાં એક એક નાનું 'હરિમંદિર' પણ બંધાયું. તેમાં સહજાનંદ સ્વામીની માત્ર ચિત્રપ્રતિમા જ રાખવામાં આવે છે અને તેની શિખરબંધ મંદિરોના વિધિ મુજબ સેવા થતી નથી. એ સર્વે મંદિરોમાં ત્યાગીઓને રહેવાની, પરગામના સત્સંગીઓને ઊતરવાની અને રાંધવા સૂવાની સર્વે સગવડ રાખવામાં આવે એવી વ્યવસ્થા કરવામાં આવી.

મંદિરો

મંદિરો બાંધવામાં કળાની દૃષ્ટિનું વિસ્મરણ થયું ન હતું. અમદાવાદનું મંદિર અને આજુબાજુની ધર્મશાળામાં લાકડાનું કોતરકામ શિલ્પકળાની દૃષ્ટિએ સુંદર અને દર્શનીય ગણાય છે.

ઘણુંખરાં મંદિરોની યોજના બ્રહ્માનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામીને હાથે થઈ હતી. સ્વામીનારાયણના વખતનાં બધાં મંદિરો હરિજનોએ અને ત્યાગીઓએ જ બાંધ્યાં હતાં. ઘણુંખરું મજૂરીનું કામ ત્યાગીઓ કે સત્સંગી કડિયાઓ અને સુથારો કરતા. ગઢડાનું મંદિર બાંધ્યું ત્યારે દરેક જણે સવાર સાંજ નાહીને આવતી વખતે એક એક પથરો ઉપાડી લાવવો એવો નિયમ હતો. એ રીતે સ્વામીનારાયણ પોતે પણ એક પથરો માથે મૂકીને લાવતા. ગઢડાના મંદિરમાં ગોપીનાથની મૂર્તિ સ્વામીનારાયણના જેટલી જ ઊંચી અને પુષ્ટ છે. એ મૂર્તિના હાથપગની જાડાઈ અને નાકનો ઘાટ પણ સ્વામીનારાયણનાં તે તે અવયવો પ્રમાણે જ રાખવામાં આવ્યાં છે. સ્વામીનારાયણનાં મંદિરોમાં ઓછામાં ઓછાં ત્રણ શિખરો રાખવાનો રિવાજ છે. તેમાંથી કેટલીક જગ્યાએ ત્રણે શિખરો તળે મૂર્તિઓ હોય છે અને કેટલીક જગ્યાએ બે શિખરો તળે મૂર્તિઓ હોય છે. ત્રીજા શિખર તળે અથવા બાજુ પરની ભીંતમાં એક ઓરડો કાઢી તેમાં એક પલંગ, તે ઉપર સ્વામીનારાયણની ચિત્રપ્રતિમા, બની શકે એમ હોય ત્યાં સ્વામીનારાયણની પ્રસાદીની એક પાઘ તથા બીજી પ્રસાદીની ચીજો ગોઠવવાનો રિવાજ છે. એ ઓરડાને 'સુખશય્યા' કહે છે. મૂર્તિઓ ઘણુંખરું રાધા-કૃષ્ણની, લક્ષ્મી-નારાયણની, નર-નારાયણની, રેવતી-બળદેવની, ધર્મ-ભક્તિની કે શિવ-પાર્વતીની હોય છે. એ બબ્બે મૂર્તિ સાથે ત્રીજી મૂર્તિ હોય, તો તે સ્વામીનારાયણની સમજવી. રાધા-કૃષ્ણની મૂર્તિઓ ગોપીનાથ, વૃંદાવનવિહારી, ગોલોકવિહારી, રાધારમણ, મદન-મોહન વગેરે વિવિધ નામોથી જુદે જુદે ઠેકાણે ઓળખાય છે.

સ્વામીનારાયણની મૂર્તિ હરિકૃષ્ણ કે ઘનશ્યામ એ નામે ઓળખવામાં આવે છે.*

આ મંદિરોમાં પૂજા કરવા માટે પહેલાં ભાડૂતી બ્રાહ્મણોને રોકવાનો પ્રયોગ થયો. પૂજારી મહારાજે થોડા દહાડામાં પોતાનું પોત પ્રકાશ્યું. દેવને પહેરાવવાનાં પીતાંબર અને આભૂષણો પોતાના શરીર પર સજી ઠાઠમાઠથી આરતી ઉતારવા માંડી. ભાડૂતી પૂજારીથી દેવમંદિરોમાં થતાં છળકપટ બતાવવા માટે જ સહજાનંદ સ્વામીએ આ પ્રયોગ કર્યો હતો. ભાડૂતી પૂજારીઓને રજા આપવામાં આવી અને ત્યાગીઓને હાથે દેવસેવા કરવાનું ઠરાવવામાં આવ્યું.

આચાર્ય સ્થાપના

અત્યાર સુધી સંપ્રદાયમાં પરિગ્રહને સ્થાન જ નહોતું. સહજાનંદ સ્વામીને પોતાને નામે એક પેટારો પણ ન હતો, કે મિલકતને નામે પાઈ ન હતી; પણ મંદિરોની રચનાથી સ્વાભાવિક રીતે પરિગ્રહ શરૂ થયો.

મંદિરોની વ્યવસ્થા ત્યાગીને સોંપી પણ,

"વળતો વિચાર કર્યો છે વાલે રે, આવું આવું ઘણું કેમ ચાલે રે;
મોટાં મોટાં કરાવ્યાં મંદિર રે, તેમાં રાખીયા સંત સુધીર રે.
પણ તે તો સંત છે જે ત્યાગી રે, વસી કેમ રહેશે વિતરાગી રે;
મમત વિના મંદિર કેમ રે'શે રે, વાત બન્ને કેમ બેસશે રે.
જેહ ત્યાગી છે ત્રિયા ધન તણા રે, દેહ સુખથી નિરાશી ઘણા રે.
તેણે નહિ જળવાય જાગ રે, નથી વાત એ બનવા લાગ રે.

---

* હાલમાં સંપ્રદાયમાંથી પડેલા નવીન ફાંટાઓમાં 'અક્ષર-પુરુષોત્તમ'ની તથા ગુણાતીતાનંદ સ્વામી આદિક સાધુઓની મૂર્તિઓ સ્થાપવાનો શિરસ્તો પડ્યો છે.

માટે એના કરું એક ધણી રે, તો રાખે ખબર એની ઘણી રે;
પછી સરવાર્ય દેશથી સંબંધી રે, તેને તેડાવી જાયગા દીધી રે."*

(પુરુષોત્તમ પ્રકાશ, પ્ર. ૩૬, ૬-૯)

આ રીતે આચાર્ય નીમવાનો વિચાર શરૂ થયો. ત્યાગીઓને વ્યાવહારિક ખટપટમાં ઊતરવું ન પડે, એમનો નિર્વાહ ચાલે અને તે સાથે એ નિરંકુશ બની ન જાય, જુદાં જુદાં મંદિરોની વ્યવસ્થા એકબીજાંથી તદ્દન સ્વતંત્ર થઈ ન જાય, આપણે સર્વે એક છીએ એવી ભાવના ગૃહી-ત્યાગીઓમાં જાગ્રત રહે, સર્વે સત્સંગીઓને એક અધ્યક્ષના હાથ તળે વર્ષમાં ઓછામાં ઓછું બે વાર ભેગા થવાનું અને કરવાનું બની આવે, એ હેતુથી આચાર્યની યોજના થઈ. એ આચાર્યની સ્થાપનામાં પણ સહજાનંદ સ્વામીએ નવીન જ માર્ગ ગ્રહણ કર્યો. ત્યાગીઓને વ્યાવહારિક ખટપટમાં ન પાડવા માટે આચાર્યની યોજના થઈ હોવાથી આચાર્ય ત્યાગી ન હોય એવું ગર્ભિત થયું. પણ લાખો રૂપિયાની સંપત્તિના અધિષ્ઠાતા ઉપર જો કોઈ રીતનો અંકુશ ન હોય તો આચાર્યની અધોગતિ થયા વિના રહે નહિ. એટલે આચાર્ય ઉપર નીચે પ્રમાણે અંકુશ મુકાયા:

૧. આચાર્ય ગૃહસ્થ હોય, પણ પોતાના સમીપ સંબંધી

---

* પોતાના કુળમાંથી આચાર્ય નીમ્યા પહેલાં સહજાનંદ સ્વામીએ વાસુદેવાનંદ બ્રહ્મચારીને પોતાની પાછળ આચાર્ય નીમવાનો પ્રયોગ કરેલો, પણ એ તદ્દન નિષ્ફળ નીવડયો. ત્યાર પછી સર્વે સંત-હરિજનોના આગ્રહથી પોતાનાં કુટુંબીઓને અયોધ્યાથી તેડી મંગાવવાનો વિચાર કર્યો.

વિનાની સ્ત્રીઓ સાથે બોલે નહિ, તેમનો સ્પર્શ કરે નહિ અને તેમને ઉપદેશ દે નહિ.

૨. શિષ્યોએ આપેલું ધાન્ય વેચે નહિ, પણ જૂનું થઈ જાય તો જરૂર પડ્યે જૂનું આપીને નવું ધાન્ય લે; એટલે શિષ્યો પાસેથી ધાન્ય લઈ પૈસા કમાવાનો ધંધો ન માંડે.

૩. પોતાનો સર્વ વ્યવહાર આગેવાન ત્યાગીઓ અને ગૃહસ્થોની સલાહ લઈ કરે, પણ સ્વતંત્ર રીતે ન કરે.

૪ સહજાનંદ સ્વામીએ નીમેલા આચાર્યોની સંખ્યામાં વધારો ન થાય.

આ રીતે સંવત ૧૮૮૨ના કાર્તિક સુદ એકાદશીને દિવસે સહજાનંદ સ્વામીએ પોતાના બે ભાઈઓ રામપ્રતાપ અને ઇચ્છારામના પુત્રો અયોધ્યાપ્રસાદ અને રઘુવીરની અનુક્રમે અમદાવાદની — નરનારાયણ દેવની — અને વડતાલની — લક્ષ્મી-નારાયણ દેવની — ગાદીના આચાર્યો તરીકે નિમણૂક કરી. બંનેના ધર્મો સમજાવનારો અને દેશવિભાગ કરનારો એક ખરીતો લખ્યો. એ ખરીતો સંપ્રદાયના એક મહત્ત્વનો લેખ છે. આચાર્યો વચ્ચે પરસ્પર અથવા આચાર્ય અને ગૃહસ્થ કે ત્યાગીઓ વચ્ચે કાંઈ મતભેદ કે વિરોધ થાય ત્યારે એ લેખ પ્રમાણે જ વર્તી શકાય છે.

સહજાનંદ સ્વામીનો સંપ્રદાય હવે સંગીન પાયા પર રચાઈ ગયો હતો. લગભગ બે લાખ માણસો એ ધર્મના અનુયાયીઓ થયા હતા. આટલા ટૂંક વખતમાં દુનિયાના કોઈ પણ ધર્મમાં આટલા શિષ્યો ભળ્યા ન હતા. ધર્મની સ્થાપના આટલી તીવ્રપણે કદી પણ જામી ન હતી. છતાં એ ધર્મના

અનુયાયી થવું એ કાંઈ સહેલી વાત ન હતી. ત્યાગી અને ગૃહી બંનેને માથે અંદરના કપરા નિયમોનો અંકુશ હતો જ. સ્વામી નિષ્કુળાનંદ એક નીકળી ગયેલા ત્યાગીને મુખે નીચે પ્રમાણે બોલાવે છે :

વળી વદે વિમુખ મનફેર જી,
ઘણે દુઃખે ભર્યું મેં મૂક્યું'તું ઘર જી:
અંગને ન મળતું અન્નને અંબર જી,
જાણ્યું સત્સંગમાં એ છે સભર જી. ૧

સભર છે સતસંગમાં ખાવા પીવા ખુબ ખાસું મળે;
જુનું અન્ન વસન જડે નહિ, એવું સાંભળ્યું'તું સઘળે. ૨
ગળી રસોયું ગામોગામમાં, ઘણી આપશે ઘેરઘેર;
જનમ ધરી જે જડી નથી, તે પામશું બહુ પેર. ૩
એવું સુણી હું આવ્યો હતો, સુણી સુખ સતસંગમાંઈ;
ઈયાં તો આવ્યા આંકસમાં, મન ગમતું ન થાયે કાંઈ. ૪
પોષ ભરી પાણી નાખવું, અમૃત સરખા અન્નમાં;
ભેળું કરેલ ભાવે નહિ, અતિ મુંજવણ્ય થાયે મનમાં. ૫
વળી માહાત્મ દેખાડી મંદિર તણું, ઉપડાવે ઇંટપથરા ઘણું;
ત્યારે સંસાર મુકીને શું કમાણા, જ્યારે રહ્યું એનું એ ફૂટાણું. ૬
જાણ્યું ખાશું, પીશું, ખુશી કરશું, ફરશું નિત્ય નવા ગામમાં;
ત્યાં તો અટાટ નાખી આજ્ઞા તણો, કંઠ દબાવી જોડ્યાં કામમાં. ૭

(વચનવિધિ — કડવું ૩૪મું)

જેમ ત્યાગીને તેમ જ ગૃહસ્થને પણ આજ્ઞાઓનું બંધન હતું. પણ અંદરનો અંકુશ જાણે પૂરતો ન હોય તેમ અંદર રહેવા માટે બહારનું દુઃખ સહન કરવું પડતું. ત્યાગીઓને વેરાગીઓ મારતા અને ગૃહસ્થોને મહાજનો રિબાવતાં. ગામેગામ સત્સંગીઓ મહાજન બહાર અને ન્યાત બહાર મુકાવા લાગ્યા. અને આપણી મહાજન બહાર મૂકવાની પદ્ધતિ

એટલે સામાજિક 'બૉયકૉટ'. એમની જોડે કોઈ વેપાર ન કરે, એમને કોઈ પાણી ન આપે, એમને ત્યાં હજામ હજામત કરવા ન આવે, એમને ત્યાં મરણ થાય તો કોઈ મુડદું ઉપાડવા પણ ન આવે. કેટલાયે સત્સંગીઓને વરસોનાં વરસો સુધી ન્યાત બહાર રહેવું પડેલું, અને છેલ્લાં સો વર્ષથી એક કુટુંબ હજુ પોતાના ગામમાં ન્યાત બહાર રહ્યું છે; અને બીજા ગામની એ ન્યાતે એને છેક ઈ. સ. ૧૯૧૦–૧૧માં જ પોતાના એકડામાં લેવાનો દાખલો બન્યો છે. એ ન્યાત બહાર રહેલાઓ સામાજિક અને આર્થિક અડચણો વેઠી સંપ્રદાયને વળગી રહ્યા એમાં એ સંપ્રદાયમાં રહેલા ધર્મબળનું માપ છે. હજારો મનુષ્યોનાં જીવનમાં આસમાન જમીનનો ફરક કરી નાખવામાં, તેમનામાં નવું ચૈતન્ય રેડવામાં, તેમનું જીવન વિચારમય કરવામાં, તેમને બદીઓ અને વ્યસનોમાંથી છોડાવવામાં બુદ્ધ સિવાય કોઈ પણ ધર્મના સ્થાપકે કે સમાજ-સુધારકે કે કાયદા ઘડનારે અત્યાર સુધી આટલો યશ મેળવ્યો નથી. બુદ્ધ અને મહમ્મદ સિવાય કોઈ પણ અવતારને એ અવતારની હયાતીમાં જ આટલા મનુષ્યોએ સ્વીકાર્યો ન હતા. અવતારના લીન થવા પછી જ મનુષ્યોએ તેમનું અવતારપણું કબૂલ કર્યું હોય એવું સાધારણતઃ દેખાય છે. પણ સહજાનંદ સ્વામીને હજારો મનુષ્યોએ એમના છતાં જ અવતાર તરીકે સ્વીકાર્યા, એમના પડતા બોલ ઉપર પોતાનાં તન, મન અને ધન અર્પણ કરી નાખ્યાં, એમના હાથમાં પોતાનાં નાડીપ્રાણ પણ સોંપી દીધાં એવી સહજાનંદ સ્વામીમાં શી શક્તિ હતી? સહજાનંદ સ્વામીએ એક વાર સાધુઓને પ્રશ્ન કર્યો કે, 'અમે બીજા અવતારોના જેવાં પરાક્રમો કર્યાં નથી, અમે સમુદ્ર પર

પાજ બાંધી નથી, દસ મસ્તકનો રાવણ માર્યો નથી, મંદ્રાચલને પીઠ પર ધર્યો નથી, કંસ–શિશુપાલાદિકનો વધ કર્યો નથી, તમે અમને શું કરવા પરમેશ્વર કહો છો?' સાધુઓએ કહ્યું, 'રામે રાવણને માર્યો, પણ એ રાવણ તો કામ અને માનથી હણાયેલો જ હતો; વામને બલિને છળ્યો, પણ એ લોભથી છળાયલો જ હતો, કૃષ્ણે કંસાદિકનો વધ કર્યો, પણ માનાદિક રિપુએ તેમનો વધ કરી જ રાખ્યો હતો; એ કામ, ક્રોધ, લોભ વગેરે અમારા અંતઃશત્રુઓને તમે માર્યા માટે અમે તમને અવતાર કહીએ છીએ; તમે સમુદ્ર પર પાજ નથી બાંધી, પણ તમે ભવસાગર અને અક્ષર વચ્ચે સળંગ રસ્તો પાડી દીધો છે. તમે મંદ્રાચલ કે ગોવર્ધન નથી ધાર્યા, પણ અમારા પાપ પર્વતોને ક્ષણમાં હઠાવી દઈ અમારાં ચિત્તને શુદ્ધ કરી દીધાં છે, એ કારણથી અમે તમને અવતાર માનીએ છીએ.'

આ જ સ્વામીનારાયણની ખરેખરી મોટાઈ હતી. વસોના કશિયાભાઈએ ચોરોના સરદાર જોબન પગીની કોટે કંઠી જોઈ પૂછયું, 'અલ્યા, સ્વામીનારાયણમાં તેં એવું તે શું જોયું? શું એને ગધેડાની ગાય કરતાં આવડે છે?' જોબન પગીએ કહ્યું, 'હોવે; આ જોને મારા જેવા ચોરોને પણ એમણે સાધુ જેવા બનાવી દીધા; એથી તે વળી ગધેડાની ગાય કેમ કરાતી હશે?' જોબન પગી ગધેડાની ગાય થયો એ કેવળ આલંકારિક ભાષા નથી. માણસને ચીભડાંની માફક કાપી નાખનાર એ પગીએ પોતાનું સર્વસ્વ સંપ્રદાયને અર્પણ કરી દીધું. એના જેવો જ એક બીજો ધાડપાડુ વેરાભાઈ પણ એવો જ સુધરી ગયો હતો. એ સત્સંગી થયા પછી એક દિવસ સવારે જતો હતો.

રસ્તામાં એક ખેતરમાંથી એણે એક દાતણ કાપ્યું. દાતણ કાપ્યા પછી એને વિચાર થયો કે, ' આ તો ધણિયાતું ખેતર છે. તેના ધણીને પૂછ્યા વિના મેં દાતણ લીધું એ ચોરી કહેવાય.' તુર્ત એ ગામમાં ગયો અને ખેતરના ધણીને શોધી કાઢી, એને દંડવત્ પ્રણામ કરી, ચોરી કરવા માટે માફી માગી. સ્વામીનારાયણે પોતાના શિષ્યોનું જીવન કેટલું શુદ્ધ અને વિચારમય બનાવ્યું હતું તેનું આ જૂજ દૃષ્ટાંત છે.

સ્વામીનારાયણના ઉપદેશથી અનેકને શાંતિ અને સમાધાન થયાં હતાં; અનેકને દૃઢ આત્મનિષ્ઠાથી સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત થઈ હતી; કેટલાકને હઠયોગની સિદ્ધિ થઈ હતી; કેટલાક સમાધિનિષ્ઠ થયા હતા; કેટલાક સત્યસંકલ્પ હતા; કેટલાક મૂર્તિમાન વૈરાગ્ય જેવા હતા; કેટલાક તો એવા પ્રેમની મૂર્તિ હતા કે સ્વામીનારાયણના અંતર્ધાન થયા પછી ત્રીસ વર્ષે પણ પોતાના ઇષ્ટદેવ સાંભરતાં આંખમાંથી ચોધાર આંસુ પડતાં, કંઠ રૂંધાઈ જતો અને એક શબ્દ પણ બોલવા અસમર્થ થતા; કેવળ ત્યાગાશ્રમમાં જ નહિ, પણ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ માંગરોળના ગોરધનદાસ જેવા કેટલાક મૂર્તિ સાથે તદ્રૂપતાને પામ્યા હતા; અગત્રાઈના પર્વતભાઈ જેવા કેટલાકને પરમેશ્વરમાં અખંડ વૃત્તિ રહેતી હતી; કેટલાકને પોતાને કેવા વિચારો આવે છે એનું નિરંતર અનુસંધાન રહેતું; કેટલાકને પોતાના અયોગ્ય સ્વભાવ વશ કરવા તરફ સતત પ્રવૃત્તિ હતી; કેટલાકને ચતુર વાણિયાની માફક — પોતાને વિષયો તરફ કેટલી પ્રીતિ છે અને પરમેશ્વરમાં કેટલી છે, પોતે કેટલા ચડે છે, કેટલા ગુણગ્રાહી છે, એ સર્વેનો વારંવાર — હિસાબ

કરવાની ટેવ હતી; આજે પણ એમની ભક્તિ કરી કેટલાક એવી સ્થિતિઓ પ્રાપ્ત કરેલા મળી આવે છે.

જે સમયે ગુજરાત–કાઠિયાવાડમાં અંધકાર છાઈ રહ્યો હતો તે વખતે પોતાના પ્રતાપથી અનેકનાં હૃદયોને પ્રકાશ પમાડનાર, અનેકનાં ચિત્તનું આકર્ષણ કરી તેમને 'ગુરુવચને ચૂરેચૂરા' થઈ જાય એવા સ્વવશ કરી મૂકનાર, કાઠી–કોળી જેવા અનેકની ચૌર્યવૃત્તિઓને ચોરી લેનાર, લુપ્ત થયેલા બ્રહ્મચર્યાશ્રમને પુનઃ સ્થાપનાર, નિરંકુશ અને સ્વચ્છંદી બનેલા ત્યાગાશ્રમને ઉજ્જ્વલ કરનાર, પતિત થયેલા ગુરુઓ અને આચાર્યો માટે સંયમનો આદર્શ બેસાડનાર, સ્ત્રીઓને સમાજ તથા સંપ્રદાયમાં ચોકસ સ્થાન આપી તેમની ઉન્નતિ કરનાર, અ-હિંદુને હિંદુધર્મમાં શામિલ કરનાર, શૂદ્રોને આચારશુદ્ધિ શીખવનાર, સાહિત્ય, સંગીત તથા કળાના પોષક, અહિંસામય યજ્ઞના પ્રવર્તક, ક્ષમાધર્મના ઉપદેશક, શૌચ અને સદાચારના સંસ્થાપક, શુદ્ધ ભક્તિમાર્ગ અને શુદ્ધ જ્ઞાનમાર્ગના ચાલક, ભાગવતધર્મના શિક્ષક તથા વ્યાસસિદ્ધાન્તના બોધક એવા સહજાનંદ સ્વામી હતા. જો અવતારો પૃથ્વી પર થતા હોય તો એમને અવતાર સંજ્ઞા બેશક અપાય.

સ્વામીનારાયણે પોતે ધારેલું કાર્ય હવે સંપૂર્ણ થયું હતું. એમણે એક વિશાળ સંપ્રદાય સ્થાપ્યો હતો; એ સંપ્રદાયને માટે વિશાળ સાહિત્ય ઊભું કર્યું હતું; સર્વાંગે પૂર્ણ સંસ્થા રચી હતી; એ સંસ્થા માટે સુંદર નિયમો ઘડી ધર્મ અને વ્યવહાર બેયને અનુકૂળ થાય એવી એની વ્યવસ્થા કરી હતી; એ નિયમો તોડ્યા સિવાય એ સંસ્થામાં ત્રુટી આવવી લગભગ અશક્ય થાય એવું બંધારણ રચ્યું હતું. ઓગણપચાસ

વર્ષની નાની વયમાં એમનું કાર્ય સંપૂર્ણ થયું, એમ કહી શકતા હતા. સં. ૧૮૮૬ની સાલથી એમને શરીરે મંદવાડ વર્તાવા લાગ્યો હતો; છતાં એમની પ્રવૃત્તિ જરાયે અટકી ન હતી. એમના છેલ્લા દિવસોમાં એમને બે જાહેર કાર્ય કરવાં પડ્યાં.

પહેલું કાર્ય નડિયાદમાં બિશપ હેબર જોડેની મુલાકાતનું થયું. બિશપ હેબરે પોતાની નોંધમાં એમની જોડેની મુલાકાતનું વિસ્તારપૂર્વક વર્ણન આપ્યું છે. એ સહજાનંદ સ્વામીથી કાંઈક નિરાશ થયો એવું એમાં ભાન થાય છે. પણ એમાં દોષ એ સાહેબની વૃત્તિનો જ હતો. એ સહજાનંદ સ્વામીને બે દોષે યુક્ત થઈ મળવા આવ્યો. પહેલો દોષ એની ભારે મહત્ત્વાકાંક્ષાનો હતો. એણે સહજાનંદ સ્વામીએ નીચલા વર્ગમાં કરેલાં સુંદર કામોનાં વખાણ સાંભળ્યાં હતાં. એણે વળી સાંભળ્યું હતું કે સ્વામીનારાયણનો શિષ્યવર્ગ ઘણો મોટો છે, તેથી એને લોભ છૂટ્યો કે ચાલોને આપણે સ્વામીનારાયણને કોઈ રીતે ખ્રિસ્તી કરી દઈએ! જો એવું થાય તો ખ્રિસ્તી ધર્મનો ફેલાવો એક સપાટામાં થઈ જાય. એનો બીજો દોષ હિંદુધર્મ અને કૃષ્ણ વિષે એણે બાંધેલા હલકા મતનો હતો. સહજાનંદ સ્વામીએ એના પ્રશ્નના ઉત્તરમાં એમના ઇષ્ટદેવ શ્રીકૃષ્ણ છે એમ કહ્યું, તે ઉપરથી જ એણે 'ત્યારે સ્વામીનારાયણમાં કાંઈ વિશેષ ન હોઈ શકે' એમ ધાર્યું. એણે સ્વામીનારાયણને પૂછ્યું, 'પણ મેં તો સાંભળ્યું છે કે તમે પરમતત્ત્વને બ્રહ્મ કહો છો.' સ્વામીનારાયણે ઉત્તર આપ્યો, 'હા. તે જ, અને તે જ શ્રીકૃષ્ણ છે.' બિશપ હેબર લખે છે કે આ એના પ્રશ્નથી સ્વામીનારાયણ કાંઈક મૂંઝાયા જેવા લાગ્યા

અને એમણે સંભ્રમમાં ઉત્તર આપ્યો. દેખીતું છે કે મૂંઝવણ અને સંભ્રમ બિશપ હેબરે પોતાના હિંદુધર્મ અને કૃષ્ણભક્તિ વિષેના અજ્ઞાન અને અણગમાથી જ કલ્પ્યાં.* તે છતાં બિશપ

---

* સહજાનંદ સ્વામી અને બિશપ હેબર વચ્ચેના સંવાદનો ભાવાર્થ મેં બહુ જ ટૂંકાણમાં અત્રે આપ્યો છે. બિશપ હેબરે જે સંવાદનો અહેવાલ લખ્યો છે તે વાંચતાં જ માલૂમ પડી આવે છે કે કાં તો એણે સંવાદ કલ્પનાથી ઉપજાવી કાઢ્યો છે, કિંવા એનું હિંદી ભાષાનું જ્ઞાન બહુ જ અધૂરું હશે અને એ સહજાનંદ સ્વામીના ઉત્તર સમજી જ શકતો નહિ હોય; કારણ કે જે ઉત્તરોનું એ સહજાનંદ સ્વામી વિષે આરોપણ કરે છે તે હિંદુધર્મ વિષેનો કિંચિજ્જ્ઞ પણ ન આપે. ઉદાહરણાર્થ, એ લખે છે કે:

(Sahajanand) " alarmed me by..........saying that he (Krishna)........had been put to death by wicked men through magic, and that since his time many false revelations had been presented and many false divinities set up."

વળી " there is a spirit...who cometh from God, whom we call Krishna and worship as God's image and believe to be the same as the Sun *Surya*."

વળી આગળ લખે છે : Sahajanand " unrolled a large picture, in glaring colours of a naked man with rays proceeding from his face like the sun, and two women fanning him — the man *white*, the women *black*."

શ્રીનાથજીના ચિત્રને પણ આ વર્ણન લાગુ પડતું નથી, (અને સંપ્રદાયમાં કદી શ્રીનાથજીની ઉપાસના ન હોવાથી એનો સંભવે નથી) એ કોઈ પણ જોઈ શકશે. મને લાગે છે કે બિશપ હેબરે પોતાના અહેવાલમાં ઘણું અસત્ય ઉમેર્યું છે.

હેબર પોતાના અને સહજાનંદ સ્વામીના રસાલા વચ્ચે કેટલો ભેદ છે તે જોઈ શક્યો. એ પ્રાંજલપણે કબૂલ કરે છે કે મારો રસાલો પૈસા માટે મારી સાથે ફરતો હતો, જ્યારે સહજાનંદ સ્વામીનો રસાલો પોતાને ખર્ચે અતિ પ્રેમથી પોતાના પ્રાણ પણ ગુરુચરણે અર્પવા તૈયાર થઈ એમની સાથે રહેતો હતો.

સ્વામીનારાયણના કાર્યને વિશેષ સારી રીતે તો મિ. બ્રિગ્સ સમજી શક્યો છે. એણે સ્વામીનારાયણના દેહાન્ત પછી થોડા મહિનામાં જ વડતાલની મુલાકાત લીધી હતી. એણે સહજાનંદ સ્વામી અને રાજા રામમોહનરાયનાં કાર્યનો મુકાબલો કર્યો છે, અને એનાં કાર્યોની કિંમત આંકવા પ્રયત્ન કર્યો છે.

બીજું જાહેર કાર્ય તે મુંબઈના ગવર્નરે સર જ્હૉન માલ્કમની રાજકોટમાં થયેલી મુલાકાત છે. એ ગવર્નરે રાજકોટથી ખાસ નિમંત્રણ મોકલી સ્વામીનારાયણને તેડાવ્યા. તે વખતે સ્વામીનારાયણની પ્રકૃતિ બહુ નરમ હતી તેથી જવા ખુશી ન હતા, પણ ગવર્નરે બહુ આગ્રહપૂર્વક પાછું કહેણ મોકલ્યું એટલે સહજાનંદ સ્વામી ત્યાં પધાર્યા. માલ્કમ સાહેબે લગભગ બે કલાક સુધી સહજાનંદ સ્વામી જોડે સંપ્રદાયના સિદ્ધાન્તો સંબંધી વાતચીત કરી અને એમને હારતોરા પહેરાવ્યા.

સહજાનંદ સ્વામી રાજકોટથી ગઢડા જ ગયા. ત્યાં એમનો મંદવાડ વધવા લાગ્યો. મંદવાડના કેટલાક વખત પહેલાંથી સહજાનંદ સ્વામીએ તીવ્ર તપ આદર્યું હતું. વ્રત-ઉપવાસો કરવા, કઠણ નિયમો લેવા, સર્વેમાંથી ચિત્તને કાઢી લેવું, મૌન ધારવું વગેરે રીતે સંસારથી ઉદાસીનતા રાખતા હતા. મંદવાડની હકીકત સાંભળી ગામેગામથી લોકોનાં ટોળાં

એમને મળવા આવવા લાગ્યાં. ગઢડું સત્સંગીઓથી ભરાઈ ગયું. સહજાનંદ સ્વામીએ સર્વેને ધીરજ આપી, કોઈએ એમની પાછળ આત્મહત્યા ન કરવી એવી તાકીદ કરી, સર્વેને પોતપોતાના ધર્મમાં રહેવા ઉપદેશ કર્યો. હરિજનો તથા સાધુઓને વીખરાઈ જવા કહ્યું; પણ કોણ વીખરાય? છેવટે સહજાનંદ સ્વામીએ સાજા થવાનો દેખાવ કર્યો. દિવસે દિવસે તબિયત સુધરતી હોય એમ દેખાવા લાગ્યું. જેઠ સુદ નવમીને દિવસે મંદવાડમાંથી તદ્દન મુક્ત થયા હોય એમ ઊઠ્યા. ખુશાલીમાં દાદા ખાચર પાસે સાકર વહેંચાવી; હરિજનો તથા ત્યાગીઓને ઊભા થઈને ભેટ્યા અને પછી બેચાર સાધુઓ સિવાય એકેએકને તે ને તે દિવસે વિદાય કરી દીધા. બ્રહ્માનંદ સ્વામી જેવા સખાને પણ પોતાની પાસે રાખ્યા નહિ. કેટલાક તો ચેતી ગયા હતા, પણ ઘણાખરા હર્ષભેર વિદાય થયા. બીજે દિવસે મધ્યાહ્નને સહજાનંદ સ્વામી નાહી ધોઈ પદ્માસન વાળી બેઠા અને સ્વેચ્છાથી દેહ છોડી દીધો. હરિજનોનાં હૃદયમાં અંધકાર છાઈ ગયો.

૯. ચારિત્ર

ભારતવર્ષની મહાન વ્યક્તિઓનું વિગતપૂર્ણ ચરિત્રલેખન ન મળે, એમાં સહજાનંદ સ્વામીના શિષ્યોએ એક અપવાદ કર્યો છે. સહજાનંદ સ્વામીનું સંપૂર્ણ ચરિત્ર, એમના અંગનું વર્ણન, એમનો દેહસ્વભાવ, એમનું ચારિત્ર, એમના જીવનના છૂટક છૂટક બનાવો હજુ સુધી લખાઈને અથવા મુખપરંપરાથી સચવાયાં છે. પ્રેમાનંદ સ્વામીએ એમની ઊંચાઈ, એમના શરીર ઉપરનાં એકેએક ચિહ્ન, એકએક તિલ, એમની બેસવાની, ચાલવાની, વાતો કરવાની, કપડાં પહેરવાની — એકએક ટેવનું વિગતવાર વર્ણન કર્યું છે. નિષ્કુળાનંદ તથા આધારાનંદ સ્વામીના ભક્તચિંતામણી, પુરુષોત્તમ પ્રકાશ, હરિચરિત્ર વગેરે ગ્રંથોમાંથી એમનું ચરિત્ર મળી શકે છે. સ્વામી નિર્ગુણદાસ, આત્માનંદ, પ્રસાદાનંદ વગેરેની 'વાતો'માંથી એમના જીવનના છૂટક છૂટક પ્રસંગો મળે છે.*

સહજાનંદ સ્વામીની ઊંચાઈ સવા ચોસઠ તસુ લખાઈ છે, એમનો રંગ સહેજ શ્યામ અને બાંધો મધ્યમ હતો.

---

*અતિશયોક્તિ કરવાની કુટેવને લીધે હાલહાલમાં એવી છૂટક વાતોનો સંગ્રહ ઘણો વધી ગયો છે; અને એનું સત્યનિષ્ઠાથી તાબડતોબ શોધન કરી એ વૃત્તિ ઉપર અંકુશ મૂકવામાં ન આવે તો શ્રદ્ધેય વાતો કેટલી છે તે જાણવાનું મુશ્કેલ થઈ પડશે. પછી ખરી વાતો પણ ગપાટા લેખાય તો તેમાં સાંભળનારની અશ્રદ્ધા ઉપર દોષ મૂકવો એ અયોગ્ય જ કહેવાશે.

એમને શરીરે તિલનાં ઘણાં ચિહ્નો હતાં. વડતાલ અને અમદાવાદમાં એમની કાષ્ઠની મૂર્તિ એમના સ્વરૂપને સૌથી વિશેષ સદૃશ છે.

સહજાનંદ સ્વામીનું ચારિત્ર આલેખવાનું કામ મને અતિશય કઠણ લાગે છે. મેં આ લેખમાં એમના ચરિત્ર પર પ્રકાશ પાડે એવા કેટલાક પ્રસંગો જ વર્ણવ્યા છે, અને એમણે પોતે વર્ણવેલાં પોતાનાં વૃત્તાન્તો ઉપરથી એમની સમાજ અને સ્વતઃ પ્રત્યેની વૃત્તિનો કાંઈક ખ્યાલ કરાવું છું.

સ્વામીનારાયણનો સહજ સ્વભાવ વૈરાગ્ય અને તપઃપ્રિય હતો એમ કહ્યું જ છે. એમના આદર્શ વૈરાગી જડભરત હતા, શ્રીકૃષ્ણ ઉપર એમને અતિશય ભક્તિ હતી, પણ એમને ઋષભદેવ ઉપર બહુ ભાવ હતો અને તેથી ઓછો કપિલ અને દત્તાત્રેય ઉપર હતો. સાધારણતઃ એમને વનમાં ફરવું, તપ કરવું, અપરિગ્રહ રાખવો અને નિર્ભય રહેવું એ જ ગમતું. પણ રામાનંદ સ્વામીના અંતર્ધાન થયા કેડે સત્સંગહિતાર્થે ‘કાંઈક બીક રાખવા માંડી’; અને ત્યાગ અને દયાનો પક્ષ મોળો કરીને પણ ઉપાસના અને ભક્તિની પુષ્ટિ થાય તથા ઘણાનો ‘સમાસ’[1] થાય એવી પ્રવૃત્તિ કરવા માંડી. પણ તેમાં, ‘જેમ મનુષ્યને મુવા ટાણે પથારી ઉપર સુવાર્યો હોય, ત્યારે તે મનુષ્યમાંથી સૌને પોતાના સ્વાર્થની વાસના ટળી જાય છે, અને તે મરનારને પણ સંસારથકી મન ઉદાસ થઈ જાય છે; તેમનું તેમ અમને પોતાની કોરનું અને બીજાની કોરનું અંતઅવસ્થા જેવું સદા વરતે છે, અને જેટલું માઇક

---

૧. ‘સમાસ’ સત્સંગનો પારિભાષિક શબ્દ છે. ઘણાં માણસ સુખેથી સંપ્રદાયમાં રહી પ્રભુભક્તિ કરી શકે એવું ધોરણ, એના જેવો એનો અર્થ થાય છે.

પદાર્થ માત્ર છે તે સર્વે નાશવંત અને તુચ્છ સરખું જણાયા કરે છે. પણ એમાં વિક્તિ નથી જણાતી જે આ સારું પદાર્થ છે અને આ ભૂંડું પદાર્થ છે.'[૧] સર્વે પ્રવૃત્તિમાં પડ્યા છતાં અંતરમાં એમને એમ વિચાર રહ્યા કરતો કે, 'આત્માને વિષે રખેને રજોગુણ, તમોગુણ આદિક કોઈ માયાનો ભાગ મળી જાય નહિ,' તેથી કોઈ ભારે પ્રવૃત્તિમાં પડ્યા પછી અંતર્દૃષ્ટિ કરી કાચબાની પેઠે સર્વે વૃત્તિઓનો સંકોચ કરી નાખવો અને આત્મસ્વરૂપમાં લીન થઈ જવું, એવી એમની સહજ પ્રકૃતિ હતી.[૨] અમદાવાદમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરીને તથા બ્રાહ્મણોની ચોરાશી જમાડીને સહજાનંદ સ્વામી સાબદા થઈને જેતલપુર ચાલી નીસર્યા ને ત્યાં રાત રહ્યા. 'ત્યાં જઈને એવો વિચાર કરવા માંડ્યો જે જેટલાં માણસ દેખ્યાં છે ને જેટલી પ્રવૃત્તિ દેખી છે તેને ટાળી નાખવી; પછે તેને વિસાર્યાને અર્થે હૈયામાં અતિશે દુઃખ થયું, તેણે કરીને શરીરે પણ માંદા થઈ ગયા. પછી ત્યાં થકી ધોળકે જઈને રાત રહ્યા અને ધોળકાના ચાલ્યા એના એ વિચારમાં ગામ કોઠચની પાસે ગણેશ ધોળકાની રાણ્યુંમાં જઈને રાત રહ્યા, તે વિચાર એવો કરવા માંડ્યો જે દેહની સ્મૃતિ ન રહી; પછી વિચારતાં વિચારતાં સર્વે પ્રવૃત્તિને વિસારી મેલીને જેવા અમે કાંકરીયે તળાવ ઉતર્યા નહોતા અને મેળો પણ ભરાણો નહોતો તેવી રીતે સર્વે ઘાટ ટાળી નાખ્યા,......અને જ્યારે એ સર્વે સંકલ્પ ટળી ગયા ત્યારે સંકલ્પનો મંદવાડ હતો તે પણ ટળી ગયો.'[૩] પોતે કહે છે કે

૧. વચનામૃત ગ. મ. ૫૫

૨. ગ. મ. ૩૯

૩. ગ. મ ૨૨

એમને આ પાંચ વાતનું નિરંતર અનુસંધાન રહેતું: (૧) દેહના નાશવંતપણાને લઈને વૈરાગ્યનું; (૨) શું કર્યું છે અને શું કરવાનું છે તેના વિચારનું; (૩) પંચવિષયની વાસના ટળી છે કે નથી ટળી તેના વિચારનું; (૪) મોટા સાધુઓની વાસના ટળી છે કે નહિ તેની તપાસનું; અને (૫) મનને ઉદાસી ન કરવાનું; કારણ કે 'મનને ઉદાસ કરવા લાગું તો કોણ જાણે ક્યાંઈ જતું રહેવાય અને દેહ પડી જાય,' અને 'ભલા, અમારે જોગે કરીને આ સર્વે બાઈ, ભાઈ, પરમહંસ રાજીપે એડા ભગવદ્‌ભક્તિ કરે છે, તો એ ઠીક છે, ને ભગવદ્‌ભક્તિને કરતાં દેખીને મનમાં બહુ રાજિપો થાય છે, જે મરી તો સર્વેને જાવું છે, પણ આવી રીતે ભક્તિ કરવી એ જ જીવ્યાનો મોટો લાભ છે.'[૧]

એમના સ્વભાવમાં દયા અને પ્રેમાધીનપણું એ પ્રધાન ગુણો હતા, પણ એમને પરમેશ્વર કે પરમેશ્વરના ભક્તનો દ્રોહ કરનાર ઉપર અતિશય અભાવ વર્તતો, અને તે સાથે બોલવા ઇચ્છે તોપણ બોલી શકતા નહિ. ભક્ત ઉપર એમને પક્ષપાત રહેતો. એમની પ્રકૃતિ રામાનંદ સ્વામી કે રામચંદ્રજીની માફક શરણાગત જરાક વાંકમાં આવ્યો હોય તો તેનો તત્કાળ ત્યાગ કરી દે એવી ન હતી[૨]; કારણ કે ઝટ કોઈ ઉપર રાજી કરાજી થવાનો એમનો સ્વભાવ ન હતો; પણ ઘણા દિવસ સુધી રાજી કુરાજી થવાનું કારણ જુએ ત્યારે જ એમને રાજીપો કે કુરાજીપો થતો; કોઈના કહેવાથી એ કોઈ ઉપર ખુશ કે નાખુશ થતા નહિ.[૩]

---

૧. ગ. છે. ૩૦. ૨. ગ. મ. ૨૮. ૩ ગ. મ ૨૮.

પોતાના અંગની વાત કરતાં સ્વામીનારાયણ એક ઠેકાણે કહે છે કે, 'અમને જે પદાર્થમાં હેત જણાય તેનો ત્યાગ કરીએ ત્યારે સુખ થાય, અને ભગવાનના ભક્ત વિના જે મનુષ્યમાત્ર અથવા પદાર્થમાત્ર તેની જો મનમાં સ્મૃતિ થઈ હોય તો તેથી અતિશે છેટું કરીએ ત્યારે સુખ થાય, અને ......ભગવાનના ભક્ત......નો કોઈ રીતે......હૈયામાં અભાવ આવે જ નહિ; અને અમારે વગરઈચ્છે પણ પંચવિષય... જોરાવરીએ આવીને પ્રાપ્ત થાય છે, તોપણ તેને અમે ઇચ્છતા નથી અને પગે કરીને ઠેલી નાખીએ છીએ; અને જે દિવસ થકી અમે જન્મ્યા છીએ તે દિવસથી કરીને આજ દિવસ પર્યંત કોઈ દિવસ જાગ્રતમાં અથવા સ્વપ્નમાં દ્રવ્યનો કે સ્ત્રીનો ભૂંડો ઘાટ થયો હોય તો આ સમગ્ર પરમહંસના સમ છે... અમારા અંતરમાં તો એક ભગવાનના સ્વરૂપનું ચિંતવન રહે છે .....જે દિવસ અમારા હૈયામાં ભગવાન ને ભગવાનના ભક્ત વિના બીજે ક્યાંઈ હેત જણાશે તો અમે એમ માનશું જે અમે અમારી સ્થિતિમાંથી ડગ્યા, પણ અમને એવો નિશ્ચય છે જે અમે એ સ્થિતિમાંથી ડગીએ જ નહિ.'[૧]

સભામાં સહજાનંદ સ્વામી જ્ઞાનવાર્તા કરી રહ્યા હોય તે વખતે કોઈ એમની પૂજા કરવા આવે કે જમવા બોલાવે તો બહુ નારાજ થઈ જતા. કથાવાર્તામાં જ એમનું નિરંતર ધ્યાન રહેતું, તેથી એની સ્મૃતિમાં કોઈ વાર જમતાં જમતાં પણ 'હરે' બોલાઈ જતું; અને પછી યાદ આવે ત્યારે હસી દેતા. એમનું હાસ્ય હમેશાં મંદ રહેતું અને તે વખતે મુખ

---

૧. ગ. મ ૩૩

પર રૂમાલ દાબવાની ટેવ હતી. વાતો કરતી વખતે ફૂલને ઉછાળવાની કે રૂમાલને વળ દેવાની ટેવ હતી.

સહજાનંદ સ્વામીને કોઈ ધર્મનો લોપ કરે અથવા અન્યાયનો પક્ષ લે અથવા ગરીબને પીડે તો જરા ક્રોધની ચટકી થતી, પણ તે તત્કાળ શમી જતી અને તેની આંટી પણ બંધાતી નહિ. દરેકના હૃદયમાં પરમેશ્વર વિરાજે છે એ વિચારનું કદી વિસ્મરણ થતું નહિ, એટલે કોઈને દુઃખવતાં એનામાં રહેલા પરમેશ્વર દુઃખાશે એ વિચારથી જેને દુઃખવ્યો હોય તેને કોઈ પણ રીતે ખુશી કરવા વૃત્તિ રહેતી. એમના શિષ્યો કાંઈ વાંકમાં આવ્યા હોય તો એમના હિતાર્થે એ ચિડાતા ખરા, પણ એમના જીવનમાં કોઈ પણ વ્યક્તિને એમણે શાપ દીધો હોય કે એનું ભૂંડું ઇચ્છ્યું હોય એવું બન્યું નથી. અતિશય સંતાપથી લાલ થઈ ગયા હોય એવું એક વાર એમને વિષે લખાયું છે. જ્યારે વેરાગીઓના મારથી એમણે સાધુઓના વાંસા પર સોળ ઊઠેલા જોયા ત્યારે એમણે જમીન પર પોતાના હાથ અફાળી દીધા અને બોલ્યા, 'અરેરે, પાપીઓએ મારા સાધુઓને આવા માર્યા!' પણ એટલા સંતાપમાંયે એમના મુખમાંથી એક પણ દુરિચ્છાદર્શક વાક્ય નીકળ્યું નહિ.

ઊલટું, નાનું બાળક પણ કોઈ રીતે એમનાથી નારાજ થયું હોય, તો એને રાજી કર્યે જ એમને કળ વળતી. એક વાર સભામાં સર્પ નીકળ્યો, તેને લીધે કાંઈક ગડબડ થઈ; તેથી તે જગ્યાએ સહજાનંદ સ્વામી જવાને ઊઠ્યા. એ જતા હતા એટલામાં એક બાળક એમને પગે લાગવા આવ્યો. ઉતાવળમાં સહજાનંદ સ્વામીએ એને હાથ પકડી દૂર કર્યો.

છોકરો ઝંખવાણો પડી ગયો. સર્પનો ગભરાટ દૂર થયા પછી સ્વામીનારાયણ પાછા આસને આવીને બેઠા. છોકરાની એમને વિસ્મૃતિ થઈ ન હતી. એને પાસે બોલાવી બેસાડ્યો અને પ્રસાદી અપાવી ખુશ કર્યો.

પોતાનું બૂરું કરનાર ઉપર પણ એ દયા કરવા તત્પર રહેતા. વિસલનગરમાં એક શોભારામ શાસ્ત્રી હતો, તે સત્સંગીઓ ઉપર બહુ દ્વેષ રાખતો. સત્સંગીઓને ન્યાત બહાર મુકાવવામાં એ અગ્રેસર હતો. સત્સંગીઓનો અગ્રેસર બળદેવ નામે એક નાગર હતો. એક દિવસ શોભારામે બળદેવને કહ્યું, 'બળદેવ, તારા સ્વામીનારાયણ ભગવાન હોય તો હું તો એમનો ઘણો દ્રોહ કરું છું, છતાં કેમ સાજોતાજો ફરું છું? એ મને આંધળો ન કરી નાખે?' બળદેવે કહ્યું, 'અલ્યા, હાથે કરીને શું કામ અંધાપો માગી લે છે?' શોભારામે કહ્યું, 'જો સ્વામીનારાયણ ભગવાન હોય તો હું આઠ દિવસમાં આંધળો થાઉં એમ માગી લઉં છું.' એના માગ્યા પ્રમાણે જ થયું. સ્વામીનારાયણ ત્યાર પછી કેટલેક વખતે વિસલનગર પધાર્યા. એમણે શોભારામના અંધાપાની વાત સાંભળી એટલે કહ્યું, 'એમ! મારે લીધે એ આંધળો થયો? ત્યારે ચાલો, આપણે એને ઘેર જઈ એને દર્શન આપીએ.' દયાળુ ઘનશ્યામ એને ત્યાં જાતે ઊઠીને પધાર્યા ખરા, પણ હજુ શોભારામનું કર્મ ફૂટેલું જ હતું. એણે સ્વામીનારાયણને મળવાની ચોખ્ખી ના પાડી અને કહેવડાવ્યું કે હું જમવા બેઠો છું તે નહિ મળી શકું. પછી સહજાનંદ સ્વામી ત્યાંથી ચાલી નીકળ્યા.

એ વિસલનગરમાં જ બળદેવનો મામો લાલદાસ પણ સહજાનંદ સ્વામીનો દ્વેષી હતો. લાલદાસ ગામનો સૂબો કે

કોઈક એવો અધિકારી હતો. એ સત્સંગીઓને બહુ કનડતો. એક વાર એણે બધા સત્સંગીઓને તડકામાં ઊભા રહેવાનો હુકમ કર્યો. બધા સત્સંગીઓ તડકામાં ઊભા રહ્યા છે એમ સાંભળી, બળદેવ અને એની મા ઉદયકુંવર પણ જઈ તડકામાં ઊભાં. સિપાઈઓએ બળદેવ અને એની માને ઘેર ચાલી જવા કહ્યું, પણ એમણે એ વાત ગણકારી નહિ. એટલે સિપાઈએ જઈને, બા સાહેબ અને ભાણાભાઈ પણ તડકામાં ઊભાં છે તે ખસતાં નથી, એમ લાલદાસને કહ્યું. લાલદાસ એ જગ્યાએ આવ્યો અને બહેન તથા ભાણેજને ઘેર જવા વીનવ્યાં. ઉદયકુંવરે શાંતપણે જવાબ દીધો કે બધા જશે ત્યારે અમે પણ જશું. બહેન અને ભાણેજ તડકામાં ઊભાં રહે એ લાલદાસથી સહન ન થયું, એટલે એણે બધાને છોડી મૂક્યા.

સ્વામીનારાયણને જ્યારે વિસલનગરમાં સત્સંગીઓ ઉપર પડતા ત્રાસની ખબર પડી ત્યારે એમણે ત્યાં જવાનો નિશ્ચય કર્યો. ઘણાઓએ તેમ કરતાં એમને વાર્યા, તેથી માત્ર એક સેવકને લઈ એ ઓચિંતા વિસલનગર નીકળી ગયા. બળદેવને ત્યાં ઉતારો કરી, એમના આવ્યાની ખબર લાલદાસને પહોંચાડવા કહ્યું. બળદેવે આનાકાની કરી, પણ આજ્ઞા જ થઈ એટલે લાલદાસને જાણ કરવી પડી. લાલદાસ તો ક્યારે સ્વામીનારાયણ હાથમાં આવે અને એને કેદ કરું, એમ તલપી જ રહ્યો હતો. એણે ત્રીસ આરબોને સ્વામીનારાયણને પકડવા મોકલ્યા. આરબ જમાદાર બળદેવને ત્યાં આવ્યો, પણ સ્વામીનારાયણની તેજસ્વી મૂર્તિ જોઈ એને પકડવાનું મન જ થયું નહિ. એ તો લાલદાસની પાસે પાછો ગયો અને કહ્યું કે એવા ઓલિયા પુરુષને હું નહિ પકડું. જંગલી આરબમાં પણ આવો ફેરફાર જોઈ લાલદાસ

વિસ્મય પામ્યો. પણ એટલામાં પાછળ જુએ છે તો સ્વામીનારાયણ એને ઘેર જ આવી ઊભા હતા. એમને જોતાં જ એની ચિત્તવૃત્તિ ફરી ગઈ; એના ઉપર સ્વામીનારાયણ વિષે જુદી જ છાપ પડી. એણે ઊઠીને સ્વામીનારાયણનો આદર-સત્કાર કર્યો. સ્વામીનારાયણે એને ઉપદેશ કર્યો અને એની શંકાઓનું સમાધાન કર્યું. પરિણામે એ સ્વામીનારાયણનો શિષ્ય થયો.

સંવત ૧૮૬૯માં તો એમની દયાનાં અનેક ઉદાહરણો થયાં. કાઠિયાવાડમાં અગણોતેરો કાળ બહુ જ ભયંકર ગયો. એ કાળ કેટલો ભયંકર ગયો હશે તેની કલ્પના કરવાને બે વિગતો પૂરતી થશે. તે વર્ષે ગુજરાતમાં તુવેરનો ભાવ રૂપિયે મણ હતો અને કાઠિયાવાડમાં ચાર રૂપિયે મણ હતો; અને ઘીનો ભાવ સવાશેરીકો હતો; એટલે આજની મોંઘવારીના ભાવો અગણોતેરમાં પણ બોલાયા હતા. એ વર્ષે દુષ્કાળ પડશે એવી આગાહી સ્વામીનારાયણે આગળથી કરી હતી, અને ગામેગામ કાગળો લખાવ્યા હતા કે ઘર વેચી, ઢોર વેચી, ઘરેણાં વેચીને પણ અન્નનો સંગ્રહ કરજો; નહિ તો અન્ન અને દાંતને વેર થશે. કેટલાકોએ એ આજ્ઞા માની અને કેટલાકે મનુષ્યસ્વભાવને વશ થઈ ન ગણકારી. દુષ્કાળની ભયંકરતા તીવ્ર થતી ગઈ. પૈસા આપતાંયે અન્ન ન મળે એવી સ્થિતિ થઈ. સ્વામીનારાયણે પોતાના સત્સંગીઓ ઉપર બોજો ન પડે તેટલા માટે સર્વે સાધુઓને કાઠિયાવાડની બહાર ફરવા મોકલી દીધા અને દર્શનને મિષે પણ એમની પાસે આવવા મનાઈ કરી. પોતે તે વર્ષે શોક પાળી નખ અને કેશ વધાર્યા. ગુજરાતથી અનાજ મગાવી દાન દેવા લાગ્યા અને પોતે છાના

રહી ગામેગામ ફરી સત્સંગીઓની ખબર લેવા માંડી.* દુઃખી સત્સંગીઓને જુદી જુદી રીતે સાહાય્ય કરી; કોઈને અન્ન આપ્યું, કોઈને ગુજરાતમાં મોકલી દીધા. ભૂખ્યાંને અન્નદાન દેવામાં સત્સંગી ન-સત્સંગી જોવો નહિ એવી એમની આજ્ઞા છે, અને એ પ્રમાણે જ એ પોતે પણ વર્તતા.

પોતે ઘણી વાર ચમત્કાર બતાવતા, અને અગણોતેરામાં ઘણાને પોતાના ઐશ્વર્યથી જ એમણે મદદ કરી હતી. પણ કોઈ રાજા રજવાડાને ચમત્કાર કરી બતાવવો એ એમને ગમતું નહિ. વડોદરાના એક શાસ્ત્રીએ એમને એક વાર કહ્યું કે, 'કોઈ મોટા માણસને ચમત્કાર કરી બતાવો તો કેટલો બધો સમાસ થાય!' એની ઇચ્છા સયાજીરાવનો રોગ મટાડાવવાની હતી. સ્વામીનારાયણે કહ્યું, 'મોટા માણસને અને અમને બને એવું ન મળે. મોટા માણસને ધન અને વૈભવનો મદ હોય, અને અમને વૈરાગ અને ત્યાગનો મદ હોય; મોટો માણસ રાજી થાય તો કોઈ ગામ કે ગરાસ આપે તેની અમને ગરજ ન હોય, અને અમને ભજન અને સત્સંગ કરાવવાનો આગ્રહ હોય તેની એને દરકાર ન હોય; એટલે અમારે અને એને મળતું ન આવે.'

ક્રોધી, માની અને ઈર્ષ્યાળુ ભક્ત સાથે એમને જરાયે સુવાણ થતું નહિ, અને કામીનો તો વિશ્વાસ જ ન બેસતો

*આ વર્ષમાં સ્વામીનારાયણને ગુપ્તવાસ રાખવો પડયો હતો. સહજાનંદ સ્વામીની શિષ્યશાખા ઘણી મોટી હોવાથી, એમને કેદ કરવામાં આવે તો એમના છુટકારા માટે ભારે દંડ વસૂલ કરી શકાય એવી બુદ્ધિથી દુષ્કાળપીડિત લોકો અને રાજ્યના અધિકારીઓ સહજાનંદ સ્વામીને પકડવા માટે પ્રયત્ન કરી રહ્યા હતા.

કે એ સત્સંગી છે. વળી જે દાંભિક ભક્તિ કરે એના ઉપર બહુ અણગમો રહેતો. ભક્તોમાં એમને શૂરવીર ભક્ત અતિશય ગમતો. જેને નિયમ પાળવામાં શિથિલપણું હોય, જે પોતાને અતિશય તુચ્છ સમજતો હોય, જે પરમેશ્વર કરાવશે તો કરશું કહી તદ્દન પુરુષાર્થહીન હોય, જે એવા ઉદ્ગારો કાઢતો હોય કે શું પરમેશ્વરની બધી આજ્ઞાઓ કોઈથી પાળી શકાય છે, કે શું એક જન્મે કોઈનું કલ્યાણ થાય છે, તે ધાર્મિક અને ભક્તિવાન હોય તોપણ એનો સંગ ન કરવો એવો એમનો અભિપ્રાય હતો.

શુષ્કવેદાંતી એટલે જેનું अहंब्रह्मास्मि માત્ર બોલવામાં જ આવી ગયું હોય પણ અનુભવમાં કે વર્તનમાં ઊતર્યું ન હોય, જે ભક્તિ કે જ્ઞાનનું આલંબન કરી લોકોને અધર્મ કે અનીતિને માર્ગે ચઢાવતા હોય, જે પરમેશ્વર કરતાં પૂર્વકર્મ પર વિશેષ ભાર દેતા હોય એવા ઉપર એમને બહુ અભાવ રહેતો, અને એવાનો સંગ ન થાય એવું પરમેશ્વર પાસે માગવા એમના શિષ્યોને ઉપદેશ દેતા.

૧૦. કેટલાક પ્રસંગો

એક વાર સહજાનંદ સ્વામી કાઠિયાવાડમાં બોટાદ પાસે સારંગપુરમાં વરસાદના દિવસોમાં રહેતા હતા; તેવામાં ત્રણ દિવસ સુધી એકસરખી વરસાદની હેલી થઈ અને ગામમાં ઘણાં ઘરો પડવા માંડ્યાં. તેમાં એક બ્રાહ્મણનું ઘર પણ હતું. એના મોભ નીચે દશવીશ ઢોર દબાવા લાગ્યાં. બ્રાહ્મણ દોડતો સહજાનંદ સ્વામી પાસે આવ્યો અને મદદનો પોકાર કીધો. સહજાનંદ સ્વામીએ પાસે બેઠેલા માણસોને દોડી જવા કહ્યું, પણ કોઈ ઊઠ્યું નહિ. તે જોઈ સહજાનંદ સ્વામીએ પોતે દોડીને ખભેથી મોભ ઊંચો ઝાલી રાખ્યો અને પશુને બહાર કઢાવ્યાં.

ઢોરોની રક્ષા

જુનાગઢ તાબામાં પંચાળા ગામના ઠાકોર ઝીણાભાઈ સહજાનંદ સ્વામીના અતિ પ્રિય શિષ્યો પૈકી એક હતા. એના છેલ્લા મંદવાડમાં સહજાનંદ સ્વામી એને જોવા ગયા, અને એને ઉપદેશ આપી શાંતિથી દેહ છોડાવ્યો. ત્યાર પછી સહજાનંદ સ્વામીએ ઝીણાભાઈની માતાને બોલાવી એક બાજુ બેસી એમની જોડે નીચે પ્રમાણે વાત શરૂ કરી :

ધૈર્ય દેવાની રીત

સહ૦ — તમારા ઝીણાભાઈને પંચાળું એક ગામ છે; તેમાં પણ બે ભાગ છે : ઝીણાભાઈનો ને ગગાભાઈનો. તેને બદલે તમારા ઝીણાભાઈને જુનાગઢનું રાજ્ય મળે તો તમે રાજી કે નહિ ?

મા૦—ત્યારે તો હું બહુ રાજી થાઉં.

સહ૦—જુનાગઢ કરતાં વડોદરાનું રાજ્ય બહુ મોટું છે; તે રાજ્ય ઝીણાભાઈને મળે તો તમે રાજી કે નહિ?

મા૦—તો તો હું બહુ રાજી થાઉં.

સહ૦—વડોદરાના રાજ્ય કરતાં અંગ્રેજનું રાજ્ય બહુ મોટું છે; તે જો ઝીણાભાઈને પ્રાપ્ત થાય તો તમે રાજી કે નહિ?

મા૦—ત્યારે તો હું અતિ રાજી થાઉં.

સહ૦—આખી પૃથ્વીનું રાજ્ય ઝીણાભાઈને મળે તો તમે રાજી થાઓ કે નહિ?

મા૦—ત્યારે તો હું વળી બહુ જ રાજી થાઉં.

સહ૦—ઝીણાભાઈને ઇંદ્રનું રાજ્ય મળે તો તમે રાજી થાઓ કે નહિ?

મા૦—ત્યારે તો હું ખૂબ જ રાજી થાઉં.

સહ૦—અને આખા બ્રહ્માંડનું રાજ્ય મળે તો?

મા૦—તો તો હું અતિશય રાજી થાઉં.

સહ૦—પણ ઝીણાભાઈ તો ત્યાં રાજ્યગાદી ઉપર બેઠા હોય અને તમને અહીં દેખ્યામાં આવે નહિ, તેનું કેમ?

મા૦—હું જાણું જે મારો દીકરો મોટી રાજ્યગાદી ઉપર બેઠો છે; એમ જાણીને મનમાં બહુ સુખ પામું.

સહ૦—ત્યારે અમે ઝીણાભાઈને સૌથી મોટું રાજ્ય અને મોટું સુખ આપ્યું છે, અને ઝીણાભાઈ તમને પણ ત્યાં તેડી જશે.

એમ કહી ઝીણાભાઈના શબ પાસે તેડી ગયા અને શાંત કર્યાં.

એક વાર સહજાનંદ સ્વામી ધોરાજીમાં એક ગરાસિયાને ત્યાં ઊતર્યા હતા. તે વખતે ગોંડળના દરબાર હઠીભાઈ પણ ધોરાજી આવેલા હતા. સ્વામીનારાયણને ગામમાં આવેલા જાણી દરબારને એમનાં દર્શન કરવા જવાની ઇચ્છા થઈ. એક ગરાસિયાએ સલાહ આપી, 'સ્વામીનારાયણ તો સાધુ છે, માટે આપણે રાજાઓએ ત્યાં શું કામ જવું જોઈએ ?' પણ દરબારને ગાદીનું અભિમાન ઓછું હતું. એણે રસાલા સાથે જ્યાં સહજાનંદ સ્વામી ઊતર્યા હતા ત્યાં જવા માંડ્યું. તે જાણી, જે ગરાસિયાને ત્યાં સહજાનંદ સ્વામી ઊતર્યા હતા તે ઉતાવળો વ્યવસ્થા કરવા ઘેર ગયો, અને સહજાનંદ સ્વામીને દરબારના આગમનની ખબર આપી. ગરાસિયાને દરબારનું સ્વાગત કરવા ખરચ કરવું પડે એ રુચતું ન હતું એમ સહજાનંદ સ્વામીએ જોઈ લીધું, અને તુર્ત જ એક કુંભાર ભક્તને ત્યાં ચાલી નીકળ્યા.

समदृष्टि

દરબારને રસ્તામાં ખબર પડી કે સહજાનંદ સ્વામી તો કુંભારને ત્યાં જઈ બેઠા. એટલે પેલા સલાહકારે પાછી ગાદીનો મોભો સાચવવાની સલાહ આપી. પણ દરબાર તો સહજાનંદ સ્વામીને મળવા આતુર થઈ રહ્યા હતા. કુંભારને ત્યાં જતાં એમને નીચું થવાપણું ન લાગ્યું, પણ કુંભારને ઘેર પોતે આવે છે એમ કહેણ મોકલ્યું. દરબારનું સ્વાગત કેમ કરવું એ વિષે કુંભાર વિમાસણમાં પડ્યો. પણ સહજાનંદ સ્વામીએ એને નિશ્ચિંતપણે એક ગૂણો પાથરવા આજ્ઞા કરી.

હઠીસિંગ આવીને ગૂણા ઉપર બેઠા. સહજાનંદ સ્વામીએ એમને ઉપદેશ દેવા માંડ્યો. ઉપદેશ દેતાં દેતાં એક કમંડળુમાંથી પાણી પીતા જતા હતા. કુંવરને પણ થોડું પાણી પાયું. દરબાર પણ સરળ વૃત્તિના હતા. એમણે સંપ્રદાયના વર્તમાન ધાર્યાં.

શ્રદ્ધા, સંતમહિમા અને નિર્માનિતા

સત્પુરુષનો કિંચિત્ પણ દૂર દૂરનો સંબંધ જીવનું હિત કરવાવાળો છે એવી સહજાનંદ સ્વામીની અડગ શ્રદ્ધા હતી. એટલે મનુષ્ય, પ્રાણી અને વનસ્પતિને સુધ્ધાં જે તે ઉપાયે પણ સત્પુરુષોના સમાગમમાં લાવવા એ અતિ પરિશ્રમ ઉઠાવતા. તેટલા માટે ઝાડોનેયે વર્તમાન ધરાવતા અને પ્રાણીઓનેયે પ્રસાદી ખવરાવતા.

દાદા ખાચરની નાની દીકરી માંદી પડી અને બચે એમ ન લાગ્યું, ત્યારે સંતોની પંક્તિમાંથી પ્રત્યેક સંતનું પ્રસાદીનું અન્ન ભેગું કરી, તેમાંથી બે ગ્રાસ પોતે જમીને પ્રસાદી છોકરી માટે મોકલી કે 'જેથી એનું કલ્યાણ થાય.'

તે જ પ્રમાણે દાદા ખાચરની ઘોડી માંદી હતી ત્યારે પાણીના વાસણમાં સર્વે સાધુના પગના અંગૂઠા બોળાવી, પોતે તેમાંથી બે અંજલિ ચરણામૃત પીધું અને શેષ પ્રસાદી ઘોડીના કલ્યાણાર્થે મોકલાવી.

એ શ્રદ્ધા સહજાનંદ સ્વામીના શિષ્યોમાં સારી રીતે ઊતરી આવેલી જણાય છે. સાધુ સચ્ચિદાનંદ સ્વામી ખેતી કરતા ત્યારે જે ઝાડો કાપી નાખવાં પડે કે છોડો ઉખેડવા પડે તેને પહેલાં વર્તમાન આપી પછી ઉખેડતા; અને આજ સુધી કોઈ મરતા પ્રાણીના મુખમાં 'સ્વામીનારાયણ' શબ્દનો

મંત્રોચ્ચાર કરી પાણીની અંજલિવડે વર્તમાન ધરાવવાનું દશ્ય સંપ્રદાયમાં નવું નથી. *

ગામ ભાડેરમાં સહજાનંદ સ્વામી પાતલભાઈને ઘેર પધાર્યા હતા. જમવાનો સમય થયો ત્યારે પાતલભાઈની પત્નીએ સ્વામીનારાયણને પીરસવા માંડયું.

સ્નેહાધીનતા

જમતાં જમતાં બાઈએ પૂછયું, 'મહારાજ, દૂધ લાવું?' સહજાનંદ સ્વામીએ કહ્યું, 'ભલે લાવો.' પછી તે બાઈ "પ્રેમમાં ને પ્રેમમાં ભૂલ્યાં તે છાસની દોણી લાવ્યાં ને મહારાજને દૂધ જાણીને છાશ આપી. તેને મહારાજ પીવા માંડયા ને એમ બોલ્યા જે 'આ દુધ તો ભારે ગળ્યું છે, ને માંઈ સાકર નાખી છે.' એમ કહીને ત્રણ વાર માગીને બધી છાસની દોણી પી ગયા. પછે તે બાઈ બીજા સારુ છાસ લેવા ગયાં, તારે ખબર પડી એટલે બહુ પશ્ચાતાપ કર્યો; અને મહારાજને કહે, કે મેં તો તમને છાસ પાઈ ને દૂધ તો રહિ ગયું. તારે મહારાજ કે એ તો દુધ હતું. પછે મહારાજને બતાવ્યું. તારે મહારાજ બોલ્યા 'જે તમે અતિ હેતે કરીને પાઈ તે દુધ કરતાં ગલિ લાગી.'"

"અને કોઈક સમયને વિષે ગામ ઉપલેટામાં મહારાજ આહીરને ઘેર જઈને કે, 'શું કરો છો?' તારે તે કે 'મહારાજ, જમિયે છઈયે.' તારે મહારાજ કે 'અમે પણ ભુખ્યા થયા છૈયે તે ખાવા આપો.' પછે તે કે 'મહારાજ, અમારા તો હાથ એંઠા છે તે તમે તમારે હાથે લઈને જમો.' પછે મહારાજ

---

* વર્તમાન ધરાવવાનો સર્વે અનુયાયીઓને અધિકાર છે એ વાત અત્રે જાણી લેવી ઠીક છે.

પોતાને હાથે કોઠલામાંથી ઘેંસ ને દૂધ લૈને થાંભલાને ઓઠીંગણ દેઈને જમ્યા. એમ પ્રેમીને ઘેર અણુતેડ્યા આવે છે, ને બીજાને તો ધ્યાનમાં પણ દુર્લભ છે." (સ્વામી નિર્ગુણદાસની વાતો – ૪૫૧.)

એક વાર સ્વામીનારાયણ બોટાદ (કાઠિયાવાડ)માં દાહા ખાચરના દરબારમાં સભા કરીને બેઠા હતા. તેટલામાં ઝાલાવાડનો 'એક અતિ વૃદ્ધ ને નિર્ધન એવો, ને જીર્ણ વસ્ત્ર જેણે પેર્યાં છે, ને કંપતાં છે અંગ જેનાં, એવો વિપ્ર આવિને મહારાજ સન્મુખ ને સભા કેડે ઉભો રયો; ને માંથે અતિ જીર્ણ પાઘ બાંધેલ તેની ગાંઠુંને હાથે કરિને સંભાલે તેને મહારાજ એક નજરે જોઈ રયા. પછી એક ગાંઠ છોડીને એક રૂપીયો હાથમાં લઈને સહજાનંદ સ્વામી પાસે આવ્યો; તેને મહારાજે લાંબો હાથ કરીને લીધો, અને પૂછ્યું કે 'ડોસા, આ રૂપૈયો ક્યાંથી લાવ્યા છો?' ત્યારે તે વૃદ્ધે કહ્યું કે હું ઝંઝાવાડની કાસદે ગયો હતો ત્યાંથી મળ્યો હતો, તે તમને આપવા સારુ રાખી મેલ્યો હતો.'

સહજાનંદ સ્વામી — તમારી પાઘડી ફાટી ગઈ છે તે લઈયે નહિ?

બ્રાહ્મણ — પાઘડી લઉં તો તમને શું આપું? મારી પાસે બીજો રૂપીયો નથી, અને આવી પાઘડીએ પણ ચાલ્યું જાય છે.

આ સાંભળી સહજાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને પૂછ્યું, 'આ વિપ્રને કાંઈ કરવાનું બાકી રહ્યું?' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, 'એણે સંપૂર્ણ પોતાનું કામ સિદ્ધ કરી લીધું.'

૧૧. કેટલાક શિષ્યોની વાતો

અવતારી પુરુષનું સામર્થ્ય અને ચારિત્ર એમના પોતાના ઉપર આવી પડેલા પ્રસંગોમાં જે રીતે તરી આવે છે, તેમ એમના સમાગમમાં આવેલા શિષ્યો પર એમણે ઉપજાવેલી અસર ઉપરથી પણ જાણી શકાય છે. ગુરુની અથવા ગુરુ માટે સખ્ત કસોટીને કોઈ શિષ્ય સહન કરે તો તેણે ગુરુની કાંઈ અસાધારણ મહત્તા અનુભવી હોવી જોઈએ એમ માનવાને હરકત નથી. આટલા માટે ગુરુના ચરિત્ર સાથે એમના જુદા જુદા શિષ્યોનાં પ્રાસંગિક ચિત્રો પણ ગુરુને સમજવા માટે વિચારવા યોગ્ય છે. એવાં કેટલાંક ચિત્રો અહીં રજૂ કર્યાં છે.

गुरु विषे श्रद्धा अने वैराग्य: मूळजीभाई

લીંબડીના શેઠ મૂળજીભાઈ ગઢડામાં દાદા ખાચરના કારભારી થઈને રહ્યા હતા. એવામાં એમને ઘેરથી દીકરો બહુ માંદો હોવાના સમાચાર લઈને તેડવા માટે માણસ આવ્યો. મૂળજીભાઈ સહજાનંદ સ્વામીની આજ્ઞા પૂછવા ગયા. પહેલાં તો સહજાનંદ સ્વામીએ ઘેર જવું જ જોઈએ એમ જણાવ્યું. પણ જ્યારે મૂળજીભાઈ પગે લાગીને જવા તૈયાર થયા ત્યારે સહજાનંદ સ્વામીએ કહ્યું કે, 'તારો દીકરો દેહ મેલે, તો તને કાંઈ શોક થાય?' મૂળજીભાઈએ કહ્યું, 'તમે એને ધામમાં તેડી જાઓ, તો મને શું કામ શોક થાય?' એ સાંભળી સહજાનંદ સ્વામીએ કહ્યું કે, 'તારો દીકરો ધામમાં ગયો છે, માટે નદીએ જઈને નાહી

આવ.' એટલે મૂળજીભાઈ નાહી આવ્યા અને મહારાજને પગે લાગીને બેઠા, તથા કોઈ પણ પ્રકારે શોક ન કર્યો.

અમદાવાદમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કર્યા બાદ બ્રાહ્મણોની ચોરાશી કરવાનો સહજાનંદ સ્વામીએ સંકલ્પ કર્યો, પણ પાસે પૂરતા પૈસા ન હતા. પછી પૈસા ધારે એવો કોઈ ધનાઢ્ય ભક્ત હોય તો તેની તપાસ કરી. ત્યારે આનંદાનંદ સ્વામીએ લાલદાસ ગોરાનું નામ જણાવ્યું. સહજાનંદ સ્વામીએ લાલદાસને બોલાવીને પોતાનો સંકલ્પ જણાવ્યો. લાલદાસે કહ્યું કે, 'મારી પાસેથી નીકળી શકે, પણ હું મારી પત્નીને પૂછીને આપું.' સહજાનંદ સ્વામીએ પત્નીની સંમતિ લેવા લાલદાસને મોકલ્યો. પત્નીએ કહ્યું, 'એ રૂપિયા ભગવાને આપણને આપ્યા છે, ભગવાનના છે, માટે ભગવાનને આપો; અને તમે શું સમજીને મારી સંમતિ માગવાની મહારાજની આગળ વાત કહી ?'

गुरुभक्ति

એટલે લાલદાસે સાત હજાર રૂપિયા લાવીને મહારાજ આગળ મૂકયા. સહજાનંદ સ્વામીએ તે વડે બ્રાહ્મણોની ચોરાશી કરી.

પંક્તિ થયા પછી તુર્ત જ સ્વામીનારાયણ બીજે ગામ નીકળી જવાના હતા; માટે હરિભક્તોએ પૂજા કરવાનું શરૂ કર્યું. કોઠારીઓ ભેટના રૂપિયા ગણવાને બેઠા. પૂજાને અંતે બરાબર સાત હજાર ને અર્ધો રૂપિયો ભેટમાં આવ્યા.

સહજાનંદ સ્વામીએ લાલદાસને એના રૂપિયા પાછા દીધા. તે વખતે લાધા ઠક્કરે કહ્યું કે, 'આ તો ભાતા વજે

પણ ન વધ્યું.' સહજાનંદ સ્વામીએ ઉત્તર દીધો, 'હું ભેળો છું ત્યાં સુધી તમે ભાતાની શું કામ ચિંતા કરો છો?'*

आज्ञाधीनता : राजा भक्त

ગામ શિયાણીના રાજા ભક્તને સહજાનંદ સ્વામી પર અત્યંત પ્રીતિ હતી. એક વાર એને ગુરુદેવનાં દર્શન કરવાની અત્યંત ઇચ્છા થઈ. ત્યારે દર્શન કર્યા પહેલાં અન્ન ન જમવાનો નિશ્ચય કરીને એ ઘેરથી નીકળ્યા; તે અઢાર દિવસે ગઢડે પહોંચ્યા અને ત્યાં દર્શન કરીને પછી જમ્યા.

ત્યાર પછી એ પાર્ષદ થઈને સહજાનંદ સ્વામી પાસે રહ્યા. તેવામાં મછિયાવનાં 'ફુઈબા'એ પોતાનો દીકરો મરી જવાથી એમનો વહીવટ સંભાળી શકે એવો કોઈ માણસ આપવા સહજાનંદ સ્વામીને વિનંતિ કરી. ત્યારે સહજાનંદ સ્વામીએ રાજા ભક્તને એ કામે જવાની આજ્ઞા કરી.

રાજા ભકતે તુર્ત જ આજ્ઞા માથે ચઢાવી પૂછ્યું, 'હું જમવાનું કેમ કરું?' સહજાનંદ સ્વામીએ કહ્યું, 'શેર લોટ લઈને જમજો.'

---

* યોગસૂત્રમાં કહ્યું છે કે अस्तेय प्रतिष्ठायां सर्वरत्नोपस्थानम् । પોતાને અત્યંત આવશ્યક વસ્તુ ઉપરાંત જે મનુષ્ય અનાયાસે મળેલી વસ્તુને સ્વીકારતો નથી, પોતાને આવશ્યક વસ્તુને પણ જે એના બદલામાં પૂરતી સેવા કે મહેનત કર્યા વિના લેતો નથી કે મેળવવા ઇચ્છા રાખતો નથી, તે મનુષ્યને જ્યારે પોતાની સદિચ્છા પાર પાડવા ધનની કે સામગ્રીની જરૂર પડે ત્યારે ગમે ત્યાંથી પણ તે આવી મળે જ છે. એવો આ સૂત્રનો સાદો અર્થ છે.

રાજા ભક્તે આજ્ઞા એવી અક્ષરશઃ પાળી કે શેર લોટ સાથે મીઠું પણ લીધું નહિ.

કેટલેક દિવસે 'ફૂઈબા' અને રાજા ભક્ત સહજાનંદ સ્વામીને દર્શને આવ્યાં, ત્યારે 'ફૂઈબા'એ કહ્યું કે, 'ભક્ત તો બહુ સારા છે, અને મારો સર્વ વ્યવહાર ઉપાડી લીધો છે, પણ કશું જમતા નથી એ દુઃખ છે.' ત્યારે મહારાજે ભક્તને ન જમવાનું કારણ પૂછ્યું. રાજા ભક્તે કહ્યું, 'શેર લોટની આજ્ઞા આપી હતી, તે પ્રમાણે લઈને ખાઉં છું.' સહજાનંદ સ્વામીએ કહ્યું, 'ભાઈ, શેર લોટ લેવાનું કહ્યું એનો અર્થ ઘી ગોળ લેવાં જ નહિ એમ ન હતો.' એટલી એમની આજ્ઞાધીનતા હતી.

રાજા ભક્ત ક્ષાત્ર વૃત્તિના હોવાથી એક વાર બહારવટિયાની પાછળ પડતાં એક બહારવટિયાની ગોળી વાગવાથી મરણ પામ્યા.*

*કોઈ પણ ગુણોનો અસાધારણ વિકાસ શૂરવીરતા વિના થઈ શકતો નથી. અઢાર દિવસ ઉપવાસ કરી મુસાફરી કરવી, શબ્દશઃ આજ્ઞાપરાયણ થવું, એ સર્વેને માટે શૂરવીરતા — હિંમત — જોઈએ જ. લાલદાસ ગોરાની દાન કરવાની વૃત્તિ છતાં ઝટ લઈને ધન આપતાં હિંમત ન ચાલી; કારણ કે દાન — સર્વ મિલકતનું દાન — ધનના ઉપર પોતાનો તાબો છે, પોતે ધનને તાબે નથી એવા આત્મવિશ્વાસ વિના કેમ સંભવે ? એની સ્ત્રીની ઉદાર વૃત્તિ એવા આત્મવિશ્વાસથી ઊપજી હશે એમ ન કહી શકાય, પણ એના ત્યાગ પાછળ લાગણીનું બળ રહ્યું હતું. મનુષ્ય પોતાના શરીર, ધન વગેરેનો ભોગ સર્વનો હું સ્વામી છું એવા આત્મવિશ્વાસજન્ય શૌર્યથી કરી શકે અથવા પ્રેમ અને ભયની લાગણીથી પણ કરે. પણ લાગણીની તીવ્રતા થયા વિના કે હિંમત વિના કેવળ બુદ્ધિને સમજાયાથી વર્તન થઈ શકતું નથી.

દાદા ખાચરના સહજાનંદ સ્વામી પ્રત્યેના નિઃશંક વિશ્વાસની વાતો ગણી શકાય નહિ એટલી થાય. જેમ શૂરવીર સિપાઈ સેનાપતિનો હુકમ નીકળતાં એનો અમલ કરવા મંડી જ પડે, તેમ સહજાનંદ સ્વામીનો જરાક ભાવ પણ સમજાતાં—

दादा खाचरनो विश्वास

'નહિ શબ્દ કંઈ સામો બોલે,
નહિ કેમ કરી કારણ તોળે,—
કરીને મરવું એક ધર્મ તળે.'

સહજાનંદ સ્વામી એમને ત્યાં અઠ્ઠાવીશ વર્ષ ઘર કરીને રહ્યા; સહજાનંદ સ્વામીના શિષ્યો–સંતોના ખર્ચનો એમને ઘસારો ભોગવવો પડે, એ તો ઠીક; સહજાનંદ સ્વામીને માટે એમને કેટલાં રાજદરબારી જોખમ સહન કરવાં પડેલાં, તેમાંયે એની ક્ષાત્ર વૃત્તિ કરતાં વિશેષ ન ગણીએ; પણ તે બધું છતાં સહજાનંદ સ્વામીએ એમની કસોટી કરવામાંયે બાકી રાખી ન હતી. એક વાર સહજાનંદ સ્વામીએ એમને પોતાનો ગરાસ પોતાની બહેનોને લખી આપવા કહ્યું. તે જ ક્ષણે દાદા ખાચરે એ પ્રમાણે કર્યું. પછી સહજાનંદ સ્વામીએ પૂછ્યું, 'હવે તમે શું કરશો?' દાદા ખાચર બોલ્યા, 'મહારાજ, ભાવનગરના દરબારમાં જઈને નોકર રહીશ.' દાદા ખાચર નીકળવાને તૈયાર થયા ત્યારે સહજાનંદ સ્વામીએ કહ્યું, 'ભાવનગર દરબારની નોકરી કરો તેના કરતાં અહીં રહી તમારી બહેનોનો કારભાર સંભાળો તો? એ તમને વર્ષે સો રૂપિયા દેશે.' દાદો કહે, 'ભલે મહારાજ, જેવી તમારી આજ્ઞા.'

એક વર્ષ સુધી દાદાએ બહેનોની વતી કારભાર ચલાવ્યો, પછી સહજાનંદ સ્વામીએ બહેનોને કહ્યું, 'તમારે ત્યાગી સ્ત્રીઓને ગરાસ શું કામ જોઈએ? પાછો દાદા ખાચરને સોંપી દો તો ઠીક.' બહેનો ભાઈ કરતાં નિઃસ્પૃહતામાં ઊતરે એવી ન હતી. તેમણે લેખ પાછો સોંપ્યો અને દાદા ખાચર પાછા દરબાર બન્યા.

'ભક્ત આધીન છે શ્યામસુંદર સદા' એમ કવિએ ગાયું છે; એ રીતે ગુરુને આધીન કરનાર ભક્ત તે કોણ તેનું દાદા ખાચર એક સરસ દૃષ્ટાન્ત છે.

૧૨. સાંપ્રદાયિક પુસ્તકો

સ્વામીનારાયણ સંપ્રદાયનો ત્યાર પછીનો ઇતિહાસ માંડ્યા પહેલાં એ સંપ્રદાયના મુખ્ય ગ્રંથો તથા સિદ્ધાન્તોનો ઉલ્લેખ કરવો ઠીક થઈ પડશે.

સ્વામીનારાયણ સંપ્રદાયનું સાર્વજનિક ધર્મશાસ્ત્ર એ સહજાનંદ સ્વામીની शिक्षापत्री છે, અને તે ઉપરાંત धर्मामृत અને निष्काम शुद्धि ત્યાગીઓ માટેનાં વિશેષ પુસ્તકો છે. સંપ્રદાયનું અધ્યાત્મશાસ્ત્ર એ સહજાનંદ સ્વામીનાં वचनामृतोનો સંગ્રહ છે.

शिक्षापत्री

શિક્ષાપત્રી એ ૨૧૧ અનુષ્ટુપ અને એક ઉપજાતિવૃત્તનું નાનકડું પુસ્તક છે. પોતાના સર્વે શિષ્યોને પાળવાના ધર્મોને એક પત્રરૂપે સહજાનંદ સ્વામીએ એમાં દર્શાવ્યા છે. એ ૨૧૨ શ્લોકની વહેંચણી નીચે પ્રમાણે છે:

- ૧૦ પ્રાસ્તાવિક.
- ૩૮ સદાચાર, શિષ્ટાચાર, શૌચ અને સ્વચ્છતા તથા સાંપ્રદાયિક ચિહ્નોના ધારણના નિયમો
- ૧૮ સત્સંગીઓએ કરવાનાં નિત્યકર્મોનો વિધિ
- ૯ વિશેષ પ્રકારના નીતિના નિયમો
- ૧૭ સત્સંગીઓનાં નૈમિત્તિક કર્મો
- ૧૦ સંપ્રદાયના માન્ય ગ્રંથોની સમજણ
- ૨૦ સંપ્રદાયના તાત્ત્વિક સિદ્ધાન્તોનો સારાંશ

૧૨ આચાર્ય તથા આચાર્યપત્નીના વિશેષ ધર્મો

૨૨ ગૃહસ્થોના વિશેષ ધર્મો

૨ રાજાઓના ધર્મ,

૧૬ સધવા વિધવા સ્ત્રીઓના ધર્મ

૧૩ બ્રહ્મચારીના ધર્મ

૧૫ સાધુઓના ધર્મ

૧૦ ઉપસંહાર

શિક્ષાપત્રીની મિતિ સંવત ૧૮૮૨ના મહા સુદ પાંચમની છે.

આ પત્રીમાં પણ મોટા નિયમો અગિયાર મનાયા છે. મંદિરમાં રોજ સાયંપ્રાર્થના વખતે બોલાતા દોહરાઓમાં એનો સમાવેશ નીચે પ્રમાણે છે:

(૧) હિંસા ન કરની જંતકી, (૨) પર ત્રિયા સંગકો ત્યાગ;
(૩) માંસ ન ખાવત, (૪) મદ્યકો પીવત નહિ બડભાગ.
(૫) વિધવાકો સ્પર્શત નહિ, (૬) કરત ન આત્મઘાત;
(૭) ચોરી ન કરની કાહુકી, (૮) કલંક ન કોઉકો લગાત.
(૯) નિંદત નહિ કોઉ દેવકો, (૧૦) બિન ખપતો નહિ ખાત;
(૧૧) વિમુખ જીવકે વદનસે, કથા સુની નહિ જાત.

શિક્ષાપત્રીનું લખાણ અતિશય ટૂંકું છે, એટલે એનો સારાંશ આપવો અશક્ય છે. એમાંની કેટલીક આજ્ઞાઓ કેવા પ્રકારની છે તેનાં દૃષ્ટાંતો આપીને જ એ બતાવું છું.

આરોગ્યનો વિષય લો:

૩૦મા શ્લોકમાં આજ્ઞા છે કે, ગાળ્યા વિનાનું જળ તથા દૂધ ન પીવું, અને જે જળને વિષે ઝીણા જીવ ઘણાક હોય તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી.

૩૨મા શ્લોકમાં કહે છે કે, લોક અને શાસ્ત્રે નિષિદ્ધ કરેલાં સ્થળોમાં મળમૂત્ર ન કરવાં કે થૂંકવું પણ નહિ; એ શ્લોકનો ગુજરાતી અર્થ કરતાં નિત્યાનંદ સ્વામી નિષિદ્ધ સ્થાનકો ગણાવે છે તે જીર્ણ દેવાલય, નદી-તળાવના આરા, ચાલવાના માર્ગ, વાવેલું ખેતર, વૃક્ષની છાયા અને ફૂલવાડી, બગીચા.*

આટલા બે નિયમો જ જો પ્રજા પાળતી થઈ જાય તો ભારતવર્ષના રોગો ટાળવાનો એક ઉકેલ મળી જાય.

વળી વ્યવહાર પરત્વે બે શ્લોક લો. શ્લોક ૧૪૫ તથા ૧૪૬માં ગૃહસ્થને કહ્યું છે કે,

'પોતાની ઉપજ પ્રમાણે નિરંતર ખર્ચ કરવો, પણ તે ઉપરાંત ન કરવો; અને જે ઉપજ કરતાં વધારે ખર્ચ કરે છે તેને મોટું દુઃખ થાય છે, એમ મનમાં નક્કી જાણવું; તથા પોતાના વ્યવહારકાર્યમાં જેટલા ધનની ઉપજ હોય તથા જેટલો ખર્ચ હોય, તે બેયને સંભારીને નિત્ય પ્રત્યે, રૂડા અક્ષરે, પોતે તેનું નામું લખવું.' *

---

* એમ લાગવાનો સંભવ છે કે આવા નિયમોને માટે કાંઈ શિક્ષાપત્રીની જરૂર છે? પણ જેને આવા નિયમો આજ્ઞા રૂપે ઘાલવા પડેલા તેણે કયા વર્ગનું કલ્યાણ કરવા નિરંતર પ્રયત્ન કર્યો હશે તેનો ખ્યાલ આવી શકે એમ છે. સહજાનંદ સ્વામીના શિષ્યો ઘણાખરા નીચલા વર્ગના છે એમ એમની હાંસી કરવા માટે કહેવામાં આવતું. પણ એ જ વસ્તુ એમની અપાર કરુણા, દયા અને જનતા માટે લાગણીના પુરાવા રૂપે હમેશાં રહેશે. વાણિયા, પાટીદાર, સુથાર, કડિયા, દરજી, મોચી વગેરે જાતોને એમણે કેટલી સમૃદ્ધ અને આચારશુદ્ધ કરી તે વર્ણવી શકાય એમ નથી.

બ્રહ્મચારીના ધર્મોમાં પણ નીચેના બે શ્લોક ટાંકવા જેવા છે :

'બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાય એવું ગુરુનું વચન પણ ન માનવું;' (૧૮૦)

'જો ક્યારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણ નાશ થાય એવો આપત્કાળ આવી પડે, ત્યારે તો તે સ્ત્રીઓને અડીને અથવા તે સાથે બોલીને પણ તે સ્ત્રીઓની રક્ષા કરવી અને પોતાની પણ રક્ષા કરવી.' (૧૮૨)

સંપ્રદાયનો વેદાંતસિદ્ધાંત એક જ શ્લોકમાં નીચે પ્રમાણે શિક્ષાપત્રીમાં આપ્યો છે :

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥ ११६

(પોતાના આત્માને ત્રણ દેહથી વિલક્ષણ અને બ્રહ્મરૂપ સમજીને, તે ભાવનાથી સદા કૃષ્ણભક્તિ કરવી.)

શિક્ષાપત્રીની આજ્ઞાઓ શરૂ થતાં, પહેલા ત્રણ શ્લોક, તથા આજ્ઞાઓ સમાપ્ત થતાં, ઉપાન્ત્ય શ્લોક, સત્યાગ્રહના મુખ્ય સિદ્ધાન્તો છે એ પણ આશ્ચર્યકારક છે.

૧૧મા, ૧૨મા અને ૧૩મા શ્લોકમાં અહિંસા વિષે નીચે પ્રમાણે આજ્ઞાઓ છે :

'અમારા સત્સંગીએ કોઈ જીવ પ્રાણી માત્રની હિંસા ન કરવી, અને જાણીને તો જુ, માકડ, ચાંચડ આદિક ઝીણા જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી; અને દેવતા ને પિતૃના યજ્ઞને અર્થે પણ બકરાં, મૃગલાં, સસલાં, માછલાં આદિક કોઈ જીવની હિંસા ન કરવી; કેમ જે અહિંસા છે તે જ મોટો ધર્મ છે, એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે.

'अने स्त्री, धन अने राज्यनी प्राप्तिने अर्थे पण कोई मनुष्यनी हिंसा तो कोई प्रकारे क्यारेय पण न ज करवी.'

આ આજ્ઞાઓ સર્વ સત્સંગીઓ માટે છે.

સાધુ પુરુષોને માટે નીચેની આજ્ઞા વિશેષ છે: 'સાધુ ને બ્રહ્મચારી તેમણે કોઈક કુમતિવાળા દુષ્ટ જન હોય, ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું, પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ, ને તેનું જેમ હિત થાય તેમ જ મનમાં ચિંતવન કરવું, પણ તેનું ભુંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો.' (૨૦૧)

આ વૃત્તિ કેવી રીતે કેળવાઈ હતી તેનું એક દૃષ્ટાન્ત આપવું ઠીક થઈ પડશે. કાઠિયાવાડના જુનાસાવર ગામમાં કૃપાનંદ સ્વામી વગેરે કેટલાક સાધુઓ એક ગરીબ હરિભક્તને ઘેર ઊતર્યાં હતા. ગામના કાઠી દરબારને સ્વામીનારાયણના સાધુઓ ઉપર તિરસ્કાર હતો. એ કહેતો કે એ આવશે તો ગામનાં છોકરાંને ભગતડાં બનાવી બગાડી દેશે. તેથી એણે સાધુઓને ગામમાંથી કાઢી મૂકચા. સાધુઓ ગામ બહાર જઈ પેલા ભક્તના ખેતરમાં રહ્યા અને ભક્ત પણ ત્યાં જઈ બેઠો. સાધુઓએ ભક્તને પૂછ્યું, 'દરબારને કાંઈ સંતતિ છે?' ભકતે કહ્યું, 'ના મહારાજ, એવા પાપીને સંતતિ શાની હોય?' સાધુઓએ કહ્યું, 'ચાલો ત્યારે આજે આપણે ભજન કરીને ભગવાનની પ્રાર્થના કરીયે કે એ દરબારને એક ઉત્તમ ભક્ત પુત્ર થઈ એના કુળનું અને ગામનું કલ્યાણ કરે, તથા આવા સાધુઓને પોતાને ઘેર ઉતારે!' પરમેશ્વરે એ પ્રાર્થના સાંભળી અને એનો પુત્ર જીવણો ખુમાણ બહુ પવિત્ર અને સાધુ પુરુષ થયો.

धर्मामृत अने निष्काम शुद्धि

‘ધર્મામૃત’ અને ‘નિષ્કામ શુદ્ધિ’માં ત્યાગીઓના ધર્મો અને નિષ્કામ ધર્મમાં કાંઈ દોષ આવે ત્યારે કરવાનો પ્રાયશ્ચિત્ત-વિધિ છે.

સંપ્રદાયના ત્યાગીઓમાં ત્રણ ભેદ છે: બ્રહ્મચારી, સાધુ અને પાર્ષદ. બ્રાહ્મણ વર્ગના ત્યાગીઓ બ્રહ્મચારી કહેવાય છે; ક્ષત્રિય અને વૈશ્ય સાધુ થઈ શકે છે. એ બન્ને પ્રકારના ત્યાગીઓને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાળવું પડે છે અને ધનનો ત્યાગ રાખવો પડે છે. પણ બ્રહ્મચારીઓ ધાતુપાત્રનો ઉપયોગ કરી શકે છે, જ્યારે સાધુઓ કાષ્ઠપાત્ર અને તુંબડીનો જ ઉપયોગ કરે છે. બ્રહ્મચારી સફેદ ધોતિયું અને ભગવું ઉપવસ્ત્ર પહેરે છે અને લાલ ટોપી રાખે છે; સાધુઓ સર્વાંગે ભગવાં રાખે છે.

પાર્ષદ બ્રહ્મચર્ય પાળે છે, પણ આઠે પ્રકારનું નહિ. આચાર્યની આજ્ઞાથી કેટલાક સ્ત્રીઓ સાથે બોલી શકે છે, પણ એમને અડકી શકતા નથી. અપરિગ્રહ એમણે પાળવાનો હોય છે, પણ ધનનો સ્પર્શ ન કરાય એમ નથી. એટલે એ મંદિરનો આર્થિક વ્યવહાર સંભાળી શકે છે. એ ભગવાં પહેરતા નથી, પણ શ્વેત વસ્ત્રો જ પહેરે છે. કોઈ પણ ત્યાગીએ કસુંબા વગેરેથી રંગેલાં કે રેશમી કે જરીની કિનારવાળાં વસ્ત્રો પહેરવાં અધર્મ્ય ગણાય છે. બ્રહ્મચારી અને સાધુઓ ઘણુંખરું સીવીને તૈયાર કરેલાં કપડાં—એટલે બદન કે કફની વગેરે—પહેરતા નથી, પણ એક ધોતિયું અને એક ઓઢવાનું વસ્ત્ર એટલું જ ધારે છે. પાર્ષદોને બદન કે અંગરખો પહેરવાની મનાઈ નથી. એ બધા ત્યાગીઓ માથા ઉપર રૂમાલ બાંધે છે. પાર્ષદોનો રૂમાલ ધોળો હોય છે

અને બીજા બે આશ્રમવાસીઓનો ભગવો હોય છે. બ્રહ્મચારીઓ અને સાધુઓ જનોઈ પહેરે છે, પાર્ષદો એ બાબતમાં પોતાના પૂર્વાશ્રમના નિયમ પ્રમાણે વર્તે છે. મંદિરની બહાર ત્યાગીઓ એકલા જઈ શકતા નથી. મંદિર બહાર જવું હોય તો ઓછામાં ઓછા પાંચ જણ હોવા જોઈએ. સભા કે ભિક્ષાના કારણ સિવાય ગૃહસ્થને ઘેર જવાની ત્યાગીને મનાઈ છે.

વચનામૃત

સહજાનંદ સ્વામીનાં વચનામૃતોનો સંગ્રહ એ તો ગુજરાતી ભાષાનું એક રત્ન છે. સાધનદશામાં આધ્યાત્મિક અને વિચારમય જીવન ગાળવા ઇચ્છનારને ગુજરાતી ભાષામાં આવું પુસ્તક વિચાર્યા વિના ભાગ્યે જ ચાલે એમ મને લાગે છે. એ પુસ્તકનું મનન અને નિદિધ્યાસન કરી એના સિદ્ધાન્તો અને ઉપદેશોને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરનાર ચડ્યા વિના રહે જ નહિ. આધ્યાત્મિક સિદ્ધાન્તોના રહસ્યથી અને તેનો સાક્ષાત્કાર કરવા માટે વ્યાવહારિક સૂચનાઓથી ભરપૂર આટલું નાનકડું પુસ્તક ભાગ્યે જ બીજું છે. તે વખતના ગુજરાતી ગદ્યનો એ ઉત્તમ નમૂનો છે. એની ભાષા બહુ મુદ્દાસર, ટૂંકી, એક જ અર્થ દર્શાવનારી, થોડું ભણેલાને પણ સમજાય તેવા સહેલા શબ્દો અને સરળ વાકયરચનાવાળી અને જરૂર પડે ત્યાં અર્થને સ્પષ્ટ કરે એવાં દૃષ્ટાન્તોવાળી છે. એમાં યોગ્ય ઠેકાણે યોગ્ય શબ્દોનો જ ઉપયોગ દેખાશે. એમાં કોઈ ઠેકાણે ભ્રમકારક, સંશયાત્મક કે મોળી વાત જોવામાં નહિ આવે. એમાં ઠેકાણે ઠેકાણે એ વચનોના કહેનારનો સ્વાનુભવ પ્રત્યક્ષ થાય છે.

આ વચનામૃતોના સંગ્રહ માટે સત્સંગ સદ્‌ગુરુ સ્વામીઓ મુક્તાનંદ, ગોપાળાનંદ, નિત્યાનંદ તથા શુકાનંદનો આભારી છે. સહજાનંદ સ્વામીનો ચિરસ્થાયી અમૂલ્ય વારસો આ જ છે. એ સંગ્રહ મૂળ ગુજરાતીમાં જ થયેલો હોઈ, સંસ્કૃતમાં એનો અનુવાદ પણ થયો છે. એ ચારે સદ્‌ગુરુઓ જ્યારે સ્વામીનારાયણ જ્ઞાનવાર્તા કરતા ત્યારે ટિપ્પણ કરી લેતા અને ભેગા મળી પ્રમાણરૂપ થાય એવો એક લેખ તૈયાર કરતા. ચારેમાં સદ્‌ગુરુ શુકાનંદ સૌથી નાના હતા, અને જ્યારથી એ સંપ્રદાયમાં દાખલ થયા ત્યારથી સહજાનંદ સ્વામીના ખાનગી મંત્રી જેવા હતા. એ સંગ્રહને વર્તમાન સ્વરૂપમાં મૂકવા માટે આદ્ય ખરડો શુકાનંદ સ્વામીની કલમથી થયેલો છે એમ કહેવાય છે. કવિ દલપતરામે એ કાર્યનું શ્રેય મુક્તાનંદ સ્વામીને આપ્યું છે અને એમની સ્તુતિપર એક સંસ્કૃત શ્લોકમાં* પણ એવી જ જાતનું વિધાન છે, તે કદાચિત્ ભૂલભરેલી માહિતી પરથી હશે અથવા માનાર્થે હશે. વળી એક વચનામૃતમાં, નિત્યાનંદ સ્વામીએ તે દિવસ સુધીનાં વચનામૃતોનો સંગ્રહ સહજાનંદ સ્વામીને બતાવ્યો અને તે જોઈ એ બહુ ખુશ થયા, એમ લખાયેલું છે. નિત્યાનંદ સ્વામી ઉદ્ધવ સંપ્રદાયના સકલ હાર્દજ્ઞ તરીકે પ્રસિદ્ધ છે. તે પણ કેવળ એ કાર્યના નેતા તરીકે હશે.

---

* કવિ દલપતરામનું વિધાન આ પ્રમાણે છે:

वचनामृत हरिवदनके कर्णपुटे करी पान ।

लिखे सु सब सत्संगको, दीनो जीवनदान ॥

(પુરુષોત્તમચરિત્ર અ. ૨.)

પણ ચારે સદ્‌ગુરુઓએ સાથે મળી તેને એક સ્વરૂપ આપ્યું છે એ નિર્વિવાદ છે, અને એ બહુ સારું થયું છે. એ ચારે સદ્‌ગુરુઓના સહકાર્યથી એ પુસ્તક બિલકુલ પાઠભેદ વિનાનું થઈ શક્યું છે.

યદ્યપિ 'વચનામૃત'માં પાઠભેદ નથી તોપણ સંખ્યાભેદ તથા વસ્તુભેદ થયો છે. 'વચનામૃત'ની જૂની આવૃત્તિમાં વચનામૃતોની સંખ્યા ૨૬૨ની છે. એટલું તો ચોક્સ છે કે દશ વર્ષમાં (છેલ્લાં દશ વર્ષનાં વચનામૃતનો જ સંગ્રહ થયો છે.) માત્ર ૨૬૨ વચનામૃતો થઈ ન શકે; એટલે મૂળ ખરડાઓમાં એની સંખ્યા ઘણી મોટી છે. પણ ચાર સંગ્રાહકોએ એમાંથી એમને યોગ્ય લાગ્યાં એવાં ૨૬૨ વચનામૃતો તારવી કાઢી પ્રમાણરૂપ પુસ્તક બનાવ્યું. સંવત ૧૯૨૧માં અમદાવાદના આચાર્ય અયોધ્યાપ્રસાદજીએ વચનામૃતોનું સંશોધન કરાવ્યું. એમણે મૂળ ખરડાઓ પણ શોધ્યા અને એમાંથી ૧૧ વિશેષ વચનામૃતો તથા કેટલાંક વચનામૃતોમાં વિશેષ વિધાનો ઉમેરી અમદાવાદની આવૃત્તિમાં દાખલ કર્યાં. એવી રીતે અમદાવાદની 'વચનામૃત'ની આવૃત્તિમાં ૨૭૩ની સંખ્યા થઈ છે. એ નવાં ઉમેરેલાં વચનામૃતોની ભાષા દેખીતી રીતે કાંઈક જુદી પડે છે. વળી એ અગિયારે વચનામૃતોમાં નરનારાયણ દેવ સંબંધી એક નવીન વિષય સમાન છે; એ વિષય બાકીનાં ૨૬૨ વચનામૃતો પૈકી એકેમાં નથી. વળી ૨૬૨ વચનામૃતોમાં સહજાનંદ સ્વામીના ચમત્કારોની વાતોનો ઉલ્લેખ ન થાય, પણ કેવળ આધ્યાત્મિક વિષયોનો જ સમાવેશ થાય એવી દૃષ્ટિ રાખેલી જણાય છે; એ દૃષ્ટિ આ વચનામૃતોમાં નથી સચવાઈ. આ સર્વે કારણોને લીધે એ નવીન ઉમેરેલાં વચનામૃતો સર્વમાન્ય નથી થયાં.

૧૩. સહજાનંદ સ્વામીનું તત્ત્વજ્ઞાન

હવે સંપ્રદાયનો જ્ઞાનમાર્ગને શો આદેશ છે તેની ટૂંકી માહિતી આપવા ધારું છું.

स्वामीनारायणीय ज्ञानमार्ग

સર્વે વેદધર્મોનો મૂળ પાયો સ્વાનુભવ છે. પોતાને મળેલા અનુભવને સિદ્ધાન્તની રીતે સમજવામાં વાદોની રચના થાય છે. એ અનુભવ જેટલો ઓછોવત્તો પૂર્ણ હોય તેટલો વાદફેર થાય જ. સંપૂર્ણ સત્ય સર્વે વાદોથી પર, સ્વયંસિદ્ધ, ગ્રન્થોના આધારોથી પર હોવું જોઈએ.* તેથી આ સિદ્ધાંતોના સમર્થનમાં હું અત્રે પડીશ નહિ. આપી શકાય એવું પ્રમાણ તે સહજાનંદ સ્વામીનાં નીચેનાં વાક્યો છે:

"આ જે વાર્તા છે તે અમે પ્રત્યક્ષ દેખીને કહી છે, માટે એમાં કાંઈ સંશય નથી." (વચના. ગ. પ્ર. ૬૪)

વળી પાછું,

"આ જે અમે તમને વાત કહી, તે સર્વે શાસ્ત્રોનો સિદ્ધાંત છે ને અનુભવમાં પણ એમ જ દૃઢ છે. અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કહી છે, ને જો પ્રત્યક્ષ જોઈને ન કહી હોય તો અમને સર્વે પરમહંસના સમ છે."

(વચના. ગ. મ. ૧૩)

---

* 'સ્વામીનારાયણીય જ્ઞાનમાર્ગ' ઉપર પાછળ નોંધ જુઓ.

સાધારણતઃ એમ કહી શકાય કે સ્વામીનારાયણને રામાનુજનો વિશિષ્ટાદ્વૈત મત માન્ય હતો. मतं विशिष्टाद्वैतं मे એમ 'શિક્ષાપત્રી'માં વાક્ય છે. બ્રહ્મસૂત્ર અને ગીતા ઉપરનાં રામાનુજ ભાષ્યોને તેમણે પ્રમાણરૂપ ગણ્યાં છે, તથા ગુરુપરંપરામાં રામાનુજને આદિ ગુરુ તરીકે સ્વીકાર્યા છે. તોપણ એ બન્ને સંપ્રદાયો બધી રીતે એકસરખા જ છે એમ કહી શકાય નહિ; અને સહજાનંદીય તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ રામાનુજીય દૃષ્ટિ કરતાં અગત્યની બાબતોમાં ભિન્ન પડે છે, એમ મારું માનવું છે.

वेदांत मत

પરબ્રહ્મ અથવા પરમાત્મા એ સ્વામીનારાયણીયોના ઇષ્ટ દેવ છે. એનો સ્વામીનારાયણરૂપે આ પૃથ્વીમાં આવિર્ભાવ થયો એવો એમના અનુયાયીઓનો આગ્રહ છે. માયાનાં તત્ત્વોથી થયેલો એમનો આકાર નથી તેથી એને નિરાકાર કહે છે, પણ વસ્તુતઃ એ દિવ્ય સાકાર મૂર્તિ છે. એ પરબ્રહ્મ સ્વરૂપને રામાનુજ સંપ્રદાયમાં ચતુર્ભુજ વર્ણવેલું છે, અને એ મતને અનુસરી રામાનુજીઓ લક્ષ્મીનારાયણની ઉપાસના કરે છે. સ્વામીનારાયણ સંપ્રદાયમાં પરમાત્માની દ્વિભુજ મૂર્તિની ઉપાસના છે. બહુભુજપણે જણાતું એ પરમાત્માની વિભૂતિ છે. એ પરમાત્મા એકદેશી છે પણ એકદેશી છતાં સર્વ ઠેકાણે ભાસી શકે છે. જેમ રાજા એક દેશમાં રહ્યા છતાં પોતાની સત્તા વડે આખા રાજ્યમાં ભાસે છે તેમ; અથવા એમનું જ દૃષ્ટાન્ત લઈ કહું તો, "જેમ કોઈક પુરુષે સૂર્યની ઉપાસના કરી હોય, પછી સૂર્ય તેને પોતાના સરખી દૃષ્ટિ આપે ત્યારે

परमात्मा

તે પુરુષ જ્યાં સુધી સૂર્યની દૃષ્ટિ પોહોંચતી હોય ત્યાં સુધી દેખે, અને વળી જેમ સિદ્ધ દશાવાળો પુરુષ હોય તે હજારો ને લાખો ગાઉ ઉપર કોઈક વાત કરતો હોય, તે જેમ પાસે વાર્તા કરે ને સાંભળે, તેમ જ લાખો ગાઉ ઉપર કાંઈક વસ્તુ પડી હોય તેને મનુષ્યના જેવડા હાથ તેણે કરીને ઉપાડે, તેમ શ્રીકૃષ્ણ ભગવાન એકરૂપે રહ્યા થકા પોતાની ઈચ્છાએ કરીને જ્યાં દર્શન દેવાં હોય ત્યાં દર્શન આપે છે, અને એકરૂપ થકા અનંતરૂપે ભાસે છે........અને ભગવાનને ગ્રંથમાં વ્યાપક કહ્યા છે, તે તો મૂર્તિમાન છે તે જ પોતાની સામર્થીએ કરીને એક ઠેકાણે રહ્યા થકા દર્શન આપે છે; પણ આકાશની પેઠે અરૂપ થકા વ્યાપક નથી." (વચના. વ. ૧૩). એ પરમાત્મા સર્વેના નિયંતા અને કર્મફલપ્રદાતા છે, અને સર્વને શક્તિદાતા છે. તથા દયા, પ્રેમ, શાંતિ વગેરે અનેક કલ્યાણકારી ગુણે યુક્ત છે; એ અદ્વિતીય છે, એટલે એના જેવું કોઈ છે નહિ, થશે નહિ, થઈ શકે નહિ. એ પરમાત્માની મૂર્તિ ઘનસ્યામ છે, પણ અતિશય તેજને લીધે સ્યામ નથી લાગતી પણ શ્વેત જણાય છે; કયારેક તો એ મૂર્તિ મુક્તના મંડળથી વિંટાયેલી હોય છે, અને તે સર્વે મુક્ત એક નજરે ભગવાનની મૂર્તિ સામું જોઈ રહે છે. અને કયારેક એ સર્વે મુક્તને પોતાની મૂર્તિમાં લીન કરી દઈ, પુરુષોત્તમ એકલા જ રહે છે. એ પરમેશ્વરના સ્વરૂપમાં ભાગ-ત્યાગ કરી શકાય નહિ; એટલે જેમ દેહ અને જીવ જુદા છે તેમ પરમેશ્વરની ઘનસ્યામ મૂર્તિમાં કોઈક પરમેશ્વરનો આત્મા છે, એ સમજણ સહજાનંદ સ્વામીને માન્ય જણાતી નથી.

अक्षर अथवा ब्रह्म

એ પરમાત્માનું નિવાસસ્થાન—એની ચિત્શક્તિ—તે બ્રહ્મ છે. એને અક્ષરધામ, અમૃત, પરમપદ અને ચિદાકાશ એમ પણ કહે છે. એ "કોટિ કોટિ સૂર્ય, ચંદ્ર ને અગ્નિ તે સરખું પ્રકાશમાન છે, ને દિવ્ય છે, ને અત્યંત શ્વેત છે, ને સચ્ચિદાનંદ રૂપ છે." જે સર્વ બ્રહ્માણ્ડોમાં વ્યાપીને રહ્યું છે, જેમાં બ્રહ્માણ્ડો અણુ અણુ પેઠે ઊડતાં ફરે છે, તે એ સર્વ-વ્યાપી તત્ત્વ છે. ચારે દિશામાં અને અધોઊર્ધ્વ એ અપાર છે. સગુણ નિર્ગુણ* એ રૂપે એ ભાસે છે. સગુણરૂપે એ સ્થૂળ કરતાં પણ અતિશય સ્થૂળ છે, કારણ કે વિશ્વથી પણ એ વિશેષ છે. નિર્ગુણરૂપે એ સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે, કારણ કે એ સર્વત્ર વ્યાપી શકે છે. વળી એ સાકાર અને નિરાકાર એ રૂપે છે. નિરાકારરૂપે એ સર્વે બ્રહ્માણ્ડોને ધારણ કરનાર, અનંત અને તેજોમય, દિવ્ય વસ્તુ છે. જ્યાં પરમાત્મા વિરાજે છે ત્યાં એ અક્ષરનું મધ્ય છે. સાકારરૂપે એ દિવ્ય તનુધારી પરમાત્માની સેવામાં રહેલું સ્વરૂપ છે.

---

* સગુણ અને નિર્ગુણ શબ્દોનો સંપ્રદાયમાં સમજાતો અર્થ સ્પષ્ટ કરવો યોગ્ય થશે. સગુણત્વ અને નિર્ગુણત્વ એ બે વસ્તુતઃ અક્ષરની શક્તિઓ છે. અક્ષર સ્વતઃ તો નિર્ગુણ જ છે એટલે માયાના વિકારે રહિત છે; પરંતુ એની જે શક્તિ વડે તે સગુણ ક્રિયા એટલે માયાના વિકાર ઉપજાવવા શક્તિમાન થાય છે તેને સગુણરૂપ કહે છે; અને જે શક્તિ વડે તે માયાના વિકારરહિત એવી જે મુક્ત કોટિને ધારવા સમર્થ થાય છે તેને નિર્ગુણરૂપ કહે છે. વિશેષ માટે પાછળ નોંધ જુઓ.

પરબ્રહ્મ તથા બ્રહ્મ બન્ને આદિ તથા અંત રહિત છે. એમનો સંબંધ નિત્ય છે. ઉત્પત્તિ કે પ્રલયકાળનો કોઈ વિકાર એમને થતો નથી; કારણ કે એમને માયાનું બંધન નથી. ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયાવસ્થા માયાને સંલગ્ન છે.

માયા અને ઈશ્વર

માયા એ ત્રીજું અનાદિ તત્ત્વ છે. માયા આત્યંતિક પ્રલયકાળે બ્રહ્મમાં લીન રહે છે. ઉત્પત્તિકાળે પરમાત્માની ઇચ્છાથી બ્રહ્મ પુરુષરૂપે થઈ પોતામાંથી માયાને ઉપજાવે છે. આ માયાને પ્રકૃતિ કે મૂળમાયા કે મહામાયા પણ કહે છે. અને પુરુષને મહાપુરુષ કહે છે.[૧] બહુધા શ્રુતિમાં આ મહાપુરુષ રૂપે પુરુષોત્તમને વર્ણવ્યા છે. માયામાંથી ઇશ્વર ઉત્પન્ન થાય છે. ઇશ્વર એ જીવની પેઠે ત્રણ દેહ અને ત્રણ અવસ્થાધારી સત્ત્વ છે. એ મુક્ત નથી, પણ બદ્ધ છે. એના ત્રણ દેહને વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત કહે છે. એની ત્રણ અવસ્થા તે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય છે. ઇશ્વરમાંથી જડચિદાત્મક પ્રધાનપ્રકૃતિ[૨] ઉત્પન્ન થાય છે. પ્રધાનપ્રકૃતિ અને ઇશ્વરના

---

૧. ભાગવતમાં શ્રીકૃષ્ણને અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ અને વાસુદેવ એ ચતુર્વ્યૂહરૂપે વર્ણવ્યા છે. વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય રૂપ ક્રિયામાં અન્વયપણે શ્રીકૃષ્ણને કહ્યા હોય ત્યારે અનુક્રમે એ પહેલાં ત્રણ સ્વરૂપ તરીકે ઓળખાય છે; અને તેથી એ ત્રણ સ્વરૂપને શ્રીકૃષ્ણનાં સગુણરૂપ કહે છે. એ ક્રિયાથી પર, સ્વતંત્રપણે શ્રીકૃષ્ણને વર્ણવ્યા હોય ત્યારે એમને વાસુદેવ અને નિર્ગુણ કહે છે.

૨. પ્રધાનપ્રકૃતિને જડચિદાત્મક કહેવાનો હેતુ એ છે કે એ પોતે તો જડ છે, પણ એમાં બદ્ધ જીવો રહેલા છે, માટે એ ચિદાત્મક પણ છે.

જોડકાને પ્રધાન-પુરુષ કહે છે. એ પ્રધાન-પુરુષ અનુક્રમે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણની ઉપાસના કરીને બ્રહ્માણ્ડને ઉપજાવવા, નિભાવવા અને સંહારવા સમર્થ થાય છે. એવા પ્રધાન-પુરુષ અગણિત છે. બ્રહ્માણ્ડ બ્રહ્માણ્ડ પ્રતિ એકેક પ્રધાન-પુરુષ છે. જ્યાં સુધી ઈશ્વર અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણની ઉપાસના કરે છે, ત્યાં સુધી એને ઉત્પત્ત્યાદિક ઘટમાળમાં જોડાયલા રહેવું પડે છે. તેમ જ પ્રલયકાળે મહામાયામાં લીન થઈ ઉત્પત્તિકાળે પાછા ઊપજવું પડે છે. જ્યારે એ પોતાનું સ્વરૂપ પિછાણી વાસુદેવની ઉપાસના અને સંગ કરે છે ત્યારે એ મુક્ત થાય છે.

જીવ

સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહોમાં વ્યાપી રહેલી સત્તા-માત્ર ચૈતન્ય વસ્તુ તે જીવ છે. એ વિશેષે કરીને હૃદયાકાશમાં રહેલો છે અને સામાન્યપણે આખા શરીરમાં વ્યાપ્યો છે. એ અણુ છે, સૂક્ષ્મ છે, ચિદ્રૂપ છે, જ્ઞાતા છે અને જ્ઞાનશક્તિએ કરીને શરીરમાં રહ્યો છે. પ્રલયકાળે પ્રધાનપ્રકૃતિમાં લીન રહેલો જીવ ઉત્પત્તિકાળે પોતપોતાનાં કર્માનુસાર દેહ ધારણ કરે છે. જીવ દેહ વિના કદી રહી શકતો નથી. બદ્ધ જીવનો કારણ દેહ સાથે નિત્ય સંબંધ છે. જ્યારે જીવ મુક્ત થાય છે ત્યારે એની એ પ્રકારની ગતિ થાય છે: 'જે એ ભગવાનને નિરાકાર જાણીને ધ્યાન ઉપાસના કરે છે તે તો બ્રહ્મસુષુપ્તિને વિષે લીન થાય છે; તે પાછો કોઈ દિવસ નિસરતો નથી, અને કોઈ ઐશ્વર્યને પણ પામતો નથી.'[1] કારણ કે એ પરબ્રહ્મની ઉપાસના

૧. વચનામૃત ગ. પ્ર. ૬૪

કરતો નથી, પણ બ્રહ્મના નિરાકાર સ્વરૂપની ઉપાસના કરે છે. પરંતુ જે જીવ પોતાને બ્રહ્મરૂપ માની સાકાર, દિવ્ય-સ્વરૂપ પરબ્રહ્મની ઉપાસના કરે છે તે મુક્ત થયા પછી પરમેશ્વરના સાધર્મ્યપણાને પામે છે; એટલે એને ભૂમિ આદિક આઠ પ્રકૃતિથી ભિન્ન જે ચૈતન્ય પ્રકૃતિ તેનું બ્રાહ્મ, ભાગવતી કે દિવ્ય તનુ બંધાય છે. એ તનુ ધારીને એ મૂળ અક્ષર તથા બીજા મુક્તો સાથે પરબ્રહ્મની સેવા કરતો રહે છે. બ્રહ્મદશાને પામી પરબ્રહ્મની સેવા કરવી એને જ ઉદ્ધવ સંપ્રદાય-માં મુક્તિ માની છે. આ રીતે મુક્તો અનેક છે. મુક્ત જેટલો પરમાત્માને જાણે છે તેટલી શક્તિ તો તે પોતે જ મેળવી લે છે, પરંતુ પરમાત્મા તો તેને અપાર ને અપાર જ રહે છે. જેમ ચકલી, કાગડો, સમળી, ગરુડ વગેરે પક્ષીઓ પોતપોતાની પાંખના બળ પ્રમાણે ઊંચે ચડી આકાશનું માપ કાઢે છે, અને જેમ જેમ તે ઊંચાં ચડે છે તેમ તેમ આકાશનો મહિમા વધારે જાણે છે તોપણ સર્વેને આકાશ અપાર જ રહે છે, તેમ જ મુક્તોનું પણ છે. બ્રહ્મદશા પ્રાપ્ત કર્યા વિના પ્રકૃતિના બંધનમાંથી છુટાતું નથી; એથી નીચેની સર્વે સ્થિતિમાં ઉત્પત્તિ–પ્રલયાવસ્થા રહી જ છે. તોપણ માયિક દેહ એ બ્રહ્મદશા પ્રાપ્ત કરવામાં અંતરાયરૂપ નથી. અર્થાત્ જીવનમુક્તિ શક્ય છે. જેમ આમલીના શેકેલા બીજનું ફોતરું, ખરી ના પડે ત્યાં સુધી, વળગી રહે છે તેમ જીવનમુક્તને એના દેહો ખરી ન પડે ત્યાં સુધી વળગી રહ્યા હોય છે, પણ તેને એનું બંધન લાગતું નથી.

ઉપર કહ્યું કે પરમાત્મા તથા બ્રહ્મ ઉભય દિવ્ય સાકાર મૂર્તિ છે, અને મુક્ત થયેલ આત્માને પણ ચૈતન્ય પ્રકૃતિનું

દિવ્ય, સાકાર તનુ બંધાય છે, તેનો સહેજ ખુલાસો કરવાની જરૂર છે. ચૈતન્ય પ્રકૃતિ એ શી વસ્તુ છે કે જેથી સાકાર તનુ થઈ શકે? અને તે તનુને અને એના શરીરને કેવો સંબંધ છે? આવી બે શંકાઓ કાઢવામાં આવે છે. બે દાખલાથી એ સમજી શકાશે. એક ખાંડનું રમકડું લો. તે સાકાર છે પણ ખાંડથી ભિન્ન નથી. એ રમકડું શરીર સુધ્ધાં ખાંડ છે. ખાંડ અને રમકડું (શરીર) એમાં ભેદ નથી. વળી એક બીજું દૃષ્ટાંત: આપણામાં એમ મનાય છે કે ભમરી ઇયળને લાવીને દરમાં પૂરે છે, અને તે ઇયળ ભમરીનું ધ્યાન કરતાં કરતાં સ્વયં ભમરીરૂપ થઈ જાય છે. આત્માનું બ્રહ્મરૂપ થવું, એ ઇયળનું ભમરીમાં વિકાસ થવા જેવું છે; અને એનો દિવ્ય દેહ બંધાવો એ ખાંડનું રમકડામાં ફેરવાવા જેવું છે. ઇયળના ભમરીરૂપે વિકાસમાં જેમ જડ પ્રકૃતિ કોઈ અગમ્ય શક્તિથી કાર્ય કરે છે, તેમ આત્માને સાકાર બનવામાં જે પરમેશ્વર-પ્રેરિત શક્તિ કાર્ય કરે છે, તે જ ચૈતન્ય પ્રકૃતિ છે.

આ રીતે સ્વામીનારાયણને મતે આત્મા સાકાર થઈ જાય છે, અને બ્રહ્મ અને પરબ્રહ્મ એ સાકાર છે જ. જેમ જીવ દેહમાં વ્યાપી રહ્યો છે અને દેહનો સ્વામી છે, તેમ જીવ, ઈશ્વર, બ્રહ્મ, તથા માયા અને માયાનાં કાર્યમાં પરમાત્મા વ્યાપક છે અને તેથી એ સર્વે પરમાત્માનાં શરીર કહેવાય છે.

સ્વામીનારાયણને મતે જે મુક્તિ માની છે તે ઉપર સમજાવી. મુક્તનો પરમાત્મામાં પ્રવેશ થાય છે એવા શબ્દો એ મતે પણ વપરાય છે, પણ એ જેમ જળમાં જળ મળી જાય છે, જ્વાળામાં જ્વાળા મળી જાય છે એવો પ્રવેશ નહિ;

પણ, જેમ લોભીનો ધનમાં પ્રવેશ થાય છે, વાંઝિયાનો ઘડપણમાં આવેલા પુત્રમાં પ્રવેશ થાય છે, હરણનો વાંસળીમાં પ્રવેશ થાય છે તેવો મુક્તનો પરમાત્મામાં પ્રવેશ થાય છે. બીજી રીતે કહીએ તો, પરમેશ્વરમાં અખંડ વૃત્તિ રહેવી એ બ્રહ્મદશાનું એક ચિહ્ન છે.

હવે સ્વામીનારાયણને મતે મનાયેલી મુક્તિનાં સાધન ઉપર આવું છું.

૧૪. મુક્તિનાં સાધન

ऋते ज्ञानान्न मुक्तिः એ શ્રુતિ પ્રમાણે પ્રત્યક્ષ પરમાત્માનું ઇંદ્રિયો, અંતઃકરણ અને જીવસત્તાશ્રિત અનુભવ એ ત્રણે દ્વારા જ્ઞાન થાય ત્યારે જ મુક્તિ થાય એમ માન્યું છે. એટલે કે રામકૃષ્ણાદિક અવતારનાં ઇંદ્રિયો દ્વારા દર્શનસ્પર્શાદિક થયાં હોય, પણ અંતઃકરણમાં એમને વિષે પરમેશ્વરપણાની નિષ્ઠા અને જીવમાં પરમ તત્ત્વનો અનુભવ ન થયો હોય તો એ જ્ઞાની ન કહેવાય. તેમ જ શાસ્ત્ર દ્વારા પરમાત્મા સંબંધી પરોક્ષપણે નિશ્ચય કર્યો હોય, પણ જો ઇંદ્રિયો અને અનુભવથી એ નિશ્ચયનો સાક્ષાત્કાર ન થયો હોય તો તે પણ પૂરો જ્ઞાની ન કહેવાય; એટલે ત્યાં સુધી એની મુક્તિમાં વિઘ્ન રહે છે. માટે મુક્તિનાં સાધનમાં જ્ઞાન પ્રાપ્ત કરવું એ અત્યંત આવશ્યક છે.

ज्ञान

એ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પહેલાં ઉપાસના જોઈએ. ઉપાસના એટલે ઉપર કહ્યા પ્રમાણે પરબ્રહ્માદિ સંબંધી નિષ્ઠા.

उपासना

નિષ્ઠાના બે પ્રકાર છે: સવિકલ્પ અને નિર્વિકલ્પ; તે પ્રત્યેકમાં પાછા કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ એવા ભેદ થાય છે.

કેટલાક માણસો મનુષ્યના જેટલા જ કામાદિક દોષોવાળા પણ ઉચ્ચ સ્થિતિએ પહોંચેલા ઋષિ, મુનિ કે દેવોને પરમેશ્વર માની તેમાં જ નિષ્ઠા રાખે છે. આ કનિષ્ઠ સવિકલ્પ

નિશ્ચય છે. આ પ્રકારના ભક્તોની પરમેશ્વરની કલ્પના ઇંદ્રાદિક દેવો કે મનુ આદિક ઋષિઓ સુધી પહોંચે છે.

કેટલાકને મનુષ્ય કરતાં વિશેષ કામાદિક દોષો જેવું દેખાય, તોપણ ઋષિ અને દેવોથી વિશેષ પ્રતાપશાળી સત્ત્વોમાં પરમેશ્વરની નિષ્ઠા રહે છે. દાખલા તરીકે, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વરને કામાદિક દોષોથી હારેલા માનીને પણ તેમાં પરમેશ્વરની નિષ્ઠા રખાય છે. આ મધ્યમ સવિકલ્પ નિશ્ચય છે.

કેટલાકને, જેને તે પરમેશ્વર માને છે, તેમાં ગમે તેવા કામાદિક દોષ જુએ તોપણ તેમને વિષે શંકા થતી નથી; કારણ કે એ એમ સમજે છે કે, 'ભગવાન તો સર્વના કર્તા છે, ને પરમેશ્વર છે, ને સર્વના ભોક્તા છે માટે જે જે ક્રિયા પ્રવર્તે છે તે અનન્યપણે નિયંતા રૂપે રહ્યા જે ભગવાન તે થકા જ પ્રવર્તે છે; તો એ તો થોડીક એવી નીચ જેવી ક્રિયા કરે, તેણે કરીને એમને બાધ નથી.'* આ ઉત્તમ સવિકલ્પ નિશ્ચય છે. આવી જાતની સમજણથી જ કૃષ્ણાદિક અવતારોના ચરિત્રોમાં દોષો વર્ણવીને પણ ઉપાસના રહી શકે છે.

આ ત્રણે નિષ્ઠા સવિકલ્પ કહેવાય છે, કારણ કે એ ત્રણેમાં ભક્ત તેમ જ ભગવાનનો દૈહિક અને પ્રાકૃત ભાવ જ લક્ષમાં રહે છે. ભક્ત પોતાને દેહસ્વરૂપ માને છે અને પોતાના પરમેશ્વરના દૈહિક કે અન્વય ભાવને જ ભજે છે. આથી ઊલટું, નિર્વિકલ્પ નિશ્ચયમાં દૈહિક ભાવનો લોપ થતો જાય છે.

કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળો પરમાત્માને નિર્લેપ, બ્રહ્મરૂપ, કર્તા છતાં અકર્તા જાણે છે; અને તેથી પરમેશ્વરમાં

* વચનામૃત. લો. ૧૨.

દેખાતી સર્વે શુભ અશુભ ક્રિયા ભસ્મ થઈ જાય છે એમ માને છે; પણ એનો પોતાનો દેહભાવ હજુ ટળ્યો નથી.

એથી આગળ વધેલો ભક્ત નિર્ગુણ વાસુદેવને પોતે ષડૂર્મિઓ[1]-રહિત થઈને ભજે છે. પુરાણોમાં વર્ણવેલા શ્વેતદ્વીપવાસી નિરન્નમુક્તોની આ સ્થિતિ છે. એમને પણ હજુ પોતાનું બ્રહ્મસ્વરૂપ પ્રગટ થયું નથી; માટે એ મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા છે.

પરન્તુ, ' અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માણ્ડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે, એવું જે પુરુષોત્તમ ભગવાનનું ધામ રૂપ અક્ષર, તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે,'[2] તે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો છે.

આવો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય એ મોક્ષમાર્ગનું શ્રેષ્ઠ સાધન છે.

બીજું સાધન ભક્તિ છે. ભક્તિ એટલે પ્રગટ પરમેશ્વરમાં માહાત્મ્યના જ્ઞાન સહિત સ્નેહ. પ્રગટ એટલે શું? એ શબ્દ

भक्ति

લાંબા વખતથી વૈષ્ણવ સંપ્રદાયોમાં વપરાતો આવ્યો છે. સંપ્રદાય એમ માને છે કે પરમેશ્વરના અવતાર અથવા એમના બ્રહ્મનિષ્ઠ સંત નિરંતર પૃથ્વી પર વિચરતા હોય જ. જો એમના અવતાર પૃથ્વી ઉપર હોય તો એને ઓળખીને એની ભક્તિ કરવી તે પ્રગટની ભક્તિ છે. એમના અવતાર ન હોય તો એમના

---

૧. ભૂખ-તરસ, હર્ષ-શોક અને જન્મ-મૃત્યુ એ ષડૂર્મિઓ છે.

૨. વચનામૃત. લો. ૧૨.

બ્રહ્મનિષ્ઠ સંતને ઓળખી, એમના પ્રભુ સાથેના સંબંધને લઈને એમની ભક્તિ કરવી, તે પણ પ્રકટની ભક્તિ છે. *

એ બન્નેમાંથી કોઈનો પણ જોગ થઈ ન શકે એમ હોય ત્યારે ઇષ્ટ દેવની પ્રતિમામાં પતિવ્રતાના જેવી ભક્તિ રાખવી તે પણ પ્રગટની ભક્તિ છે. એમ કરતાં કરતાં નરસિંહ મહેતો, મીરાંબાઈ, તુલસીદાસ, સુરદાસની માફક એ મૂર્તિમાંથી પરમેશ્વર પ્રકટ થાય, બ્રહ્મનિષ્ઠ સંતનો યોગ પણ થાય અને એને ઇંદ્રિયો, અંતઃકરણ અને અનુભવ ત્રણે દ્વારા પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થઈ એની ભક્તિ સફળ થાય.

પણ હાથી નજર આગળથી જાય ત્યારે એને ઓળખવો નહિ અને એના ગયા પછી એનાં પગલાં જોઈ કહેવું, ' અહોહો, હમણાં અહીંથી ગયો તે તો હાથી હતો,' એવી રીતે પ્રભુના અવતારોનો કે સદ્‌ગુરુનો મહિમા સમજવો એ પ્રકટની ભક્તિ નથી પણ પરોક્ષ ભક્તિ છે. નારદ સનકાદિકનો આજે મહિમા ગાવો તે પરોક્ષ ભક્તિ છે. આજે જગતમાં નારદ સનકાદિક જેવા સંત હોય તેને શોધી તેનો મહિમા સમજવો અને એમાં પૂર્ણ સ્નેહ બાંધવો તે પ્રકટની ભક્તિ છે. તે જ પ્રમાણે અનુમાને કરીને માયા અને માયાના કાર્યથી પર, નિર્ગુણ, સચ્ચિદાનંદરૂપ પરમતત્ત્વની પ્રતીતિ કરીને તે તત્ત્વની ભક્તિ

---

* આ વાક્યને આ રીતે સુધાર્યું હોય તો ન ચાલે ? ' પરમેશ્વરના અવતાર રૂપ બ્રહ્મનિષ્ઠ સંત નિરંતર પૃથ્વી પર વિચરતા હોય જ. એને ઓળખીને એની ગુરુરૂપ હરિ તરીકે ભક્તિ કરવી તે પ્રકટની ભક્તિ છે. એમને અભાવે ભૂતકાળમાં થઈ ગયેલા અવતારોની ભક્તિ કરવી ઘટે. પણ બ્રહ્માદિક કાલ્પનિક દેવોની ભક્તિ તો અતિશય પરોક્ષ છે.'

કરવી તે પરોક્ષ ભક્તિ છે; પણ તે તત્ત્વનાં દૃષ્ટિગોચર સ્વરૂપ જે અવતારો તેની ભક્તિ તે પ્રકટની ભક્તિ છે. આ ઉપરથી સ્વામીનારાયણ સંપ્રદાયમાં દ્વિભુજ મૂર્તિની ઉપાસના હોવાનું કારણ પણ સમજાશે.

મૂર્તિમાંથી પ્રભુને પ્રગટાવવા, તેમ જ પ્રભુના અવતાર પૃથ્વી ઉપર હોય ત્યારે તેને ઓળખવા એ સહેલું નથી. એ કૂંચી બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુની પાસેથી જ મળી શકે છે.

सत्संग

प्रगट प्रभाकर होय पुनि दृग बिन नहि देखात ।
संत बिना त्यों प्रगट प्रभु, जनको नहि समजात ॥

(દલપતરામ)

વળી બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ મળ્યા વિના પોતાના પુરુષાર્થથી બ્રહ્મનિષ્ઠ થવું એ અશક્ય છે. માટે ભક્તિમાં મુખ્યત્વ સત્સંગનું* છે. આ રીતે સ્વામીનારાયણ સંપ્રદાયમાં સત્સંગનો અતિશય મહિમા કહ્યો છે;—એટલે સુધી કે સંપ્રદાય અને તેના અનુયાયીઓ સત્સંગ અને સત્સંગીઓને નામે જ ઓળખાય છે. આ સંપ્રદાયમાં સત્સંગ એ પ્રથમ છે અને સત્સંગ એ છેવટ સુધી પણ છે. મુક્ત થયા પછી પણ સત્સંગ તો કરવાનો જ. કારણ કે ચડવાનું નથી એવી દશા તો સ્વામી-નારાયણ સંપ્રદાયે કલ્પી જ નથી. જેટલો પ્રભુનો મહિમા જાણી શકાય એટલો જાણતા જવાનો છે અને એટલા ઊંચા ચડતા જવાનું છે. જેવા સદ્ગુરુનો સંગ અહીં એને પ્રાપ્ત

* સત્સંગ શબ્દનો નીચે પ્રમાણે અર્થ કરવામાં આવે છે: સત્ કહેતાં (૧) આત્મા, અને (૨) પરમાત્મા; તથા સત્ કહેતાં (૩) સત્પુરુષ અને (૪) સચ્છાસ્ત્ર—એ ચારનો સંગ તે સત્સંગ.

થાય, તેટલો એ અહીં ઊંચો ચડે; મુક્ત કોટિમાં ભળ્યા પછી પણ પરમાત્માનો વિશેષ સંગ કરે અને આગળ વધતો રહે. એ રીતે આદિથી અનંતત્વ સુધી સત્સંગનું પ્રધાનપણું છે.

સત્સંગનો લાલચુ કદી દોષદર્શી નથી થઈ શકતો; એ તો કેવળ ગુણગ્રાહક જ હોય. આ કારણથી બીજાના દોષ ન જોવા માટે વારંવાર સ્વામીનારાયણે પોતાના શિષ્યોને તાકીદ આપી છે. જે દોષદર્શી થાય છે તે સત્સંગી નથી થઈ શકતો.

મોક્ષમાર્ગમાં સત્સંગનું મહત્ત્વ ધ્યાનમાં લઈ સ્વામીનારાયણે કહ્યું છે, કે જે કેવળ આત્મનિષ્ઠ થઈ જડ અને ઉન્મત્તની માફક વર્તે છે અને અતિશય નિવૃત્તિપરાયણ રહે છે, તેના કરતાં જે થોડી પ્રવૃત્તિ ધારણ કરી બીજાઓને ચડાવે છે તે શ્રેષ્ઠ છે. પોતે તો એટલે સુધી કહે છે કે જન્મ લેવાનું કાંઈ નિમિત્ત ન હોય, 'તો પણ અંતરમાં (અમે) એમ વિચારિયે છઈએ, જે જન્મ ધર્યાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવો.' (વચના. ગ. મ. ૪૮)

आत्मनिष्ठा

સંપ્રદાયમાં મુક્તિનું ધ્યેય કેવળ બ્રહ્મદશા પ્રાપ્ત કરવી એ નથી, પણ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવા કરવી એ છે. માટે આત્મનિષ્ઠા એ અંતિમ સાધ્ય નથી, પણ એક મહત્ત્વનું તોપણ સાધન જ છે. એ સાધન પાર પડ્યા વિના મોક્ષ એટલે ઉત્પત્તિ-પ્રલયના ચક્રમાંથી છૂટી શકાય નહિ, માટે ભક્તિને અંગે આત્મનિષ્ઠા અવશ્ય ગણાય છે. પણ સ્થૂળ દેહ છતાં જ આત્મદર્શન થવાની જરૂર નથી.

વળી એમની મુક્તિનું ધ્યેય સાલોકચાદિ ચતુષ્ટય નથી, પણ પરમાત્માની પ્રીતિ સંપાદન કરવી એ છે. માટે વૈરાગ્ય એ પણ ભક્તિને અંગે જોઈએ. વૈરાગ્ય એટલે ઉદાસી ધારણ કરવી કે બાહ્ય ત્યાગ રાખવો એ નથી, પણ પ્રભુ સિવાય બીજે સર્વમાં—સાલોકચાદિમાં પણ—પ્રીતિરહિત થવું, બીજા સર્વમાં અનાસક્તિ થવી એ જ વૈરાગ્ય છે. वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु ।

વૈરાગ્ય

અર્થાત્ મુક્તિ માટે સંન્યાસી થવાની આવશ્યકતા નથી. પણ સંન્યાસી અને ગૃહીમાં બ્રહ્મ-સ્થિતિએ પહોંચ્યા પછી પણ એક ફેર રહે છે. તે એ કે સંન્યાસીને શુકજીના જેવી સિદ્ધ દશા પ્રાપ્ત થઈ શકે છે; એટલે ઇંદ્રિયો અને અંતઃકરણની શક્તિ વૃદ્ધિ પામે છે. પણ ગૃહસ્થને જ્યાં સુધી દેહમાં વર્તે છે ત્યાં સુધી ઇંદ્રિયોની શક્તિ વૃદ્ધિ પામતી નથી, પણ જનક રાજાની માફક કેવળ જ્ઞાન જ વૃદ્ધિ પામે છે. દેહનો લય થયા પછી બન્નેની ગતિ સરખી છે.

પ્રભુની પ્રીતિ સંપાદન કરવામાં એના ધર્મમર્યાદાનું પાલન આવી જ જાય. ધર્મ એટલે દારૂ ન પીવો, માંસ ન ખાવું, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, વટલવું–વટલાવવું નહિ વગેરે શારીરિક ધર્મો, તથા સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, દાન, દયા ઇત્યાદિક સૂક્ષ્મ ધર્મો, તથા વર્ણાશ્રમના ધર્મોનો ભંગ પ્રભુનો ભક્ત ન જ કરી શકે.

ધર્મ

પણ કેવળ ધર્મથી મોક્ષ નથી, કેવળ વૈરાગ્યથી મોક્ષ નથી, કેવળ આત્મનિષ્ઠાથી રહિત ભક્તિથી પણ મોક્ષ નથી;

અને ઉપાસનાની દૃઢ નિષ્ઠા વિના એ ચારે હોય તો તેનો પણ મોક્ષ નથી. જેનામાં ઉપાસના સહિત ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને આત્મજ્ઞાનની મિલાવટ હોય તે જ કૈવલ્ય મોક્ષનો અધિકારી છે, તે જ પરમ ભાગવત અથવા એકાંતિક ભક્ત કહેવાય છે.

પણ સ્વામીનારાયણ સંપ્રદાય ચડાવનારો ધર્મ છે, એટલે स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् । જેને એકાંતિક ભક્ત થવાની આજે શ્રદ્ધા નથી તેને પણ નિરાશ થવાનું કારણ નથી. તે જો મોક્ષને માર્ગે છે અને સત્સંગ કરતો રહે છે, તો તેને પાછા પડવાનું છે જ નહિ. अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् । જન્મનો અર્થ કેવળ મૃત્યુલોકનો જન્મ નહિ, પણ ઈશ્વરકોટિ સુધીમાંનો કોઈ પણ જન્મ. મોક્ષને માર્ગે ચાલનારની ભૂંડામાં ભૂંડી ગતિ થશે તોયે તે આજ કરતાં સારી હશે, એવો એણે દૃઢ વિશ્વાસ રાખવાનો છે.

આ ઉપરાંત સહજાનંદ સ્વામીનો નીચેનો ખાસ સિદ્ધાન્ત પણ નોંધવા જેવો છે. કેટલાક લોક ઈશ્વરેચ્છા અને સંકેતને જ અને કેટલાક પૂર્વકર્મને જ મનુષ્યનાં સુખ-

सुखदुःखनां आठ कारण

દુઃખનું કારણ ગણે છે. સહજાનંદ સ્વામી કહે છે કે, મનુષ્યનાં સુખદુઃખના — દેશ, કાળ, કર્મ, ક્રિયા, મંત્ર, ધ્યાન, દીક્ષા અને સંગ — એવા આઠ હેતુઓ છે. તેમાં કોઈ વખતે એકનું પ્રધાન-પણું હોય છે, તો કોઈ વખતે બીજાનું હોય છે. ઉદાહરણાર્થ, આગબોટ બૂડવાથી અનેકનાં મરણ થાય, ત્યાં પૂર્વકર્મનું પ્રધાન-પણું માનવું એ ભૂલ છે; ત્યાં બળવાન કાળ એ જ પ્રધાન છે. ડાયર જેવાના હાથે અનેક નિર્દોષ પુરુષો માર્યા જાય ત્યાં દુષ્ટ પુરુષનો સંગ એ પ્રધાન કારણ છે; ધ્રુવ અથવા પ્રહ્લાદ જેવા

બાળકને વૈરાગ્ય થવો એમાં સત્પુરુષોનો સંગ એ બળવાન છે. ગાંધીજી જેવાના ઉપદેશથી અનેક જનોના મનમાં સાત્ત્વિક ભાવની વૃદ્ધિ થવી એ સત્પુરુષનું બળ દર્શાવે છે; ભીખારીને એકાએક રાજ્ય મળવું, એ પૂર્વકર્મનું બળ સૂચવે છે. આગબોટ ડૂબ્યા છતાં એકાદ માણસ બચી જાય ત્યાં પણ પૂર્વકર્મનું અતિશય બળ દેખાય છે. દારૂ આદિનું વ્યસન પડવું એમાં ક્રિયા કે સંગનું બળવાનપણું છે. મારવાડ જેવામાં પાણીની હાડમારી વેઠવી પડે ત્યાં દેશ એ જ પ્રધાન છે.

આ રીતે જ્યાં જેનું બળ હોય ત્યાં તે સમજવું જોઈએ; પણ એક જ વસ્તુને સર્વત્ર લાગુ ન કરી શકાય. પણ આ સર્વથી પર ઈશ્વરેચ્છા પણ એક હેતુ છે. આ સર્વ હેતુઓમાં ઈશ્વર એ સાક્ષીરૂપે તો છે જ, પણ ક્વચિત્ પોતાની ઇચ્છાથી સીધી રીતે હેતુ થાય કારણ કે એ कर्तुमकर्तुमन्यथा कर्तुम् સમર્થ છે. આ રીતે પાંચ વર્ષના ધ્રુવને સ્તુતિ કરવાની શક્તિ આવવી એમાં ઈશ્વરેચ્છા જ કારણ છે.

આ ટૂંકામાં સહજાનંદ-દર્શન છે. એ સંપૂર્ણ નથી પણ તેનો ખ્યાલ એ પરથી આવી શકશે. સ્વામીનારાયણીય જનો રોજ સાયંપ્રાર્થનામાં જે સાત વર માગે છે તે નીચે પ્રમાણે છે:

(૧) નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ, ઘનસ્યામ;
(૨) માહાત્મ્ય જ્ઞાન યુત ભક્તિ તવ એકાંતિક, સુખધામ.
(૩) મોહિ મેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર.
(૪) તુમારો અરુ તવ ભક્તકો દ્રોહ કબુ નહિ હોય;
(૫) એકાન્તિક તવ દાસકો દીજે સમાગમ મોય.

(૬) નાથ, નિરંતર દર્શ (૭) તવ દાસનકો દાસ;
એહિ માગું કરી વિનય હરિ, સદા રાખિહુ પાસ,
હે કૃપાલુ, હે ભક્તપતિ, ભક્તવત્સલ સુનો બાત,
દયાસિંધુ સ્તવન કરી, માગું વસ્તુ સાત.

દરેક સંપ્રદાય પોતાના અનુયાયીઓ ઉપર વિશિષ્ટ સંસ્કારો પાડે છે; તે પ્રમાણે ચુસ્ત સ્વામીનારાયણીય જનોમાં નીચેના સંસ્કારો રૂઢ થયેલા દેખાશે.

૧ ઊઠીને તુર્ત જ પથારીમાં બેઠા થઈ જઈ સ્વામીનારાયણનું નામસ્મરણ કરવું. તથા ધ્યાન એટલે અંગચિંતન કરવું.

૨. જેમ બને તેમ વહેલા ઊઠી, વ્યાવહારિક કર્મોનો આરંભ કર્યા પહેલાં સ્નાનાદિક નિત્યકર્મ આટોપી લેવાં; અને પૂજાદિ કર્યા પહેલાં ખાવુંપીવું નહિ.

૩. રોજ પ્રભુની માનસી પૂજા કરવી; તેમાં કેટલાક દિવસમાં બે વાર, અને કેટલાક ત્રણ કે પાંચ વાર સુધી કરે છે.

૪. એકાદશીનું વ્રત કરવું; વ્રતને દિવસે દહાડે ઊંઘવું નહિ તથા બ્રહ્મચર્ય પાળવું. ચોમાસામાં કાંઈક ભક્તિનું વિશેષ વ્રત લેવું.

૫. ગૃહસ્થે વિધવાનો સ્પર્શ તજવો; મંદિરમાં સ્ત્રી-પુરુષોએ પરસ્પર સ્પર્શ થવા દેવો નહિ.

૬. ગાળ્યા વિના દૂધ કે જળ પીવાં નહિ.

૭. દારૂપાન, માંસભક્ષણ, વ્યભિચાર, ચોરી અને વટલવું-વટલાવવું તે પાંચ પાપ કદી ન કરવાં.

૮. આત્મનિવેદી ભકતે દરેક વસ્તુ પ્રતિમાને ધરાવીને જ ખાવી.

૯. મંદિરે અથવા ગામમાં મંદિર ન હોય તો ઘેર સાયંપ્રાર્થના કરવી અને ભજન ગાવાં.

૧૦. રાત્રે સૂતા પહેલાં સ્વામીનારાયણનાં સ્વાભાવિક ચેષ્ટાનાં પદ ગાવાં.

૧૧. આચાર્ય, સાધુ તથા બ્રહ્મચારીને સામા મળે ત્યારે 'જય સ્વામીનારાયણ' કહી પ્રણામ કરવા તથા ગૃહસ્થોએ પરસ્પર નમસ્કાર કરવા.

૧૨. પરગામથી ત્યાગીઓ આવે તો નાનાએ મોટાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા, અને સરખે સરખાએ ઊભા થઈ ભેટવું.

૧૩. સ્વામીનારાયણને સર્વ અવતારના અવતારી, પરબ્રહ્મ માની, તેમને જ ધ્યેય અને ઉપાસ્ય માનવા; તેમના અવતારોને પણ માનવા અને પૂજવા; બીજા દેવોને પ્રણામ કરવા; પણ અવતારો સિવાય બીજા દેવોનું કે બ્રહ્મવેત્તાનું પણ ધ્યાન ન ધરવું.

૧૪. સત્સંગીની કદી અવગતિ થાય નહિ અને દાખડો કરે તો આ ને આ જન્મે મોક્ષ મળે, અને અંતકાળે પ્રભુ અને તેના સંતો દર્શન દઈને તેડી જાય એવી દૃઢ શ્રદ્ધા રાખવી.

૧૫. સત્સંગીના સુખદુઃખનો હેતુ ઈશ્વરેચ્છા જ છે પણ કાળ કે કર્મ નથી. એટલે સુખદુઃખ આવે તે સત્સંગીના કલ્યાણ માટે જ ઈશ્વર પ્રેરે છે; પછી તે કાળ અને કર્મના નિયમ મુજબ જ ભલે હોય.

૧૬. સત્સંગીને દુઃખ આવે, તો તે ઘણું આવવાનું હતું તેમાંથી થોડેથી મટ્યું એમ દૃઢ શ્રદ્ધા રાખવી; સત્સંગીને 'શૂળીનું દુઃખ કાંટે જાય.'

૧૭. કોઈ પણ સંજોગમાં ભૂવા, દેવ, દેવી કે મંત્ર માનવાં નહિ, ભૂતાદિકનો વહેમ લાગે તો નારાયણકવચ અથવા હનુમાન-સ્તોત્રનો જપ કરવો.

૧૮. સત્સંગના નિયમ, સ્વામીનારાયણ વિષે પરમેશ્વર-પણાનો નિશ્ચય અને ભગવદી સત્સંગીનો પક્ષ રાખવામાં પાછા ન પડવું.

૧૫. પાછલો ઇતિહાસ

હવે સહજાનંદ સ્વામીના અંતર્ધાન થયા પછીનો સંપ્રદાયનો ઇતિહાસ ટૂંકામાં કહું.

સહજાનંદ સ્વામીએ પોતાના સર્વે શિષ્યોને બે આચાર્યો પૈકી એકના નેતૃત્વ તળે મૂકયા એમ જણાવ્યું છે; પણ એમાં એક અપવાદ હતો. માત્ર સહજાનંદ સ્વામીથી શક્તિમાં ઊતરે એવા એક સાધુ સ્વામી ગોપાળાનંદ હતા. એ સાધુ બહુ જૂના ન હતા, પણ એમની બુદ્ધિ, વિદ્વત્તા, યોગસિદ્ધિ, 'વૃત્તાન્ત' અને વ્યવહારકુશળતા અને તે સાથે આત્મનિષ્ઠા—એ સર્વેને લઈને એ જેવા સાધુ થયા તેવા જ સર્વના અગ્રણી થયા સહજાનંદ સ્વામીએ પોતાના દેહોત્સવ સમયે ગોપાળાનંદ સ્વામીને બેઉ આચાર્યોના મધ્યસ્થ તરીકે નીમ્યા, અને મુક્તાનંદ સ્વામી વગેરે સર્વે સાધુ બ્રહ્મચારીઓને એમની આજ્ઞામાં રહેવા ફરમાવ્યું. ઉચ્ચ સ્થિતિને પામવા ઇચ્છતા સર્વે સત્સંગીઓ—ગૃહી તેમ જ ત્યાગીઓ—એમનો સમાગમ કરવા ઇચ્છતા. પણ એમનો સ્વભાવ કાંઈક આકરો હશે એમ લાગે છે. સત્સંગની મર્યાદાનો અણુ માત્ર પણ ભંગ એમનાથી સહન થઈ શકતો નહિ. અમદાવાદના કેટલાક અગ્રણીઓથી એ સ્વભાવની બરદાસ્ત થઈ શકી નહિ, તેથી એમને પાછળથી બેઉ દેશના મધ્યસ્થ તરીકે રહેવાનું બન્યું નહિ અને વડતાલ દેશમાં જ પોતાનું બાકીનું જીવન ગાળવું પડયું. સંવત ૧૯૦૮માં એ અક્ષરનિવાસી થયા.

એવા જ બીજા સાધુ તે સ્વામી ગુણાતીતાનંદ હતા. એમને જુનાગઢ અને એની આજુબાજુનાં ગામોની સંભાળ સોંપવામાં આવી હતી. એ સાધુ પણ જ્ઞાની અને ઉત્તમ વક્તા હતા. જ્ઞાનનું અંગ તો એમનું જ ગણાતું. હજુયે એમના શિષ્યોની પરંપરામાં ઘણાક છે, અને કેટલાક જુદા પડેલા પણ એમની પરંપરામાં પોતાને ગણવામાં અભિમાન માને છે. જ્ઞાનાંશની અધિકતા એ એમનું ખાસ લક્ષણ ગણાય છે.

પહેલા બે આચાર્યો અયોધ્યાપ્રસાદ અને રઘુવીરજી અનુક્રમે સહજાનંદ સ્વામીના મોટા અને નાના ભાઈના પુત્રો હતા. બન્ને આચાર્યોનું વૃત્તાન્ત ઉત્તમ હતું. 'વચનામૃત'માં અયોધ્યાપ્રસાદજીએ સ્વામીનારાયણને એક પ્રશ્ન પૂછ્યો છે કે, 'આ સંસારને વિષે એવો પુરુષ હોય જે આઠે પહોર તો સંસારની વિટંબણામાં રહ્યો હોય, અને ગમે તેવું યોગ્ય અયોગ્ય કર્મ પણ થઈ જતું હોય, અને એક ઘડી કે બે ઘડી ભગવાનનું ભજન કરતો હોય, ત્યારે તે ભજને કરીને તેણે દિવસ બધામાં પાપ કર્યું હોય તે બળે કે ન બળે?' એના ઉત્તરમાં સહજાનંદ સ્વામીએ કહ્યું કે, 'ભજન કરવા બેસે તે સમે, ભજનના કરનારાનાં ઇંદ્રિયો, અંતઃકરણ ને જીવ એ સર્વ એકાગ્ર થઈને જો ભજનમાં જોડાય, તો એવી રીતે એક ઘડી કે અરધી ઘડી પણ જો ભગવાનના ભજનમાં જોડાય તો સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય છે.'*

આ ઉત્તર તે અયોધ્યાપ્રસાદજીનો જીવનમંત્ર થયો. એ ધ્યાનસ્થ થાય ત્યારે કોઈ પણ વિક્ષેપ એમને નડી શકતો

*વચના. ગ. મ. ૬૨

નહિ. એક વાર એ શાલ ઓઢીને ધ્યાન ધરતા બેઠા હતા. શાલમાં વીંછી ભરાઈ રહ્યો હશે તેણે એમના વાંસામાં ડંખ માર્યો, પણ આચાર્યશ્રી તો નિયમ પ્રમાણે અરધો કે પોણો કલાક સુધી જરાયે સળવળ્યા વિના બેસી જ રહ્યા. ધ્યાનમાંથી નિવૃત્ત થયા પછી શાલ કાઢી નાખી એક સેવકને એ ખંખેરી નાખવા કહ્યું. ખંખેરતાં વીંછી સાંપડ્યો અને વાંસો ડંખથી સૂજી ગયેલો માલૂમ પડ્યો. આવી જાતનું ધૈર્ય એમણે સંપાદન કર્યું હતું, અને પોતાને મળેલા ઉત્તરને અનુસરીને પોતાનું વર્તન રચ્યું હતું.

અયોધ્યાપ્રસાદજીને વળી ગાવાનો શોખ પણ સારો હતો, અને પોતે કીર્તનો રચી ભજન કરતા. તેમની પછી અનુક્રમે એમના પુત્ર કેશવપ્રસાદ અને પુરુષોત્તમપ્રસાદ નરનારાયણદેવની ગાદીના આચાર્ય થયા. એ બેઉ આચાર્યો બહુ ભોળા હોવાથી કેટલાક એમનો અયોગ્ય લાભ લેતા હતા. પુરુષોત્તમ-પ્રસાદ પછી એમના દત્તક પુત્ર વાસુદેવપ્રસાદજી અમદાવાદની ગાદીના આચાર્ય થયા. અને એમના અવસાન પછી એમના સગીર પુત્ર હાલના આચાર્ય છે.

લક્ષ્મીનારાયણદેવની ગાદીના પહેલા ત્રણ આચાર્યો રઘુવીરજી, ભગવતપ્રસાદજી અને વિહારીલાલજી હતા. એ ગાદીના આચાર્યો વિશેષ સાહિત્યપ્રેમી નીવડ્યા. આગળ લખાઈ ગયેલા ગ્રંથોની ટીકાઓ કરાવવામાં અને નવીન ગ્રંથો રચાવવામાં એ આચાર્યોએ બહુ ભાગ લીધો છે. એ દરેક આચાર્યની કારકિર્દીમાં સંસ્કૃત કે ગુજરાતી નવીન પુસ્તકો લખાયાં. રઘુવીરજીના વખતમાં બ્રહ્મચારી અચિંત્યાનંદ એ ઉત્તમ સંસ્કૃત તેમ જ પ્રાકૃત કવિ થયા. રઘુવીરજીના ભત્રિજા

અને વિહારીલાલજીના જન્મસંબંધથી દાદા કૃષ્ણપ્રસાદ પણ એક ઉત્તમ પંડિત હતા. વિહારીલાલજીએ કવિ દલપતરામને વડતાલમાં જ બોલાવીને રાખ્યા હતા, અને એમણે બ્રહ્મચારી જગદીશાનંદ નામે એક શિષ્ય પણ તૈયાર કર્યો હતા. એ બ્રહ્મચારીનો નાની વયમાં કાળ થયો, નહિ તો એમની શકિતમાં સત્સંગે વિશેષ શ્રદ્ધા રાખી હતી.*

રઘુવીરજી શાન્તિપ્રિય હોઈ એમણે મંદિરોનો કારભાર કુશળ કોઠારીઓને સોંપ્યો હતો, અને પોતે કેવળ સત્સંગની આધ્યાત્મિક ઉન્નતિ તરફ જ લક્ષ આપતા હતા. એ કોઠારીઓ એટલા દીર્ઘાયુષી નીવડયા કે ત્યાર પછીના ત્રણ આચાર્યોના જીવનાવધિ પર્યંત એમની જ વ્યવસ્થા ચાલુ રહી. પહેલા ત્રણે આચાર્યો બહુ ડાહ્યા, વિનયી અને ભક્તિશીલ હોવાથી સત્સંગીઓમાં અતિશય પ્રિય થઈ પડયા હતા.

પણ વિહારીલાલજીના અક્ષરનિવાસ પછી સત્સંગ-સૂર્ય અસ્ત થયો છે તે હજુ મુકાયો નથી. એમના અવસાન પછી

---

* હિંદુધર્મમાં એક નિર્બળતા મૂળથી ચાલી જ આવી છે; તે એ કે બીજાને નામે ગ્રંથો રચવાની. બધાંયે પુરાણો વ્યાસને નામે ચડે છે; 'યોગવાસિષ્ઠ'ની જવાબદારી વાલ્મીકિ ઉપર નખાઈ છે. તેમ આ સંપ્રદાયમાં પણ કોઈકે ગ્રન્થ લખી બીજા કોઈને નામે ચડાવી દેવાથી થતા સત્યના ભંગની ધાસ્તી જ નથી રાખી. આવું આજ સુધી ચાલ્યું આવે છે એ બહુ ખેદકારક છે. પણ દૂધમાં કિંચિત્ સર્પની લાળ પડે તેનું જેવું પરિણામ આવે તેવું અસત્યના મિશ્રણથી સર્વ સંપ્રદાયોનું પરિણામ થયા વિના રહેતું નથી. હિંદુ ધર્મના અનેક સંપ્રદાયોની કાળે કરીને અવનતિ આવાં કારણોને જ આભારી છે.

લક્ષ્મીપ્રસાદ નામે એક બાળકને દત્તક લેવામાં આવ્યા. સ્વાર્થી મનુષ્યોએ એમને નાનપણમાં જ અવળે માર્ગે ચડાવ્યા, અને તેને પરિણામે એ આચાર્યપદને માટે અયોગ્ય ઠર્યા. છેવટે સં. ૧૯૬૮માં એમણે આચાર્યપદ છોડી દીધું, અને એમની જગાએ આચાર્ય શ્રીપતિપ્રસાદની પસંદગી કરવામાં આવી. તેમની પછી તેમના દત્તક પુત્ર અંનતપ્રસાદજી હાલના આચાર્ય છે.

કમનસીબે આચાર્ય શ્રીપતિપ્રસાદ અને કોઠારી ગોવર્ધનદાસ વચ્ચે વિગ્રહ શરૂ થયો અને બન્ને પક્ષ કચેરીએ ચડયા. મોક્ષ-માર્ગ અને કચેરીના ઝઘડા એ બે વસ્તુઓ એકબીજાથી એટલી વિરોધી છે કે એમાંથી એકે પક્ષને એ શોભા પમાડી શકે નહિ. કચેરીના ઝઘડાને સહજાનંદ સ્વામીની પ્રણાલિકામાં ક્યાંય સ્થાન મળી શકતું નથી. સહજાનંદ સ્વામીના સિદ્ધાન્તો અને આજ્ઞાનો ભંગ કર્યા વિના કચેરીના દ્વારમાં એમાંથી એકે પક્ષ પેસી શકે નહિ, એ વસ્તુનું બન્ને પક્ષને વિસ્મરણ થયું છે. પરિણામે આખા સત્સંગ પર અંધકારનો ભાસ થાય છે. સર્વત્ર નિરુત્સાહ વર્તે છે. એ ઝઘડાઓનો અંત હજુ આવ્યો છે એમ કહી શકાય નહિ.

અમદાવાદની ગાદી પણ એ ઝઘડાઓથી મુક્ત નથી. આજે ત્યાં પણ પોતાના અખૂટ ધનભંડારને કચેરીમાં ખપાવવા પ્રયત્ન ચાલી રહ્યો છે. કોણ કહેશે કે સુવર્ણને કીડા ખાતા નથી? જ્યાં સુધી અદાલતો ખુલ્લી છે ત્યાં સુધી લોખંડની તિજોરીઓ પણ ધનને સાચવી શકે એમ નથી.

આ સ્વામીનારાયણ સંપ્રદાયનું ટૂંકું વૃત્તાંત છે. મારી અભ્યુન્નતિ માટે હું સંપ્રદાયનો અત્યંત ઋણી છું. એ ઋણ આ સેવાથી કાંઈક ફીટો એવી પ્રાર્થના કરી વિરમું છું.

નોંધ

પા. ૧૧ पौराणिक कथाओ—પાછલી કથાને શ્રદ્ધા સિવાય બીજો કોઈ આધાર નથી. એમ લાગે છે કે ભાગવતના એકાદશ સ્કંધમાં જે ભક્તિયુક્ત જ્ઞાનમાર્ગ શ્રીકૃષ્ણ અને ઉદ્ધવના સંવાદરૂપે ઉપદેશાયેલો છે, તે માર્ગ સંપ્રદાયના આદિ-પ્રવર્તકને સંપૂર્ણપણે માન્ય હશે. અને પા. ૧૬–૧૭ની નીચેની ટીપમાં જે ૫૧મા પત્રનો ઉલ્લેખ છે, તેમાં 'ઉદ્ધવાદિક ગુરુ પરમ્પરા' એવા શબ્દો વપરાયા છે, તે ઉપરથી ઉદ્ધવને આદિ ગુરુ સ્વીકારેલા જણાય છે. પણ જે ન્યાયે દક્ષિણી સાધુ રામદાસ હનુમાનનો અવતાર મનાય છે તેમ સ્વામી રામાનંદ આગળ જતાં ઉદ્ધવનો અવતાર મનાયા; અને એનો અલંકારરૂપે થયેલી કલ્પનામાં જ્યારે વાસ્તવિકતાની શ્રદ્ધા બેઠી ત્યારે આવી કાલ્પનિક કથાઓ યોજાઈ. આવી કલ્પનાનું એક વાર બીજ વવાય છે તે કેટલે સુધી મૂળ નાખે અને ઊંચું વધે તેનો પાર નથી. સ્વામીનારાયણ સંપ્રદાયની એક પણ પ્રસિદ્ધ વ્યક્તિ કોઈ કોઈનો અવતાર નથી મનાઈ એમ ભાગ્યે જ બન્યું છે! એ કલ્પનાઓ જેને પ્રથમ સ્ફુરી હશે એની એમાં પ્રામાણિક શ્રદ્ધાયે હશે, પણ તેથી એનું કાલ્પનિક રૂપ ઓછું થતું નથી. મને પોતાને તો લાગે છે કે એવો પૌરાણિક કથાઓનો આધાર હોય તો જ સહજાનંદ સ્વામી પ્રત્યેની ભક્તિ અચળ રહે અથવા વધે એ સ્થિતિ ઇષ્ટ નથી. જો એમનું સીધું જીવનચરિત એમને લોકોત્તર ન દાખવી શકે

તો આવી કથાઓને આધારે એમને અલૌકિક દેખાડવાની મને ઇચ્છા નથી.

પા. ૧૫ पत्र ५१मो—(પ્રચલિત હકીકત કરતાં જ્યાં ફરક છે તે ભાગ मोटा अक्षरे છાપ્યો છે.)

સ્વસ્તિ **श्री** વટપત્તન મહાસુભસ્થાને કૃત નિવાસ સકલ ગુણ ગુણાલંકૃત સદસદ્ વિચાર નિપુણ નરમતિ શ્રદ્ધાદિ મોક્ષ સંપતિ સમાયુક્ત સુહૃદ બુદ્ધિમાન એવં અનેક સુભોપમોપમેય શાસ્ત્રી શોભારામ તથા રાજકાર્ય સમર્થ અષ્ટાદશ વ્યવહાર નિપુણ ચિમનરાવ જનાર્દન એતાનશ્રી ગઢડેથી લિખાવિતં સ્વામીશ્રી સહજાનંદજીના જયસ્વામિનારાયણ વાંચજો. બિજું તમારૂં પતર પરમહંસ ભેલું આવ્યું તે પોતુ. વાંચી સમાચાર જાણ્યા અને તમે એમ લખ્યું જે તમારા સત્સંગને વિષે અમારે પુરી ગાંઠ પડી છે, પણ તમારા દક્ષિણી લોકમાં અમારી જ્ઞાતિનું કોરનું તથા અમારા સંપ્રદાયની કોરનું પુછવાનો બહુ આગ્રહ સંભરાય છે. બિજાને સંશય છે તે સારૂં. તેના સંશય નિવૃત્તિને અર્થે તમને અમે અમારા જન્મપ્રભૃતિ સંપ્રદાયની પરંપરા લખી જણાવીયે છે. તે અમારી જન્મભૂમિ અયોધ્યાથિ ઉત્તર દિશામાં સરવાર દેશ છે તે દેશમાં મનોરમા નદી છે. તે નદીને વિષે મખૌટા નામે તીર્થ છે તે તીર્થથિ ઉત્તર દિશામાં એક મજલને છેટે છપીયા નામે ગામ છે તે ગામ અમારા મામાના ગરાસનો છે તે ગામને વિષે સરવરીયા બ્રાહ્મણ હરિપ્રસાદ પાંડે એવે નામે છે તે બ્રાહ્મણ સામવેદી છે અને સાવર્ણ ગોત્રી છે અને કૌથુમી શાખા છે અને ભાર્ગવ વૈતહવ્ય સાવેતસ એ નામે તેના ત્રણ પ્રવર છે તે હરિપ્રસાદ બ્રાહ્મણના અમે પુત્ર છીએ અને તે અમારા

પિતાના પિતાને સિરનેત રાજાયે ઇટારગામ આપ્યું તું તે માટે ઇટારના પાંડે એવી અમારી અટક છે તે अमे यज्ञोपवित धारण करीने पांच दिवस पछे घर थकि तीर्थ कर्या सारु चालि नीकळ्या છે પછે મુક્તનાથ ગયા તથા ગંગા સાગર તથા જગનાથ પુરી તથા સેતુબંધ રામેશ્વર ઇત્યાદિક જે તીર્થ ત્યાંહા ફરતા ફરતા द्राविड देशमां तोताद्रिने विषे जीयर स्वामि त्रिदंडि सन्यासी मळ्या तेना शिष्य थइने चक्रांकित थया અને ત્યાંથી ફરતા ફરતા પંચતીર્થી કરીને ગિરનાર આવ્યા તથા શ્રી રામાનંદ સ્વામી અમને મળ્યા અને શ્રી રામાનંદ સ્વામી થકિ અમે અમારા સ્વસ્વરૂપ જ્ઞાનને પામ્યા અને તે શ્રી રામાનંદ સ્વામિયે અમને શ્રી નરનારાયણદેવની ઉપાસનાનો વિધિ દેખાડયાં ને પરમહંસની દિક્ષા દિધિ અને પૂર્વે જે પરમહંસ થયા છે તેમણે સર્વે શ્રી નરનારાયણદેવની ઉપાસના કરી છે અને તેથી શ્રી નરનારાયણ ધર્મ વિષે રહ્યા છે અને જે પરમહંસ શ્રી નરનારાયણદેવનિ ઉપાસના અને ધર્મ તેથી બાહ્ય વર્તે છે તે ભ્રષ્ટ છે અને તે અમારા ગુરૂ જે શ્રી રામાનંદ સ્વામિ તે ગયાપુરીને વિષે અંજન નામે બ્રાહ્મણ ઋગ્વેદી કાશ્યપ ગોત્રના આશ્વલાયન શાખાવાળા તેના પુત્ર હતા તે તીર્થને વિષે ફરતા ફરતા ગિરનારમાં આવ્યા ત્યાંહાં શ્રી આત્માનંદ સ્વામિ અમારા ગુરૂને મલ્યા તે પછે અમારા ગુરૂ શ્રી આત્માનંદ સ્વામિના શિષ્ય થઇને પરમહંસની દિક્ષાને પામ્યા અને ભક્તિયે સહિત નરનારાયણદેવની ઉપાસના કરી અને શ્રી આત્માનંદ સ્વામિ તે નવાનગરને સમીપે રૂપારેલ નદીને કાંઠે ધ્રુઆવ ગામ છે તે ગામને વિષે બ્રાહ્મણ ચાતુરવેદી મો૦ જગજીવન ભટ્ટ નામે યજુર્વેદી જાતુકર્ણ્ય ગોત્રના માધ્યંદિની

શાખાવાળા થયા તેના પુત્ર હતા તે પોતે ગૃહસ્થાશ્રમને વિષે રહીને પછે વૈરાગ્યે કરીને ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરિને દ્વારિકાપુરિમાં માધવાનંદ સરસ્વતિના શિષ્ય થયા ને દંડ કમંડળનું ધારણ કર્યું ને પુર્ણાનંદ એવું નામ ધાર્યું તે પછે પોતે ફરતા ફરતા સમુદ્રને કાંઠે ગોપનાથ મહાદેવના સ્થાનકને વિષે શ્રી ગોપાળાનંદ બ્રહ્મચારી થકી ઉપનિષદનું શ્રવણ કર્યું પછે તે શ્રવણે કરીને બ્રહ્મવિદ્યાને પામિને સમાધિનિષ્ટ થયા અને તે પછે તે શ્રી ગોપાળાનંદ બ્રહ્મચારિ જે પોતાના ગુરૂ તેની આજ્ઞાયે કરિને પરમહંસ દિક્ષાને પાંમ્યા ને દંડ કમંડળનો ત્યાગ કર્યો અને શ્રી આત્માનંદ સ્વામિ એવા નામને પામ્યા અને તે પછે તે જે ગોપાળાનંદ સ્વામિ તેણે पोतानी जे उद्धवादिक गुरू परंपरा તેનું જે રહસ્ય તે આત્માનંદ સ્વામીને સમગ્રપણે કહ્યું तत्र श्लोकः । श्री महामुनिरुवाच ॥ शृणु भद्र महाबुद्धे रहस्यं वच्मि ते मम । किमप्यवाच्यं नास्त्येव स्निग्धशिष्याय सद्‌गुरोः ॥ १ ॥ आदावुद्धवमाहनैजममलंज्ञानं तदात्मातत श्चात्मानंदमुवाच तेन वपुषा गोविंदमूचे वयः । आनंदाह्वय मुनिं जगाद च ततो गोपालयोगीश्वरं ह्यात्मानंदमुवाच मद्गुरुमथो तं वासुदेवं भजे ।

ઇત્યાદિ ગુરુ પરંપરાની રીત સંપ્રદાયની રીત્ય ચરિત્રામૃત* ને વિસે લખી છે. એવિ રિત્યે શ્રી ગોપાળાનંદ સ્વામી જે તે પોતાના સંપ્રદાયનું રહસ્ય શ્રી આત્માનંદ સ્વામીને કહેતા હવા અને શ્રી આત્માનંદ સ્વામિને પોતાના ગુરૂ જે ગોપાળાનંદ તે થકી આ ઉદ્ધવ આદીક ગુરૂ સંપ્રદાયના રહસ્યને પામીને અમારા ગુરૂ જે રામાનંદ સ્વામી તેને કહ્યું અને શ્રી રામાનંદ સ્વામીએ અમને કહ્યું માટે આ

* આ ચરિત્રામૃત કયું પુસ્તક છે, તે હું જાણતો નથી.

રિત્યે અમારો ઉદ્ધવ સંપ્રદાય છે અને જે રીત્યે ઉદ્ધવ દેહના વેષને રાખે છે તથા બ્રહ્મચર્યાદીક ધર્મને પાળે છે તેવી જ રીત્યે અમે તથા અમારા સાધુ તે વરતીયે છીએ અમારા મોટા આચાર્ય જે ઉદ્ધવ તે ભકતી દીક્ષાવાળા પરમહંસ છે. તે માટે અમે પણ ભકતી દીક્ષાવાળા પરમહંસ છીએ અને બ્રાહ્મણ ક્ષત્રીય વૈશ્ય એ ત્રણ વર્ણને વિષે ભિક્ષા લઈએ છીએ કેમ જે પ્રથમ તો સર્વે બ્રાહ્મણ હતા તે કર્મે કરિને ક્ષત્રિયાદિ વર્ણપણાને પામ્યા છે x x x x x x અને અમે જે ગૃહસ્થને જ્ઞાનનો ઉપદેશ કરીએ છઈએ તેને પંચ પદાર્થના ત્યાગના નિયમ લેવરાવીયે છઈયે (મ) મદ્ય માંસ પરસ્ત્રી ચોરી વટલવું એ પાંચનો ત્યાગ રખાવિને અને અહિંસા ધર્મને વિષે રખાવિયે છઈયે x x x x x x x એવી રીત્યે સર્વ શાસ્ત્રમાં મદ્યાદિકનો નિષેધ કર્યો છે બીજું પરમહંસનિ સંહિતારૂપ એવું જે શ્રીમદ્ ભાગવત પુરાણ તથા શાંતિ પર્વને વિષે જે મોક્ષધર્મ તથા ભગવદ્ગીતા એ ત્રણ ગ્રંથ અમારા ઉદ્ધવ સંપ્રદાયને વિષે ઇષ્ટ છે અને એ ત્રણ ગ્રંથમાં જેમ કહ્યું છે તેમ અમે તથા અમારા સાધુ તે વર્તિયે છઈએ. બિજું આવી રિત્યે આપણો શુદ્ધ સંપ્રદાય છે તે વાતમાં આપણ કોઈ રિત્યે જો ન્યાયે કરિને પુછશે તો ખોટા નહિ પડિયે અને અન્યાયની તો વાત નહિ માટે તમને કોઈ શાસ્ત્રિ તથા પુરાણિ પુછે તો આવી રીત્યે સ્પષ્ટ વાર્તા કરજો તથા આ કાગળ વાંચી સંભળાવજો બીજું કાશીના શાસ્ત્રિને તથા જોસિ ઝુમખરામને અમારા જય શ્રી સ્વામિનારાયણ કેજો અને આ કાગલ વંચાવજો સુજ્ઞેષુ કિં બહુના સંવત્ ૧૮૭૮ ના પૌષ વદી દ્વિતીયા બુધવારે શ્રી નરનારાયણ.

પા. ૨૨ કોમળવૃત્તિ — એમ શંકા ઊઠવાનો સંભવ છે કે આ વાત ખરી નહિ હોય; કારણ કે સહજાનંદ સ્વામીના પાછલા જીવનમાં એમનામાં ભાજીયે ન તોડવા જેટલી અહિંસા જણાતી નથી. પણ એમ માનવાનું કારણ નથી. એક એક વૃત્તિનો વિકાસ જે સમયે થતો હોય છે ત્યારે એનો અસ્વાભાવિક અતિરેક થવાનો હમેશાં સંભવ રહે છે. એનો સંપૂર્ણ વિકાસ થયા પછી જ્યારે બીજી વૃત્તિનો વિકાસ થવા માંડે છે ત્યારે પહેલી વૃત્તિ અસ્વાભાવિક સીમા પરથી ઊતરી એની પ્રકૃતિને માટે જે સ્વાભાવિક મર્યાદા હોય ત્યાં આવીને સ્થિર થાય છે. એમ ન થાય તો બીજી વૃત્તિનો ઉત્કર્ષ અટકી જાય એટલું જ નહિ, પણ પ્રત્યેક વૃત્તિની શરીર ઉપર એક જાતની તાણ હમેશાં પડતી હોવાથી એ તાણ એટલી ને એટલી તંગ રહે તો પ્રાણને અસહ્ય પણ થઈ પડે. આ જ રીતે નામદેવ તેમની સમદૃષ્ટિના વિકાસના કાળમાં કૂતરાને રોટલો લઈ જતો જોઈ એની પાછળ ઘી લઈને દોડયા હતા. તુકારામ અહિંસાવૃત્તિના વિકાસ સમયે પંખીઓને પોતાના આવવાથી ઊડી જતાં જોઈ ત્યાં ને ત્યાં સ્થિર થઈ બેઠા હતા, અને એક જીવડું શરીર પર બેસી લોહી ચૂસવા લાગતાં એ ધરાય ત્યાં સુધી એને લોહી પીવા દેવાની વૃત્તિ રાખી બેઠા હતા. આવાં વર્તન જીવનપર્યંત એમને હાથે થશે જ એમ કહેવાય નહિ. એક એક શુભ વૃત્તિઓનો વિકાસ થઈ ગયા પછી જ્યારે એ એની સ્વાભાવિક મર્યાદા પર આવે ત્યારે દેશકાળને અનુસરતી વિવેકદૃષ્ટિને અનુકૂળ રહે; જો કે ત્યારે પણ તત્કાલીન લોકોની તે તે વૃત્તિની મર્યાદા કરતાં અનેકગણી અધિક જ રહે. ભિન્ન ભિન્ન પુરુષોની એ મર્યાદા તેમની પ્રકૃતિમાં રહેલી પ્રાણશક્તિને

અવલંબીને અને એકાદ વૃત્તિની વિશેષતાને લીધે જુદી જુદી હોય.

પા. ૨૬ नीलकंठनो स्वामी रामानंदजीने पत्र — મૂળ કાગળ નીચે મુજબ છેઃ

સ્વસ્તિ શ્રી ભુજનગર મહાશુભસ્થાને બીરાજમાન સ્વામી શ્રી રામાનંદજી રૂપી સુરજ ઉદય ભયા હે. વાકી સેવામેં ગામ લોજસે સેવક બ્રહ્મચારી નીલકંઠજી સરજુદાસજી કે દંડવત પ્રણામ વાંચોગે. વિશેષ લિખવા કારજ યોં હે કે હમ ઈશ્વરેચ્છાસે ચારોં ધામ કરકે અરુ દેશમેં આયા હે. ત્યાંહા તુમ્હારા નામ સુના કે પશ્ચિમદેશમેં જીવન્મુક્ત પ્રગટ હે. ફીર બનમેં ગોપાલ જોગી પાસ રહકે અષ્ટાંગ યોગ સિદ્ધ કિયો હે. ઉસ બખતમેં યહ જોગીને કહાથા કે ગિરનારકી છાંયમેં સિદ્ધ મિલેંગે. ફિર વાયુ ભક્ષ્યા કરકે બહુ દિન રહે હે, પરંતુ પ્રગટ કૃષ્ણકે દરશન ન હુવે. અબી શુદ્ધ ભૂમિ જાનકે યહાં રહે હે, તો આપ યહાં બીરાજકે હમકું પ્રગટ કૃષ્ણ મીલાઓ. હમ સુના હે કે ધારણામેં દરશન કરવાતે હો. તેસા સ્વામી મુક્તાનંદજી સે સુનકર યહ સાધુકો નિષ્કપટ જાનકે હમ રહરે હે. સ્વામીજી ઓર ભટ્ટજી કહે કે હમ યહાં બોલાવેંગે વાસ્તે યહાં રહે હે. ભટ્ટજી મયારામજીકો પઠાયે હે તો દોનુ પત્ર પઢ કર હમારે પર કીરપા કરેંગે. જેસે ચકોર ચંદકું ચહત હે, તેસે હમ તુમ્હારે દરશનકું ચહતે હે. તો તુરત દરશન દેહો; નહીં તો તુમ્હારી સેવામેં આવેંગે. સંવત ૧૮૫૬ ફાલ્ગુન વદી ૫ લીખ્યો હે. તુરત બાંચકે કરુના દષ્ટિ કરોગે. નહિ તો નહિ રહેવે. સ્વામી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી રામાનંદજીકું પહોંચે.

પા. ૨૭ रामानंद स्वामीना उद्गार—રામાનંદ સ્વામીએ જે અભિપ્રાયથી વાટ જોનાર આવ્યાનું કહ્યું, તે જ અભિપ્રાયથી નિષ્કુળાનંદ સ્વામી સમજ્યા કે કેમ એ સમજવું કઠણ છે. પણ જેમ પૂર્ણ સદ્ગુરુ દુર્લભ છે, તેમ જ મોક્ષને માટે આટલો પુરુષાર્થ કરનાર, વ્યાકુળતા રાખનાર અને આગળથી સાધનોની તૈયારી કરીને આવેલા શિષ્ય પણ દુર્લભ છે. અને એવા સાધક દેખાતાં આવી વૃત્તિ ગુરુને ફોડે તો એમાં નવાઈ નથી. નચિકેતા જેવો શિષ્ય પ્રાપ્ત કરી યમને પણ આવો જ સંતોષ થયો હતો.

श्रवणयाऽपि बहुभिर्यो न लभ्यः श्रृण्वन्तोऽपि बहवो यं न विद्युः ।
आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धाऽऽश्चर्यो ज्ञाता कुशलाऽनुशिष्टः ॥

* * *

नैषा तर्केण मतिरापनेया प्रोक्तान्येनैव सुज्ञानाय प्रेष्ठ ।
यां त्वमापः सत्यधृतिर्बताऽसित्वादृङ्नो भूयान्नचिकेतः प्रष्टा ॥*

(कठोपनिषत् १–२–७, ९)

અને જ્ઞાનેશ્વરે પણ શ્રીકૃષ્ણને મુખે સચ્છિષ્ય પ્રાપ્ત થવાથી ગુરુને કેટલો આનંદ થાય છે તે વિષે આવા જ ઉદ્ગારો કાઢ્યા છે.

---

* સાંભળવાને માટે પણ જે (અધ્યાત્મજ્ઞાનનો વિષય) બહુને મળતો નથી, સાંભળતાં છતાંયે ઘણા જેને જાણી શકતા નથી, એનો કુશળ કહેનારો મળવો એ આશ્ચર્ય (વિરલ) છે; અને એના કથનને સમજનારોયે આશ્ચર્ય છે તથા એવા કુશળ ગુરુથી ઉપદેશાયેલો જ્ઞાતા પણ આશ્ચર્ય છે. × × × હે પ્રિયતમ, સારી રીતે જ્ઞાન પ્રાપ્ત થાય એ હેતુથી બીજાએ બતાવેલી આ બુદ્ધિ તર્કથી પ્રાપ્ત થતી નથી. એ બુદ્ધિને તેં પ્રાપ્ત કરી છે, તું ખરેખર સત્યને ધારણ કરવાવાળો છે; હે નચિકેતા, તારા જેવો પૂછવાવાળો નહિ મળે.

પા. ૩૪ रघुनाथदास — એમ જણાય છે કે સહજાનંદ સ્વામીના અને રઘુનાથદાસના પક્ષ વચ્ચે તે વખતે કે પાછળથી એવી સમજૂત થયેલી કે, સહજાનંદ સ્વામીએ કૃષ્ણની ઉપાસના ચલાવવી અને રઘુનાથદાસે રામની ઉપાસના ચલાવવી. સ્વામી રામાનંદના વખતમાં તુલસી-રામાયણની કથા વધારે ચાલતી હશે એમ જણાય છે. સહજાનંદ સ્વામીએ શરૂઆતમાં નરનારાયણની ઉપાસનાને વધુ પ્રચલિત કરેલી માલૂમ પડે છે. પાછળથી તેમાં લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ વગેરે સ્વરૂપો પણ ઉમેરાયાં. 'સ્વામીનારાયણ' શબ્દ સ્વામી રૂપે નારાયણ નહિ, પણ સ્વામી અને નારાયણ એ બે નામોનો દ્વંદ્વ-સમાસ છે એમ કેટલાકનું કહેવું છે. એમાં સ્વામીનો અર્થ જુદે જુદે વખતે અને જુદા જુદા પક્ષવાળાઓ તરફથી જુદો જુદો થયો છે. શરૂઆતમાં 'સ્વામી' એટલે સ્વામી રામાનંદ, પાછળથી સ્વામી સહજાનંદ, અને હાલમાં શાસ્ત્રી યજ્ઞપુરુષ-દાસજીના પંથવાળા એનો અર્થ સ્વામી ગુણાતીતાનંદ કરે છે. ટૂંકમાં, જેમ નરનારાયણ, લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ વગેરે શબ્દ એક એક જોડી બતાવે છે તેમ તે ગુરુ અને નારાયણની જોડી બતાવે છે.

પા. ૪૬ कडक नियमन — આ વાત બે વસ્તુ બતાવે છે: (૧) સહજાનંદ સ્વામીનો પોતાના શિષ્યોને ચડાવવા માટે મહેનતની પરાકાષ્ઠા કરવાનો સ્વભાવ. સહજાનંદ સ્વામીનાં 'પ્રકરણો' એવાં ન હતાં કે જેમાં કેવળ શિષ્યોને જ કષ્ટ સહન કરવાનું હોય, જેટલું શિષ્યને હોય તેથી પોતાને કાંઈ વિશેષ જ હોય. (૨) વળી પોતાના શિષ્યમાં કોઈ વાતની કસર ન રહેવા દેવી એ ઇચ્છા પોતાને સ્વભાવભૂત છે એમ

એમણે કહ્યું છે. એ ઇચ્છાએ શરૂઆતમાં શિષ્યોને તીવ્ર શિસ્તમાંથી પસાર કરવા એમને પ્રેર્યો. પણ આગળ ઉપર અનુભવ પરથી જોયું હોવું જોઈએ કે બીજાની ઉન્નતિ કરવાના આપણો આગ્રહ અને ઉતાવળ કામમાં આવે છે જ એમ નથી. પોતાના જ અંતરમાંથી આત્મોન્નતિ માટે ઊઠેલી વ્યાકુળતા આકાશ પાતાળ એક કરવા જેટલો પુરુષાર્થ કરાવે; એ વ્યાકુળતા સહજાનંદ સ્વામીની કસણી કરતાં હજારગણી વધારે કસોટીને આનંદથી સ્વીકારી લે; પણ વ્યાકુળતાની એવી તીવ્રતા વિના ગુરુઆજ્ઞાથી સ્વીકારાયેલા અંકુશ કેટલાક વખત સુધી નિભાવી લેવાય, પણ એમાંથી એક દિવસની પણ છૂટી મળે ત્યારે ખૂબ હાશ થવા જેવું લાગે. જે વ્યાકુળતાથી સહજાનંદ સ્વામીએ ઘર છોડયું, પરિગ્રહ છોડ્યો, શરીર સૂકવ્યું, હઠયોગ સિદ્ધ કર્યો અને શાંતિ થાય ત્યાં સુધી સંતોને શોધવા માટે આખું હિંદુસ્તાન ફરી વળ્યા તે વ્યાકુળતા કોઈ બીજાનાં સૂચવેલાં વ્રત કે નિયમ ઉપજાવી શકે છે જ એમ નથી. અનુયાયીઓની ઓછી પાત્રતાને લીધે સંપ્રદાયના પ્રવર્તકોએ અનેકવાર પોતાના ઉપદેશને પાછળથી કેવળ સ્થૂળ ભક્તિ અને સ્થૂળ ધર્મનું રૂપ આપ્યું છે. એ પ્રમાણે સહજાનંદ સ્વામીએ પણ કહ્યું છે કે, અનેક જનને સમાસ થવા સારુ એમણે તપ અને વૈરાગ્યનો પક્ષ મોળો કરી ભક્તિની મુખ્યતા દર્શાવી છે. પણ જ્યારે કોઈ અત્યંત 'ખપવાળા' મુમુક્ષુ નજરે પડે ત્યારે સહજાનંદ સ્વામીને અત્યંત આનંદ થતો.

૫૧. ૧૧૭ **સ્વામીનારાયણીય જ્ઞાનમાર્ગ** — સહજાનંદ સ્વામીના સિદ્ધાન્તોનો વિચાર કરવામાં નીચેની વાતો પણ ધ્યાનમાં રાખવા જેવી છે :

૧. એમનાં વચનામૃતો ગુરુ-શિષ્ય વચ્ચેના એકાંતમાં થયેલા સંવાદો નથી, પણ ભરસભાની વાતો છે. સંભવ છે કે એમાં સામાન્ય સમાજને અનુકૂળ થાય એવી રીતે જ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ થયો હોય.

૨. વળી જુદા જુદા અનુભવો થાય તો પણ એક જ પ્રકારના શબ્દોની યોજના થઈ શકે છે. 'અહિંસા' શબ્દની પાછળ રહેલી ભાવના એ શબ્દ વાપરનાર વ્યક્તિઓમાંથી ભાગ્યે બે જણની સરખી હોય એમ બને. એવું ઘણા શબ્દોને વિષે છે. લેખક–વિવેચક માને છે કે અમુક વિષય મેં એટલો સ્ફુટ કર્યો છે કે એમાં હવે સમજફેર થવાનો સંભવ જ નથી. પણ એના જ અન્તેવાસી શિષ્યોમાં પણ પાછળથી એટલા મતભેદ દેખાઈ આવે છે કે એ વિવેચનનો મૂળ અર્થ શો હશે એ સમજી જ ન શકાય. જ્યાં એકના વિચારોનો બીજાએ સંગ્રહ કર્યો હોય ત્યાં આવી સમજફેર થવાનો સંભવ એથીયે વિશેષ છે. એટલે સહજાનંદ સ્વામીનાં વચનોની પાછળ રહેલો લક્ષ્યાર્થ એમણે એક રીતે ધાર્યો હોય અને શિષ્યો જુદી રીતે પણ સમજતા હોય.

૩. તત્ત્વજ્ઞાન વિષેના વાદના પ્રતિપાદનમાં બુદ્ધિપૂર્વક પણ કેટલોક ફેરફાર કરવામાં આવ્યો હોય એમ સંભવ છે. કેવળ વાદોના વિચારથી કોઈનું કલ્યાણ થયું નથી. શુષ્ક વેદાન્તથી અનેક જનો શુભ માર્ગથી પડી ગયા છે. શુદ્ધ ભાવનાવાન મનુષ્યને તત્ત્વજ્ઞાન શાન્તિ દેનારું થાય, પણ ચિત્ત વિષયવાસનાઓથી ભરપૂર હોય તેને વાદની ચર્ચા નાસ્તિક પણ બનાવી દે. જે વાદ એવી બેધારી તલવારનું કામ કરે છે તેમાં કાંઈ દોષ હોવો જ જોઈએ એમ માનવાને હરકત ન

હોય. એ જ પ્રમાણે જે વાદ મનુષ્યને કલ્યાણને માર્ગેથી પડવા નથી દેતો તે વાદમાં સત્યની કોઈ એક બાજુ વિશેષ સારી રીતે સમજાઈ હોય એમ પણ માનવાને હરકત ન હોય.

'શ્રીજીના પત્રો'માં કેટલાક અદ્વૈત મતને પોષનારા પત્રો છે, જ્યારે 'વચનામૃત'માં સામાન્ય રીતે અદ્વૈતનો નિષેધ છે, તેનું આ પણ કારણ હોઈ શકે. કેટલાંક વચનામૃતો સૂક્ષ્મ વિચારથી અદ્વૈત મતને પ્રતિકૂળ ન હોય એવાં પણ જણાય છે.

૪. બાકી તો, દરેક વાદ કોઈ ને કોઈ દિશામાં અધૂરા માલૂમ પડવાના જ. તત્ત્વજ્ઞાન એ વાદનો વિષય નથી એમ જાણતા છતાં જ્ઞાનીઓને પણ એને વાદનો વિષય કરવાનો મોહ થાય છે. જેમ દયાની લાગણીને લગભગ સર્વે ઓળખી શકે, પણ કદાપિ શબ્દોથી એની બરાબર વ્યાખ્યા રચી શકાય જ નહિ; છતાં એને વાદનો વિષય કરવા બેસીએ તો એ પરિચિત લાગણી પણ અપરિચિત જેવી થઈ જાય. તેમ જે તત્ત્વ સર્વત્ર પ્રસિદ્ધ અને સર્વેને સુપરિચિત છે તે (જેમ વાસનાથી તેમ) વાદથી એટલું ઢંકાઈ ગયું છે કે કોઈ પણ વાદથી એ પ્રાપ્ત થઈ શકશે એમ આશા રાખવી, અને જમીનમાં છિદ્ર પાડી અમેરિકા ભણી નીકળવાની આશા રાખવી, એ બન્ને બરાબર છે.

૫. છતાં વાદને અને અનુભવને સંબંધ નથી એમ કહેવાનો આશય નથી. વાદને કહેનારો નહિ, પણ વાદને રચનારો જરૂર કોઈક પોતાના અનુભવને સયુક્તિકપણે સમજાવવા માટે જ વાદ રચે છે. આ રીતે દ્વૈત, વિશિષ્ટાદ્વૈત, અદ્વૈત, શુદ્ધાદ્વૈત, દ્વૈતાદ્વૈત વગેરે સર્વે વાદો અને એ વાદોનાયે

નિરનિરાળા છાયાભેદો એને રચનારાની ભૂમિકાનું કાંઈક ભાન કરાવે છે. કેવળ વાદી તો એ ભૂમિકાને ઓળખીયે ન શકે, પણ કિંચિત્ અનુભવી એ ભૂમિકાને ઓળખે છતાં એકના ઉપર જ હમેશાં સ્થિર રહે એવું ન બને (અથવા સ્થિર થયા પહેલાં વારંવાર ઊંચીનીચી ભૂમિકા પર આવે). તેથી વાદગૃહીત નહિ પણ અનુભવની કથનસમયની ભૂમિકા પણ તત્ત્વજ્ઞાનના વિવેચનમાં ભાગ ભજવે છે.

આ રીતે સહજાનંદ સ્વામી કહે છે તેમ "જ્યારે મુમુક્ષુ પ્રથમ ગુરુ પાસે આવે, ત્યારે વક્તા જે ગુરુ તેને વિષે દેશ, કાળ, સંગ, દીક્ષા, ક્રિયા, મંત્ર, શાસ્ત્રાદિકનું જે શુભ અશુભપણું તથા પોતાની જે શ્રદ્ધા તેનું જે મંદ તિક્ષણપણું તેણે કરીને (જ્ઞાનમાં) એવા ભેદ પડી જાય છે; માટે સારા દેશાદિક સેવવા તથા વક્તા પણ સુધો શાંત હોય, ને તેમાં કોઈ દોષ ન હોય તે સમે તે થકી જ્ઞાન સાંભળવું."

(લોયા ૧૨)

હવે, સ્વામીનારાયણીય જ્ઞાનમાર્ગમાં બે પ્રકારનું નિરૂપણ જણાય છે: એકને તાત્ત્વિક અને બીજાને (કોઈ વિશેષ સૂચક શબ્દને અભાવે) પૌરાણિક કહી શકાય. પુરુષ, પ્રકૃતિ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર ઇત્યાદિ સાંખ્ય તત્ત્વોનું પૃથક્કરણ અને નિરૂપણ એ બહુધા તાત્ત્વિક અથવા પુરાણમિશ્રિત તાત્ત્વિક છે. પણ એ તત્ત્વોના અને જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના નિરૂપણમાં અને પરમાત્માના 'રાજ્યબંધારણ'માં પૌરાણિક પદ્ધતિનું કથાનક છે. પુરુષ અને પ્રકૃતિ અથવા મૂળપુરુષ અને મહામાયા વિષેનું વિવેચન વાંચતાં એ

તત્ત્વો* છે એવો ખ્યાલ નથી થતો, પણ એ કાંઈ દૂર રહેનારાં આપણાં સંસારી નરનારીનાં જોડકાં જેવાં — કુટુંબો છે, અને બીજાં તત્ત્વોનાં 'જેમ માતાના ઉદરમાંથી બાળક નીકળે છે તેમ' સંસારી પદ્ધતિએ જનક જનની છે. તે જ પ્રમાણે અક્ષરધામવાસી પુરુષોત્તમ એ ધર્મસમ્રાટરૂપે દર્શન દે છે; અને મૂળપુરુષ, મહામાયા, પુરુષ, પ્રકૃતિ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઇન્દ્રાદિક દેવો એ વાઇસરૉય, ગવર્નર, કમિશનર, કલેક્ટર, મામલતદારના સ્થાને છે, અને જેવું આ જગતમાં મનુષ્યો રાજ્યબંધારણ રચે છે, તેને જ મળતું એનું દિવ્ય રાજ્ય છે એવી કલ્પના થાય છે. અર્થાત્ આ ભાગમાં વિજ્ઞાન-તત્ત્વજ્ઞાન થોડું છે, અને કાવ્યકલ્પના વધારે છે.

આ નિરૂપણમાં બાહ્ય દૃષ્ટિ વિશેષ છે. સહજાનંદ સ્વામીએ કોઈક પ્રયોજનવશાત્ એનો ઉપયોગ કરેલો માલૂમ પડે છે; પણ એમણે પોતે જ બાહ્ય દૃષ્ટિની સમજણને મિથ્યા કહી છે. અંતર્દૃષ્ટિએ જોતાં તો અક્ષરધામ — પુરુષોત્તમ — પુરુષ — પ્રકૃતિ તત્ત્વો એક નખ જેટલાં પણ છેટે નથી; એ ધામમાં જવાપણું નથી અને એમાંથી આવવાપણું નથી. એનો નિવાસ હૃદયમાં જ છે, અને એ દેહત્યાગ બાદ પ્રાપ્ય નથી, પણ દેહ છતાં જ પ્રાપ્ય છે. (અથવા પ્રાપ્ત કહીએ તો પણ ચાલે.)

---

* તત્ત્વ શબ્દ પણ બહુ અચોક્કસ અર્થોમાં વપરાય છે; લક્ષણ, સિદ્ધાન્ત (principle), વિશેષ (નૈયાયિક) પદાર્થ (elements), ધર્મ (attribute), અવસ્થા (state) વગેરે વિવિધ ભાવો તત્ત્વ શબ્દથી દર્શાવાય છે. મેં પણ અહીં એને અચોક્કસપણે વાપર્યો છે.

પા. ૧૨૦ सगुण-निर्गुण — નિર્ગુણ શબ્દ અદ્વૈત વેદાન્તની પરિભાષામાં કિંચિત્ જુદા અર્થમાં વપરાય છે. મને પોતાને નિર્ગુણ શબ્દની યોજના જ બરાબર નથી લાગતી. ગુણાશ્રય, ગુણાધાર, ગુણબીજ, ગુણકારણ, ગુણાભાસ (ગુણનો આભાસ જેના ઉપર છે), ગુણશક્તિ, એ શબ્દો વિશેષ અર્થસૂચક લાગે છે. પણ એ વિષે અહીં ચર્ચા કરવાની જરૂર નથી.

આ લેખકનાં અન્ય પુસ્તકો

જીવનશોધન	૧—૦—૦
વિદાય વેળાએ	૦—૮—૦
ગાંધીવિચારદોહન	૦—૮—૦
ગીતાધ્વનિ	૦—૧—૬
નામાનાં તત્ત્વો	૨—૮—૦
કેળવણીના પાયા	૧—૦—૦
ઈશુખ્રિસ્તનું જીવન	૦–૧૦—૦
ગીતામન્થન	છપાય છે

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

ગાંધીજીનાં પુસ્તકો

આત્મકથા (સચિત્ર આવૃત્તિ પાકું પૂઠું)	૧—૦—૦
ખરી કેળવણી	૦-૧૨—૦
કેળવણીનો કોયડો	૧—૦—૦
ધર્મમંથન	૦-૧૨—૦
વ્યાપક ધર્મભાવના	૦-૧૪—૦
અહિંસા	૦—૮—૦
ગોસેવા	૦—૫—૦
વર્ણવ્યવસ્થા	૦—૬—૦
અનાસક્તિયોગ	૦—૨—૦
गीतापदार्थकोष	૦—૪—૦
મંગળપ્રભાત	૦—૧—૦
આશ્રમવાસી પ્રત્યે	૦—૨—૦
દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ ભા. ૧-૨	૧-૧૨—૦
યેરવડાના અનુભવ	૦-૧૨—૦
ગામડાંની વહારે	૦—૧—૦
હિંદ સ્વરાજ્ય (હસ્તાક્ષરમાં ખાદીનું પૂઠું)	૧-૧૨—૦
(સાદું પૂઠું)	૧—૪—૦
ગાંધીજીનું નવજીવન (ચાર ભાગ)	૧૧—૦—૦
'નીતિનાશને માર્ગે'	૦—૪—૦
ત્યાગમૂર્તિ અને બીજા લેખો	૦-૧૨—૦

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

હાથબનાવટનો કાગળ